



આવતી કાલના નાગરિકો
ઘડતું આજનાં ઘરોનું એકલું
માસિક ◊ વર્ષ ચોવીસમું ◊
અંક દસમો ◊ ઓક્ટોબર
ઓગણીસસો સુડતાલીસ ◊
સળંગ અંક બસો છયાશીમો

કુમાર

૨૮૬

સંસ્થાપક
રવિશંકર
રાવળ


તંત્રી બચુભાઈ રાવત



ચિત્રકાર · કૃષ્ણલાલ ભટ્ટ

શ્રી અરવિંદ આશ્રમ-પોંડીચેરી-માંથી, આપણા સુખ્યાત કવિ સુન્દરમ્‌ના તંત્રીપદ નીચે, શ્રી અરવિંદના જીવનદર્શનનું અનુશીલન કરતા, નવા પ્રકટ થએલા ત્રૈમાસિક 'દક્ષિણા'નું મુખચિત્ર.

(કલાકાર તથા 'દક્ષિણા'ના સૌજન્યથી)



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત.
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છૂટક નકલના બાર આના.



અહીં જે સંજ્ઞાઓ દર્શાવી છે, તે દેશમાં જ્યાં જ્યાં તે પાક તથા ખનિજો થાય છે ત્યાં ત્યાં નકશામાં દર્શાવી છે. એકથી વધુ પાક તથા ખનિજો જ્યાં થતાં હોય ત્યાં તે ઉપરાઉપરી મૂકીને દર્શાવ્યાં છે. દા. ત. ગુજરાતમાં ઘઉં-બાજરી, કપાસને તમાકુની સંજ્ઞાઓ ઉપરાછાપરી આલેખી છે.

છતી સમૃદ્ધિએ ગરીબી!

હિંદની ખેતીજન્ય તથા ખનિજની સમૃદ્ધિ બતાવતા આ નકશામાં આપણા દેશનાં ઘઉં, ચોખા, બાજરી વગેરે પોષક ધાન્ય તેમજ કપાસ, શણ, તમાકુ આદિ સમૃદ્ધ પાક કયા-કયા પ્રાંતમાં થાય છે ને તેમજ કોલસો સોનું મૅંગેનીઝ જેવાં ખનિજોથી આપણો દેશ કયાં-કયાં સ્થાનોમાં સમૃદ્ધ છે તે દર્શાવ્યું છે.

હિંદ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ હોવા છતાં તેની સમગ્ર જનતાને પહોંચી રહે તેટલાં ધાન્ય તે પકવતું નથી એ હકીકત આશ્ચર્ય સાથે ખેદ ઉપજાવનારી છે. હિંદમાં દર વર્ષે ૬૧૦ લાખ ટન અનાજ પાકે છે જેમાંથી ૧૨॥ ટકા બગાડ તથા બીના જતાં આપણી પાસે ૫૩૨॥ લાખ ટન રહે છે. પણ આપણી જરૂર છે ૬૧૧ લાખ ટનની; એટલે કે ૭૮॥ લાખ ટન અનાજની તૂટ આપણને દર વર્ષે પડે છે.

આ ખોટ પૂરી પાડવા આપણને પરદેશથી અનાજ આયાત કરવું પડે છે. ગયે વર્ષે ૨૫ લાખ ટન અનાજ આપણે પરદેશમાંથી આયાત કર્યું હતું. આ વરસે પહેલા છ મહિનામાં મળી ૧૧॥ લાખ ટન અનાજ આપણે લાવ્યા છીએ. આની પાછળ આપણે અત્યારસુધી ૭૭ કરોડ રૂપિયા ખરચી ચૂક્યા છીએ. અને આમ જો દર વર્ષે આપણે અનાજ લાવવા પાછળ પૈસાનો ધુમાડો કર્યા કરીએ તો જતે દહાડે દેશને દેવાળું કાઢ્યા સિવાય બીજો કોઈ રસ્તો ન રહે.

હિંદને અનાજની બાબતમાં સ્વયંપૂર્ણ-સ્વતંત્ર બનાવવા સિવાય આ વિનાશમાંથી ઊગરવા માટે બીજો કોઈ માર્ગ નથી. અને આટલો વિરાટ ભૂમિપ્રદેશ ધરાવતા હિંદને એવો સ્વયંપૂર્ણ બનાવવો એ કંઈ બહુ મુશ્કેલ વાત પણ નથી. ઉપરના નકશાને ગથાળે ડાબે ખૂણે મૂકેલો આલેખ બતાવે છે તે મુજબ આપણી કુલ ૧ અબજ વીઘાં જમીનમાંથી ૩૬ કરોડ વીઘાં જમીન જ આજે ખેડાય છે. જ્યારે ૨૫ કરોડ વીઘાં ખેડી શકાય તેવી જમીન એમ ને એમ પડી રહી છે. તે પડી રહેલી જમીનનો ઉપયોગ કરવો એ એક માર્ગ. બીજો રસ્તો છે, જે જમીન ખેડાય છે તેમાં જ અનાજનું ઉત્પાદન બમણું-ત્રણગણું કરવું. હિંદમાં દર એકરે ૮૦૦ રતલ ચોખા પાકે છે, જ્યારે જાપાનમાં ૨૩૦૦ રતલ! હિંદમાં ઘઉં દર એકરે ૬૯૦ રતલ પાકે છે જ્યારે ઇંગ્લંડમાં ૨૦૦૦ રતલ! આ આંકડા જ બતાવી આપે છે કે હિંદમાં હજુ દર એકરે અનાજનું ઉત્પાદન ઘણું વધારી શકાય. તે માટે ખેડૂતોને ગણલખ પાણી, યોગ્ય ખાતર, ઉત્તમ બી તથા ટ્રૅક્ટર, પંપ ઈત્યાદિ આધુનિક સાધનોનો ભરપૂર પૂરવઠો મળવો જોઈએ. આ જો થાય તો હિંદનું ઉત્પાદન આસાનીથી ૧૩૦ ટકા જેટલું વધારી શકાય. પછી હિંદને પરદેશ પર અનાજ માટે આધાર રાખવો નહિ પડે. પણ એવો દિવસ ઊગે તે માટે સરકારે એક ગંભીર યોજના આંકીને તે મુજબ ઝડપી પગલાં લેવાં જોઈએ.

કુમાર
આવતી કાલનાં નાગરિકોનું માસિક ∞ વર્ષ ચોવીસમું · અંક દસમો
ઑક્ટોબર ૧૯૪૭

સ્વાધીનતાના મહિનાઓ

(સ્રગ્ધરા)

આનંદે છે મયૂરો જનગણમનના હિંદની કુંજકુંજે,
ગાજે ગંભીર મેઘો, રસભર વસુધા પાકની આશ દે છે;
ઊભા સ્વાધીન સહુ સ્નાણ હૃદયનો **શ્રાવણે** એમ જાણી,
હર્મ્યેહર્મ્યે હસે છે પ્રમુદિત પુરમાં સ્રગ્ધરા સુંદરીઓ. ૧

(ઉપજાતિ)

પાકે ભર્યાં ખેતર પાકવાને,
નાખો હજો **ભાદ્રપદે** ભલેને;
પ્રતાપથી પૂર્ણ પ્રદેશ જ્હોશે
સંઘર્ષ પામી ઉપજાતિઓનો ? ૨

(શિખરિણી)

શશીની શોભામાં પુલકિત નિશામાં જગતની
વિશાળી શેરીમાં રમત રમવી **આશ્વિન** તણી;
ભરીને ઉત્સાહે હૃદય દશમીએ ઉજવવી,
રમા, વિદ્યામાંથી પ્રકટિત દિવાળી **શિખરિણી.** ૩

(અનુષ્ટુભ)

ધાન્યથી પૂર્ણ કોઠારો, જળે પૂર્ણ જળાશયો,
કાર્તિકેયે કરી શ્લોકે તારકાસુર ડારવા. ૪

(માલિની)

દુઃખદ પવન સામે રક્ષવા સદ્મ સારૂં,
વસન અશન પામ્યાં બાળનું સ્વાસ્થ્ય ચારૂ;
સ્મિતયુત પતિ સાંજે સુંદરી તો સુણી છે,
સ્થિર રતિ ક્યમ પામે માલિની **માર્ગશીર્ષે** ? ૫

(શાર્દૂલવિક્રીડિત)

છે સારી વસુધા સદા યનગને ઉત્સાહથી એમની;
પોષે પૂર્ણ ઉમંગથી શરીરને પ્રત્યંગમાં પાથરી,
તાજા પ્રાણતણો પ્રસાર નિરખે સિદ્ધિ જિતાવા ઊભી
એકેએક યુવાન હિંદભરમાં શાર્દૂલવિક્રીડિતે. ૬

(શાલિની)

થંડા વાતે ધ્રૂજતાં તાપવાની
સામગ્રી ને દૂધ ઘી આપવાની
શીરાવાને બાળકોને સવારે
માઘે શક્તિશાલિની હિંદ નારી. ૭

(દ્રુતવિલંબિત)

લલિત કોમળ પત્ર ફુલે લસે,
તરુવરો અલિગુંજન આદરે;
મુદભર્યાં નરનાર્ય ગૃહેગૃહે
દ્રુતવિલંબિત ઉત્સવ **ફાલ્ગુને.** ૮

(વસંતતિલકા)

સૌભાગ્યનો પરમ મંગલ સ્વાદ લેવા,
પીયૂષ શા અનુભવે જગ તૃપ્ત થાવા,
મીઠી સુગંધ નવ સંસ્કૃતિની વહાવો,
ચૈત્રા વસંતતિલકા નવયૌવનશ્રી. ૯

(હરિણી)

તરલ પગલે કૂદી, **વૈશાખ**તાપ નિવારવા,
સરસ વનના પ્રાંતે મધ્યાહ્ન શીતળ ગાળશે;
સબળ મૃગના સાચા નેતૃત્વમાં રહી સંઘમાં,
હરિણી જનતા પ્હોંચી ધાર્યાં સ્થળે સુખ પામશે. ૧૦

(વંશસ્થ)

પ્રકાશના પુંજ વડે છવાય છે
લાંબા દિનો, છે રમણીય રાત્રિઓ;
સુપાકયત્ને મચતા કૃષીવલો
ન **જેષ્ઠ** વંશસ્થ સમુન્નતિ ત્યજે. ૧૧

(પૃથ્વી)

ધરી વિજળીસૂત્રને અજિન મેઘ **આષાઢ**માં,
અલંકૃત યુવાનને પરમ મંત્ર ઉચ્ચારવા;
સુસંસ્કૃત સમૃદ્ધ આ સબળ હિંદકેરી પ્રજા,
રમો થઈ ઋતંભરા સકળ પોષિણી પૃથ્વીમાં. ૧૨

સવાઈલાલ ઈ. પંડ્યા

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં મહિનાઓ, વારો અને તિથિઓનાં કાવ્યો લખવાની પરંપરા તો જાણીતી છે. એ ઢબે આ કાવ્યમાં વિવિધ વૃત્તોમાં જુદાજુદા મહિનાઓનાં સૂચન સાથે સ્વાધીન ભારતની મંગલ કામનાઓ તથા સંદેશ ગૂંથ્યા છે અને સ્થળેસ્થળે મહિનાઓ તથા વૃત્તોનાં નામોના શ્લેષો દ્વારા કાવ્ય-ચમત્કાર સાધેલો છે.

સાંપ્રતનું આયુ

· ઝૂલણા ·

ભાવિનો કૂપ ખોદાય ને કાંપથી ભૂત-મેદાન સમૃદ્ધ બનતું,
ત્રિકમનો ઘા પડે તેટલી વાર તો માંડ સાંપ્રત તણું આયુ ટકતું!

દેવજી શા. મોઢા

સ્વાતંત્ર્યની સફળતા માટે આપણે મોં વકાસીને આપણા નેતાઓ સામે નહિ પણ આપણી જાત સામે જ જોવાનું છે

મનન

જેની આપણે છેલ્લાં દોઢસો વર્ષથી ઝંખના કરતા હતા તે સ્વાતંત્ર્ય તો આવી ગયું. પણ આગળ શું? શું આપણને સ્વાતંત્ર્ય માત્ર તેના નામ ખાતર જ જોઇતું હતું? અલબત્ત, નહિ જ. આપણને સ્વાતંત્ર્ય જોઇતું હતું પ્રગતિ માટે—આબાદી માટે. પ્રગતિ એટલે માત્ર રાજકીય પ્રગતિ નહિ. પણ પ્રજાનાં આરોગ્ય અને શિક્ષણ, ઉદ્યોગ ને ખેતીવાડી, સાહિત્ય ને વિજ્ઞાન ઇત્યાદિ સર્વ ક્ષેત્રમાં પ્રગતિ. આ પ્રગતિનો આધાર આપણા મુઠ્ઠીભર નેતાઓ શું કરે છે તેના પર આંખ માંડીને બેસી રહેવાથી નથી સધાવાની, પણ સમાજની દરેક વ્યક્તિ—પછી તે રસ્તો સાફ કરનાર અદનો ઝાડુવાળો હોય કે બુદ્ધિમાન ડૉકટર હોય, મોટો પ્રધાન હોય કે ઑફિસનો મામૂલી પટાવાળો હોય, તે દરેક પોતપોતાની રીતે સજાગ થઈને સમજપૂર્વક પોતાનું કર્તવ્ય પાર પાડવા મચી પડે તે ઉપર અવલંબે છે.

આ દૃષ્ટિથી આપણામાંના દરેકનું શું કર્તવ્ય છે તથા દરેકે આજથી શું કરવા માંડવું જોઇએ સમજવાનો પ્રયત્ન કરીએ.

વિદ્યાર્થી: નક્કી કરેલા વિષયોની ગોખણપટ્ટી કરીને, ઓછામાં ઓછી મહેનતે પરીક્ષા પાસ કરવી એ ઘરેડિયું ધ્યેય હવે તમારે છોડી દેવું જોઇએ અને પ્રગતિમય સંસારના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવા બૌદ્ધિક શ્રમની પરાકાષ્ઠા કરવી જોઇએ. ઉપરાંત, બને તેટલો વધુ શારીરિક શ્રમ કરી તમારી જાતને ખડતલ ને મજબૂત બનાવો. દેશની કોઇ પણ જાતની સેવા માટે તત્પર, આત્મવિશ્વાસથી છાતી કાઢીને ચાલતો તથા શિસ્તની મૂર્તિ સમો વિદ્યાર્થી આજે દેશને જોઈએ છે.

શિક્ષક: દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવાની મહાન જવાબદારી તો તમારે શિરે છે. દેશને ઉપયોગી થઇ પડે તેની દૃષ્ટિ, બુદ્ધિ તથા ધ્યેય-પ્રણાલિ વિદ્યાર્થીને આપો. વિદ્યાર્થીને શિસ્તથી વર્તવાની ટેવ પડે એ તમારે ખાસ જોવાનું છે. પૈસા ખાતર જ તમે નોકરી નથી કરતા, પણ તમારી કામગીરી દ્વારા દેશની જીવતી સમૃદ્ધિ રૂપ આવતી કાલના નાગરિકો સર્જવાની મહત્ત્વની સેવા બજાવી રહ્યા છો એવી જવાબદારીભરી ભાવનાનું ગૌરવ હૈયે રાખીને કામ કરો.

ખેડૂત: આજે (અને હંમેશ માટે) હિંદના પ્રાણ તો તમે છો. તમારી શક્તિઓની પરાકાષ્ઠા કરીને પણ અનાજનું ઉત્પાદન વધારો અને દુકાળના મુખમાં ઘસડાઇ જતા હિંદને બચાવો. બની શકે ત્યાં નવાં યાંત્રિક સાધનો તથા ખાતરોનો ઉપયોગ કરીને તથા વિજ્ઞાને શોધેલાં સાધનો ને સગવડોનો સમજપૂર્વક લાભ લઈને મબલખ પાક ઉતારો. દેશની આજની કટોકટીની પળે જરૂર કરતાં વધારે અનાજ સંઘરી ન રાખતાં તે દેશને આપો જેથી હજારો ભૂખે મરતાં માણસો બચી જાય.

ઉદ્યોગપતિ: મજૂરોને નીચોવીને કેવળ નફો કરવાની દૃષ્ટિ રાખી ઉદ્યોગો ચલાવવાની નીતિ હવે નહિ ચાલે. ઉત્પાદનકાર્યમાં મજૂરોને પણ જવાબદાર ભાગીદાર સમજીને ઉદ્યોગના નફામા તેના કલ્યાણનો પણ હિસ્સો રાખો. મજૂરોને યોગ્ય પગાર, મોંઘવારી તથા રહેવા-ખાવાની ઉત્તમ સગવડો આપો.

મજૂર: ખાસ અનિવાર્ય જરૂર ઊભી થાય તે સિવાય હડતાળનું શસ્ત્ર વાપરતા નહિ. કોઇપણ ઔદ્યોગિક કલહનું નિરાકરણ સમાધાન-સમજાવટથી અગર છેવટે લવાદ દ્વારા કરો. કારખાનાંનું કામ નકુટકે પતાવી દેતા હો એવી વેઠ ઉતારીને કામ ન કરતાં માલનું ઉત્પાદન કેમ વધે તથા તમારી કાર્યપ્રવીણતા કેમ ઊંચી થાય તે તરફ વધુ ધ્યાન આપો.

યુવાનો: જેમ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં તમે મોખરે રહ્યા હતા તેમ હવે સ્વાતંત્ર્ય-સંરક્ષણના કાર્યમાં પણ તમારે જ અગ્ર ભાગ લેવાનો છે. દેશને આંતરિક તેમજ બહારના શત્રુઓથી બચાવવા જેમ બને તેમ મોટી સંખ્યામાં ભરતી થાઓ. આપણી સરકારના એકેએક વહીવટી ખાતામાં, પોલીસમાં તેમજ લશ્કરમાં શક્તિશાળી માણસોની ખૂબ જરૂર છે.

સરકારી નોકરો: તમારું જૂનું દૃષ્ટિબિંદુ હવે પલટાઈ જવું જોઇએ. તમે જનતાના 'સેવકો' છો, 'માલિક નહિ', એ ભાવનાથી લોકો સાથે વર્તો. તમારી ખરી યોગ્યતા તમારી સેવાવૃત્તિ પર અવલંબે છે. આજસુધી પરદેશી સરકારનાં પ્યાદાં બનવાને કારણે લોકોમાં તમારે વિષે જે શંકા, ભય અને તિરસ્કાર પેસી ગયાં છે તે તમારા વિવેક અને સૌજન્યભર્યાં વર્તાવથી દૂર કરો. લાંચરૂશ્વતની જે કાળી ટીલી તમારે કપાળે ચોંટી છે તે પ્રામાણિક વર્તનથી ધોઈ નાખો.

લેખક: અંગ્રેજો હિંદ છોડીને તો ગયા, પણ તેમણે આપણી સંસ્કૃતિ, આચાર-વિચાર તથા મન ઉપર જે પાશ્ચાત્ય સંસ્કારો પાડ્યા છે તે ધોઇ નાખી ફરી આપણા ભારતીયત્વને પ્રગટ કરવાનું કાર્ય લેખકોનું છે. જનતાને પોચું, નમાલું તથા વિલાસ તરફ પ્રેરે તેવું સાહિત્ય ન પીરસતાં તેને ઉન્નતિ તથા પુરુષાર્થ તરફ લઈ જાય તેવું તેજસ્વી સાહિત્ય નિર્માણ કરવાની આજે જરૂર છે.

પત્રકાર: તમારી શક્તિ ખૂબ જ મોટી છે. તમે તો સમાજના ગુરુસ્થાને છો. કેવળ વિધ્વંસક ટીકાઓનાં ખાબોચિયાંમાં પુરાઇ ન રહેતાં નવા યુગની જનતાને યોગ્ય શિક્ષણ તથા માર્ગદર્શન આપો. કોઇપણ એક પક્ષનાં કે માત્ર સરકારનાં જ ચશ્માંમાંથી ન જોતાં તમને પોતાને જે શુદ્ધ સત્ય લાગે તે નિર્ભય રીતે કહો. આજે જનતાની વાચનભૂખ ઊઘડી છે તે વખતે તેને માત્ર સનસનાટીના મરીમસાલાવાળું અથવા ગેરરસ્તે દોરે તેવું તકલાદી કે વિકારી સાહિત્ય ન પીરસતાં પ્રજાનો તંદુરસ્ત અને પ્રફુલ્લ માનસદેહ ઘડે તથા તેને પ્રગતિના રચનાત્મક કાર્યમાં પ્રેરે તેવું સત્ત્વશીલ વાચન આપો.

કલાકાર: તમારી પ્રતિભાને પ્રચારવેડાના કે અન્ય કોઈપણ પ્રકારના બંધનમાં ન જકડાવા દેતાં મુક્ત હસ્તે ભારતના પ્રતિભાશાળી આત્માના આવિષ્કરણનું મહાન કાર્ય ચાલુ રાખો. કોઈપણ એક તત્ત્વપ્રણાલિ કે પક્ષના અંધ પૂજક ન બનતાં વિશાળ જનતા સાથે તાદાત્મ્ય અનુભવી કલાનિર્માણ કરો.

જનતા: હવે સરકાર તમારી જ હોવાથી નાની કે મોટી દરેક બાબતમાં સરકારને દોષ ન દેતાં તેમની અડચણો સમજવા પ્રયત્ન કરો. અંગ્રેજો તો આપણને 'બળતું ઘર કૃષ્ણાર્પણ' કરીને ગયા. તેને વ્યવસ્થિત કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે અને તે માટે થોડાંક વર્ષો તો તમારે ફાળે લોહી, પરસેવો અને આંસુ' સિવાય બીજું કશું નહિ આવે. પણ એ બધું બહાદુરીથી જીરવવું પડશે.

'હિંદને સ્વાતંત્ર્ય તો મળ્યું પણ તે પચાવવા માટે હિંદ નબળું નીવડ્યું'


અથવા

'હિંદને સ્વાતંત્ર્ય મળ્યું અને તે જીરવીને વૈભવશાળી બન્યું'

આ બેમાંથી કઈ બીના ઇતિહાસમાં નોંધાવવી તે સંપૂર્ણપણે આપણા સૌના પોતાના જ હાથ છે.

પ્રોફેસર અબ્દુલ બારી

**પોલીસોના અનવરત લાઠી માર વડે
પોતાના મજબૂત દેહનું બખ્તર બનાવીને
રાજેન્દ્રબાબુના શરીરને રક્ષનાર
અને '૨૧નાં હુલ્લડો વખતે એક માત્ર તલવાર લઇ
એકલે હાથે પાંત્રીસ ગામડાંનું રક્ષણ કરનાર
એક પોલાદી યુવાને માતાના આદેશને માથે ચડાવીને
ઊજળી આવકની પ્રોફેસરી છોડી
લોકસેવાની ફકીરી લીધી
અને બહારની મજૂર તથા ખેડૂત જનતામાં તે
બાળકોના વત્સલ પિતા, યુવાનોના ઉદાર ભાઈ
અને વૃદ્ધોના હમદર્દ સેવક બનીને જીવ્યા અને મર્યા.**


ફોટો - રેડો સ્ટુડિયો - પટણા

૧૯૩૦ની એ સાલ હતી. આખા હિંદમાં સત્યાગ્રહનાં મંડાણ થયાં હતાં. ઠેરઠેર સભા-સરઘસો કરી જનતા સરકારના કાયદાને ઠોકરે ફગાવી રહી હતી. સરકારે પણ લોકોના જુસ્સાને કચડી નાખવા પોતાની પાશવી લીલા શરૂ કરી દીધી હતી. લાઠીમાર ને ગોળીબાર તો રોજિંદા બની ગયા હતા.

બિહારમાં પણ દેશગૌરવ રાજેન્દ્રબાબુના નેતૃત્વ નીચે બીહપુર ગામે સત્યાગ્રહની જ્યોત ઝળહી ઊઠી હતી. સરકારી કાનૂનનો ભંગ કરી ત્યાં મોટું સરઘસ નીકળ્યું. મોખરે હતા રાજેન્દ્રપ્રસાદ. સરઘસ બજારમાં આવ્યું ત્યાં સામેથી પોલીસોની પલટણ આવી અને બેફામ લાઠીમાર શરૂ થયો. નોકરશાહીના એ પ્યાદાંઓ ઊંધું ઘાલીને એ નિઃશસ્ત્ર પ્રજા પર લાઠીઓ ઝીંક્યે જતા હતા. અસ્વસ્થ તબિયતવાળા રાજેન્દ્રબાબુના માથા પર એક સજ્જડ ફટકો પડ્યો અને તે જમીન પર ઢળી પડ્યા. છતાં પણ તેમના પર લાઠીના પ્રહારો ચાલુ જ હતા. એટલામાં વીજળી વેગે એક કદાવર યુવાને રાજેન્દ્રબાબુના શરીર પર કૂદી પડી પોતાની કાયાથી તેને ઢાંકી દીધું અને પોલીસોની લાઠીઓનો બેફામ માર પોતાના શરીર પર ઝીલવા લાગ્યો. અનવરત લાઠીમારથી તેનું આખું શરીર લોહીલુહાણ થઈ ગયું. પણ ત્યાંથી એ એક તસુ પણ ન હટ્યો અને રાજેન્દ્રબાબુને બચાવી લીધા.

એ બહાદુર યુવાન તે બિહારના મુસ્લિમ પ્રોફેસર અબ્દુલ બારી.

બિહારના મજૂરો તથા ખેડૂતોના એકમેવ નેતા, કોંગ્રેસના સાચા સેવક, ગાંધીજીના પ્રખર અનુયાયી તથા બિહાર કૉંગ્રેસ કમિટિના પ્રમુખ શ્રી અબ્દુલ બારીનું સ્થાન બિહારમાં અજોડ હતું. ગઇ તા. ૨૮ મી માર્ચે તેમનું ખૂન થવાથી બિહારને જે ન પૂરી શકાય તેવા મહાન ખોટનો કારી ઘા પડ્યો છે તેની કળ કદી નહિ ઊતરે.

પ્રોફેસર બારીનો જન્મ ૧૮૯૨માં બિહારના શાહબાદ જિલ્લામાં આવેલા કોઇલબાર ગામમાં ગરીબ ખેડૂત કુટુંબમાં થયો હતો. સત્તાવનના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં અંગ્રેજોને હિંદની ભૂમિ પરથી હાંકી કાઢવામાં વીર કુંવરસિંહને મોટી મદદ કરનારા ખાનદાન કુટુંબમાં બારીની માતા જન્મેલી હોવાથી, નાનપણથી જ તેણે પુત્રમાં સ્વદેશ-ભક્તિના સંસ્કાર રેડ્યા હતા. ૬ ફૂટ ઊંચાઈના કદાવર શરીર સાથે ગાઢ બુદ્ધિમત્તા ધરાવનાર એ યુવાન અબ્દુલે અભ્યાસમાં ઝડપી પ્રગતિ કરીને સન ૧૯૨૧માં એમ. એ. પાસ કરી અને પટણાની બી. એન. કૉલેજમાં પ્રોફેસર તરીકે નીમાયા. આ વાતની તેમની તેજસ્વી માતાને ખબર પડતાં તેણે પુત્રને સંદેશો મોકલ્યો, 'બેટા, સરકારી કૉલેજમાં નોકરી કરવાનું તારું કામ નથી. તારે તો ફિરંગીઓને આ દેશમાંથી હાંકી કાઢવાનું શિક્ષણ જનતાને આપવાનું છે.' બીજે જ દિવસે બારીસાહેબ બી. એન. કૉલેજની એ ભારે પગારની નોકરીનું રાજીનામું આપી દઈ છૂટા થઈ ગયા.

ત્યાર બાદ તે વખતના કૉંગ્રેસ નેતા શ્રી મહંમદ સફી સાહેબના પરિચયમાં તે આવ્યા અને તેમને લીધે બિહાર રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં તે પ્રોફેસર તરીકે નીમાયા. ત્યારથી તે જનતામાં પ્રોફેસર બારીના નામથી લોકપ્રિય છે. અહીં તેમને પોતાની માતાના વિચારને અમલમાં લાવવાની સરસ સંધિ મળી. બિહારના યુવાનોમાં તેમણે રાષ્ટ્રીય ભાવનાનો મુક્ત રીતે પરિપોષ કરવા માંડ્યો. અને અહીંથી જ તેમના જ્વલંત રાષ્ટ્રીય જીવનનો આરંભ થયો.

વિદ્યાર્થી હતા ત્યારથી જ બારીસાહેબ રાષ્ટ્રીય ચળવળમાં અગ્ર ભાગ લેતા આવેલા. ઉત્તર બિહારમાં ગોરા બગીચાવાળાઓ સામે ગાંધીજીએ સત્યાગ્રહનાં મંડાણ કર્યાં કે તરત જ દેશભક્ત બારીએ તે લડતમાં ઝંપલાવી દીધું. હિંમતબાજ અને સાહસિક યુવાન તરીકે તેમની ખ્યાતિ ત્યારથી જ ફેલાએલી હતી. ૧૯૨૧નાં શાહબાદનાં હુલ્લડો વખતે હાથમાં એકમાત્ર તલવાર લઈને એકલે હાથે તેમણે ૩૫ ગામડાંઓનું હુલ્લડખોરો સામે રક્ષણ કરેલું!

કૉંગ્રેસમાં જોડાયા પછી કૉંગ્રેસની દરેક ચળવળમાં તે મોખરે રહ્યા હતા. ૧૯૨૦, ૧૯૩૦, ૧૯૩૨, ૧૯૪૦ અને ૧૯૪૨,—પ્રત્યેક ચળવળમાં તેમનો મુખ્ય ભાગ હતો. ૧૯૩૧ની ચળવળમાં એક ગોરા સાર્જન્ટે પ્રો. બારી પર પોતાનો ઘોડો દોડાવી તેમને ત્રણ દંડા લગાવ્યા. પણ ગાંધીજીના એ આદર્શ અનુયાયી પર્વતની માફક નિશ્ચલ ઊભા રહી સ્મિત કરવા લાગ્યા. શાહીવાદી તુમાખીનો તેમણે આ રીતે જે શાંત જવાબ આપ્યો તે સત્યાગ્રહનો અદ્ભુત વિજય હતો.

દેશની દુર્દશા જોઇ બારી સાહેબનું અંતર વલોવાઇ જતું. પર-

દેશીઓની આપખુદ હકુમત, આમ જનતામાં રાજકીય જાગૃતિ તથા શિક્ષણનો અભાવ, સામાજિક બદીઓ તથા વહેમોમાં ફસાએલો મજૂર તથા ખેડૂત વર્ગ,—આ બધું જોઈને અંતે તેમણે પોતાના પ્રોફેસરપદને લાત મારીને ત્યાગનો, દુઃખનો કાંટાથી ભરેલો માર્ગ લીધો. મજૂરો તથા પછાત વર્ગના મુસલમાનોમાં કાર્ય કરવાને તે પટણા છોડીને જમશેદપુર વિભાગમાં ગયા અને ત્યાં પોતાનું રચનાત્મક કાર્ય શરૂ કર્યું અને પોતાનાં અતુલનીય સંગઠના-કૌશલ, નિઃસ્વાર્થત્યાગ વૃત્તિ, પ્રખર પ્રામાણિકતા તથા અતૂટ સહૃદયતાને કારણે થોડા જ વખતમાં તે મજૂરોના એકમેવ માનીતા નેતા થઈ પડ્યા. સમસ્ત એશિયામાં મોટામાં મોટું લોઢાનું કારખાનું ધરાવતા તાતાનગરમાં તેમણે કૉંગ્રેસના ઝંડા નીચે મજૂરોનું એવું અદ્ભુત સંગઠન કર્યું કે તેવું સંગઠન જગતમાં પણ બીજે ભાગ્યે જ જોવા મળે. બારીસાહેબની દેખરેખ નીચે ત્યાં મજૂરોની ૬૦ સંસ્થાઓ ચાલતી હતી. તેમણે મજૂરોમાં રાજકીય જાગૃતિ આણી, તેમની સામાજિક સ્થિતિ સુધારી અને તેમને વહેમ અને કુરૂઢિઓમાંથી છોડાવ્યા. તેમણે તાતા સામે લડીને કારખાનાની કમાણીમાં પહેલી જ વાર મજૂરોને હિસ્સો અપાવવાનું જે મહાન કાર્ય કર્યું તે તો હિંદી ઉદ્યોગના ઈતિહાસમાં અદ્વિતીય ગણાશે. મહાત્મા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અનુસાર તેમણે માનભૂમ જિલ્લાનાં ગામડાંઓમાં ગ્રામ-સંગઠનાનું જે કાર્ય કર્યું તેવું બીજે ક્યાંયે થયું નથી. એ જંગલી વિભાગની તેમણે કાયાપલટ જ કરી નાખી હતી. બાળકોના વહાલા પિતા, જુવાનોના ઉદાર ભાઈ અને વૃદ્ધોના હમદર્દી સેવક ગણાતા બારી સાહેબ એ ભાગના તો ઇશ્વર મનાતા. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાં એ જેવું કામ સરહદ પ્રાંતોમાં કર્યું તેવું જ બારી સાહેબે ભાગલપુર જિલ્લાના મુસલમાનોમાં કર્યું હતું.

આમ મજૂરો અને ખેડૂતોમાં લોકપ્રિય બનેલા બારીસાહેબ ૧૯૩૬માં બિહાર ધારાસભામાં સાંથાલ પરગણા તરફથી ચૂંટાઇ આવેલા અને પોતાની ઇચ્છા ન હોવા છતાં ડેપ્યુટી સ્પીકર નીમાયા.

૧૯૪૨ના મહાન આંદોલન વખતે બારીસાહેબનું લોકો પર—મજૂરો તથા ખેડૂતો પર—કેટલું અજબ પ્રભુત્વ હતું તે દેખાઈ આવ્યું. આખા બ્રિટિશ સામ્રાજ્યમાં મોટામાં મોટા ગણાતા જમશેદપુરના પોલાદના કારખાનામાં તેમણે જબ્બર હડતાળ પડાવી. આ હડતાળને લીધે યુદ્ધસામગ્રીના ઉત્પાદન પર ખૂબ ગંભીર અસર થતી હોવાથી સરકારે હડતાળને તોડવા તથા બારીસાહેબને પકડવા ખૂબ ધમપછાડા કર્યા. મજૂરોને અનેક જાતની લાલચો તથા ધાકધમકીઓ આપવામાં આવી. પણ બારીસાહેબે સખત આદેશ આપ્યો કે હિંદને પોતાની નાગચૂડમાં બાંધી રાખવા મથતી સરકારને તેમણે જરા પણ મદદ ન કરવી. મજૂરોએ તેમનો પડ્યો બોલ ઝીલી લીધો. પ્રોફેસર બારીને કેદ પકડવામાં નિષ્ફળ ગએલી અહીંની ઇંગ્લંડની જાણીતી સરકારે સ્કૉટલંડ યાર્ડની છૂપી પોલીસને બોલાવેલી, પણ તેમની એ મહેનત વ્યર્થ ગઇ. એ હડતાળે આખા હિંદને માર્ગદર્શન આપ્યું એટલું જ નહિ પણ '૪૨ની લડતને અવનવું જોમ અર્પ્યું. મજૂરો, ખેડૂતો તથા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન કરાવતા તથા લડતનું નેતૃત્વ ધારણ કરતા છતાં પ્રો. બારી ઘણા દિવસ સુધી સરકારને હાથતાળી આપીને ગુપ્તવાસમાં રહ્યા, પણ હિંદમાં નાલેશીરૂપ બનેલી દગલબાજ અમીચંદની જમાતના એક ઓળખીતા માણસે વિશ્વાસઘાત કરીને બિહારના તે સિંહને પકડાવી દીધો ને તે વીર જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો.

જેલમાંથી છૂટી આવ્યા પછી જ્યારે ઘણાખરા પ્રમુખ કૉંગ્રેસ કાર્યકર્તાઓ સરકારી હોદ્દા તથા અધિકારના મોહમાં ફસાઈ ગયા હતા ત્યારે બારીસાહેબે તો પોતે જે ૨૫ વર્ષથી જનસેવાનું કાર્ય કરતા આવેલા તે જ બમણા ઉત્સાહથી કરવાનું પસંદ કર્યું. એમને બિહારના પ્રધાનમંડળમાં લેવા માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા, પણ તેમણે ઘસીને ના જ પાડી દીધી! પણ આવા નિષ્ઠાવંત કાર્યકર્તાની સેવા જનતા કેમ ભૂલી શકે? આથી જ્યારે ડૉ. રાજેન્દ્રપ્રસાદ બિહાર પ્રાંતિક કૉંગ્રેસ કમિટિના પ્રમુખપદેથી ફારેગ થઇને વચગાળાની સરકારમાં ગયા ત્યારે તેમની જગ્યાએ સર્વાનુમતે પ્રો. બારીસાહેબની ચૂંટણી થઇ. એ પદે આવ્યા પછી કૉંગ્રેસમાં પેઠેલી બદીઓ તથા લાંચરુશ્વત કાઢી નાખવા માટે તેમણે જબ્બર ઝુંબેશ ઉપાડેલી.

કૉંગ્રેસનું બંધારણીય કામકાજ કરવામાં તેમણે પોતાનું પ્રિય કાર્ય-મજૂરપ્રવૃત્તિ જરા પણ વિસારે પાડ્યું નહોતું. મજૂરોનું હિત વધુ વ્યાપક સ્વરૂપમાં થઇ શકે તે માટે તેમણે 'ડેઈલી વર્કર' નામનું છાપું શરૂ કરવાનો વિચાર કરેલો અને તે માટે એકલા જમશેદપુરમાંથી જ તેમણે ૨૦ લાખની જંગી રકમ ભેગી કરેલી. પણ તેમની એ ઈચ્છા વિધિએ પાર પાડવા દીધી નહિ.

પટણાની પાસે આવેલા એક ગામમાં કોઇ કામ પ્રસંગે એ ગએલા, ત્યાંથી પાછા ફરતાં ૨૮મી માર્ચે કોઈ શખ્સે ગોળીબારથી તેમનું ખૂન કર્યું. એક સાચા રાષ્ટ્રસેવકની આ રીતની અમાનુષી હત્યાથી ગાંધીજીથી માંડી દેશના દરેક નેતાને આઘાત લાગ્યો હતો. બિહારની જનતાને તો પોતાના પ્યારા પિતા ગુમાવ્યા જેવું દુઃખ થાય એ તદ્દન સ્વાભાવિક છે. તેમની દફનક્રિયા વખતે હજારો હિંદુ-મુસલમાન સ્ત્રી પુરુષોએ હાજર રહી તેમના પ્રત્યેની પોતાની માનની લાગણી વ્યક્ત કરેલી.

મ૦ ગાંધીજીના શબ્દોમાં કહીએ તો પ્રો. અબ્દુલ બારી એ ખરેખરા 'ફકીર' હતા. પૈસા મેળવવાની હાથમાં આવેલી અનેક તકો જતી કરીને તેમણે પોતાનું જીવન નિસ્પૃહ સેવામાં જ ગાળેલું. '૪૨ની ચળવળ પછી જ્યારે તે જેલમાંથી છૂટી આવ્યા ત્યારે તાતાના મૅનેજરે તેમને ૧ કરોડ રૂપિયા આપવાની ઇચ્છા દર્શાવેલી, પણ લોકસેવાના એ ભેખધારીએ જરા પણ આનાકાની વગર તે પ્રસ્તાવને ઠોકરે ઉડાવી દીધો અને ગરીબીમાં જ જન્મેલા બારીસાહેબ એથી પણ વધુ ગરીબ સ્થિતિમાં મૃત્યુ પામ્યા અને જે મજૂરોના તે બેતાજ નેતા હતા તે મજૂરો જેવું જ પોતાનું દસ માણસોનું કુટુંબ નિષ્કિંચન અવસ્થામાં મૂકી ગયા.

કસોટીના જવાબ

(૧) ૩૩ (૨) ૩૪૧ (૩) ૧-ઠ, ૨-ઝ, ૩-જ, ૪-છ, ૫-ગ, ૬-ચ, ૭-ઘ, ૮-ખ, ૯-ક (૪) અમરનાથ, મુસ્તાકઅલી, વિનુ માંકડ (૫) (ક) મક્કા (ખ) હા (ગ) કોલંબિયા (ઘ) અંદર પાણી ઉમેરવું. ઘાસલેટ પાણીથી હલકું હોવાથી પાણી ઉપર તરશે. (ચ) ખાવા ને સૂવા પણ ન જાય તો ૨૧ દિવસ. (છ) અધમણનાં ગચિયાં; કારણ બરફની જેટલી વધુ સપાટી હવાના સંપર્કમાં આવે તેટલો બરફ વહેલો પીગળે. (જ) અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, રૂમાનિયા, હંગેરી, ઑસ્ટ્રિયા, જર્મની અને બેલ્જિયમ. (૬) (૧) રાજસત્તાએ ઝેર પાઈ મૃત્યુદંડ આપ્યો (૨) રિવૉલ્વરથી ખૂન (૩) અંગ્રેજોને હાથે ફાંસી (૪) સાઈમન કમિશનના વિરોધમાં કાઢેલા સરઘસમાં પડેલા લાઠીમારની અસરથી; (૫) જીવતી બાળવામાં આવી (૬) કપટથી ઝેર આપીને; (૭) ટ્રફાલ્ગરના નૌકાયુદ્ધમાં ગોળી વાગવાથી.

તારાશંકર બંદ્યોપાધ્યાયની મૂળ બંગાળી વાર્તા ઉપરથી

અનુવાદક.

રમણિક મેઘાણી



દાદરના છેલ્લા પગથિયે પગ મૂકતાં બાવાજી ચમકી ઊઠયા—'કોણ ?'

ચોકીદાર

જેણે પોતાની જાતની જ ચોકી વિસારી

ચોકીદાર રામદાસ બાકલ ઉતાવળે પગલે આગળ ધપી રહ્યો છે. કારતકની પાછલી રાત પૂરી થવા આવી છે. અંધારિયાનો ચન્દ્રમા મ્લાન થતો આવે છે. ધરતી સાથે ઘસાઇને ચારે બાજુ આછું ધુમ્મસ પથરાઈ ગયું છે. ઠંડા હિમાળા જેવા પવનના સ્પર્શે એના નાકમાં શરદી બોલવા લાગી છે. માથે બાંધેલ નામાવલિ (ભગવાનનાં નામોવાળી પાઘડી) જરા વધુ નીચે ખેંચી બેઉ કાન સરખી રીતે ઢાંકતાં એણે ગતિ જરા વધારી. જિલ્લા બોર્ડનો લાલ કાંકરિયાળો મારગ વાંકોચૂંકો આગળ ચાલ્યો જાય છે. થોડી વારે એ એક જબ્બર કચવાણભર્યાં નાળા સામે આવી ઊભો. એ ગરનાળું વટાવ્યા પછી સામે જ ચંડીમાતાનું થાનક હતું.

ત્યાંથી જ રામનગરની હદ શરૂ થાય છે. રામદાસે ગણગણતા અવાજે આજને માટે ચૂંટેલાં ભજનો યાદ કરવાં શરૂ કર્યાં. એ ગરનાળાના પુલને વટાવ્યા પછી થોડુંક ચઢાણ આવતું. બેઉ બાજુ અહીંના મૂળ જમીનદારોનાં ઘણા કાળનાં જૂનાં આંબાવાડિયાં છે. અત્યારે એ આંબાવાડિયાં આપમેળે ગાઢ જંગલમાં પરિણમ્યાં છે. હવે એણે હાથમાંનાં મંજીરાંની દોરી આંગળે વીંટાળવી શરૂ કરી. જંગલ પૂરું થતાં જ એ ચમકીને બોલી ઊઠયો—'કોણ ?'

એની સામે ત્રણેક હાથ દૂર જ એક માણસ ભરેલી ગુણ માથે લઇ ધબધબ ચાલ્યો આવતો હતો. માણસનો ભાસ થતાં ને સાદ સંભળાતાં એ ઘડીભર ઊભો રહ્યો, ને વળતી પળે જ માથા પરની ગુણ જોરથી રામદાસ ચોકીદાર તરફ ફેંકીને ત્યાંથી દોડતો નાઠો. રામદાસ એનો હેતુ કળી જઈ જરા દૂર સરકી ગયો હતો. ગુણ ધબ કરતી એના પગ પાસે પડી ને ઢગલોએક ધાન ચારે બાજુ વેરાઇને પડયું જરા હસીને રામદાસ બોલ્યો, 'આ કામ શશીનાજ લાગે છે !'

શશી ડોમ આ બાજુનો જાણીતો રીઢો ધાન-ચોર છે. એ બાજુના જ આમ્રવનમાં અંધારામાં લપાયો હતો. ગુણ તરફ એક વાર ધ્યાનપૂર્વક જોઈ રામદાસે આકાશભણી જોયું ને પછી એ મનોમન બોલ્યો, 'પણ શશી ભૂલે એમ તો ન બને. તો પછી, શું હું જ ભૂલ્યો છું ? હં, રાત તો હજુ યે થોડીક બાકી લાગે છે.'

ને પંખીઓના કલરવની સાથોસાથ રામદાસના હાથનાં મંજીરાં રણકી ઊઠયાં. મામની શેરીઓશેરીએ એના પહાડી ગળામાંથી પ્રભાતી સૂરે ભજન ગુંજી ઊઠયું.

ગામ હજુ ત્યારે પણ સૂતું હતું. રસ્તે રઝળતાં કૂતરાં પાછલી રાતની ઠંડીને અંગ ગૂંચળાં વળીને મકાનોના ખડકી પાસે પડયાં હતાં. ચોકીદારને જોઇને એ ભસતાં નહિ. એમની સાથે રામદાસને ઓળખાણ થઈ ગઇ છે. બાંડુજ્જેઓના દુર્ગા થાનક આગળ બાંડુજ્જે-ઘરનાં ફઇબા સાથે ભેટો થઈ ગયો. પ્રૌઢા જળભર્યે ઘડે નિયમ મુજબ દેવીને વંદના કરતી હતી. એથી જરા આગળ વધતાં સરકારવાડામાં સરકાર ઘરના દૌહિત્ર વૃદ્ધ હરિપદ મુખુજ્જે મળી ગયા. કાને જનોઈ વીંટાળી, ધોતિયાનો છેડો ખભે નાખી, હાથમાં કળશિયો લઇને એ જતા હતા. મોટા શેઠના બૈયાનાં નરકોરાં સવાર ટાણે જ વધુ બોલતાં ! વરંડાની પાળેપાળે પારેવાંઓએ કૂજન શરૂ કરી દીધું હતું. નિત્યની જેમ સહાય-સ્વજન વિહોણી વેણાં ડોશી તળાવડીને કાંઠે ભગવાનને ભજતાં હતાં. શેઠના ઠાકોર મંદિરમાં મંગળ આરતીના ઘંટનાદ થતા હતા : ઝન-ઝન-ઝન-ટન્ ટન્ ટન્.

રામદાસ બાવાજી રામનગરના વારસાગત ચોકીદાર હતા. રામદાસ પોતે ફક્કડરામ-એકાકી બાકલ છે. એમના પછી એમની જગ્યા મળશે એમના ભત્રીજાને. આ ચોકીદારીમાંથી જ રામદાસનો નિભાવ થઈ રહે છે. પ્રત્યેક ગૃહસ્થ-ઘેરથી મહિને એક વાર સીધું મળે તેવી વ્યવસ્થા છે. પાંચ પવાલાં અર્થાત્ અઢી શેર ચોખા, પાશેર ખાંડ, દાળ, થોડુંક શાક-પાન, થોડોક મસાલો;—ને આટલું ફક્કડરામ બાકલ માટે પૂરતું હોય છે. દિવસ આખો એ ઘેર બેસી પોતાના આશ્રમનું કામકાજ કર્યા કરે છે. વંડી બાંધે, ફૂલછોડના ક્યારાની માટી ઉપરતળે કરે, વૃક્ષોને પાણી પાય અથવા તો મેરાઇની દુકાનેથી આણેલા કાપલા પોતાના અંચળા પર સીવી તેને વિચિત્રિત કરે.

આજે રામદાસ એકતારો સરખો કરતા હતા. એ જૂનો એકતારો હવે સાવ જીર્ણ થઇ ગયો છે. વચલા વાંસના દાંડામાં જ ઉપરની બાજુએ એક ફાટ પડી છે. એ ફાટને જ એ ઝીણા દોરા વડે સખત કરીને બાંધતા હતા. બહાર વંડી બાજુ જરા ખખડાટ સાંભળી એમણે એ તરફ જોયું. કોક એ બાજુએ ઊભું હોય એમ લાગતું હતું. રામદાસે પૂછ્યું : 'કોણ ?' ને જરા ખચકાઇને નમ્રતાપૂર્વક પેલાએ જવાબ આપ્યો : 'હું ?'

બાવાજી હસીને બોલ્યા, 'બધાયે 'હું' જ હોય છે ને ભાઇ ! કોણ તું?'

હવે વંડીનો ઝાંપો ઉઘાડીને અંદર આવીને પેલો બોલ્યો, 'એ તો હું શશી, બાવાજી.' ને ભક્તિસહ પ્રણામ કરતો શશી ઉભડક બેઠો.

બાવાજીએ હસીને પૂછ્યું, 'કેમ આવ્યા શશી, શા ખબર છે ?'

શશી કંઈ બોલ્યો નહિ. નીચી મૂંડીએ માત્ર ધરતી પર આંગળી

વની આડાઅવળા લીટા કરતા રહ્યા.

રામદાસે કહ્યું, 'ગુણી નીચે દબાઈ ગયો હોત તો મારું શું થાત, શશી ? ઠીક, મૂક, મૂક; પગ મૂક હવે.'

શશી બાવાજીનાં ચરણ ઝાલીને જ ઉભડક બેઠો હતો. એ બોલ્યો, 'આ વખતે, બસ ફક્ત આ વખતે, બાપજી માફ કરો. ફરી કદી યે જો મને એમ જુઓ તો કહેજો. કાન પકડું છું, આમ આ રીતે—.'

બાઉલ હસીને બોલ્યા, 'તોય તું એમ તો કહીશ નહિ ને, કે હવે ચોરી નહિ કરું ?'

શશી બોલી ઊઠયો, 'ચોરી તો હવે હું કરતો નથી, બાવાજી.'

રામદાસ કંટાળીને બોલ્યા, 'તો કાલે શું કર્યું હતું ?'

માથું ખંજવાળીને શશી બોલ્યો, 'ઓ, કાલ કોણ જાણે કેમ એમ થઈ ગયું ' એક કાબુલી બેઠા પાસેથી એક થાન કાપડ લીધું હતું '

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા **'આપણી વનસ્પતિ'**નો આઠમો હપતો

પારિજાતક

લેખક:
જયંતીલાલ દેવશંકર ઓઝા એમ.એસસી.



કદમાં મૃદુ, સ્વભાવે મૃદુ અને વાસમાં મૃદુ એવાં પારિજાતકનાં ફૂલ ભાગ્યે જ કોઈએ નહિ જોયાં હોય અને કૃષ્ણ ભગવાન પોતાની પત્ની સત્યભામાને રીઝવવા આ વૃક્ષ સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવેલા એ પુરાણકથાથી પણ ભાગ્યે કોઈ અજાણ હશે. વિષ્ણુપુરાણમાં પારિજાતક વિષે એવી વાત છે કે એક રાજાને પારિજાતક નામની કન્યા હતી. તે સૂર્યની સાથે પ્રેમમાં પડી; પરંતુ સૂર્યે તેને થોડા વખતમાં જ ત્યજી દીધી, તેથી તે આત્મહત્યા કરીને બળી મરી. આ બળી મરેલી પારિજાતક કન્યાની રાખમાંથી એક વૃક્ષ ઉત્પન્ન થયું તે પરથી તેનું નામ પારિજાતક પડયું. આ કારણે પારિજાતકનાં ફૂલો સાંજ સૂર્યાસ્ત પછી સુંદરરીતે ખીલી ઊઠે છે. પરંતુ બીજા દિવસનું પ્રભાત થતાંથતામાં તો સૂર્યોદય પહેલાં વૃક્ષ તેનાં ફૂલો જમીન પર ખેરવી નાખે છે, તે સૂર્યની દૃષ્ટિ સહન કરી શકતું નથી. જમીનપર પથરાએલાં એ કેસરી બિંદીવાળાં શુભ્રધવલ નમણાં ફૂલો સુંદર બિછાતનો દેખાવ આપી રહે છે.

પારિજાતકનું શાસ્ત્રીય નામ નિકટેન્થિસ આર્બોર્ટ્રિસ્ટિસ (Nyctanthes Arbor-tristis, Linn.) છે. હિંદીમાં તેને હારસિંગાર -હારશૃંગાર- પણ કહે છે.

હિમાલયની નીચેના પ્રદેશો, બુંદેલખંડ, બરહાન, અવધ, તેરાઇ, મધ્ય હિંદ, બ્રહ્મદેશ ને સિલોન એ પારિજાતકનાં ઉત્પત્તિસ્થાન. ૩૦૦૦ ફીટ ઊંચાઇએ પણ તે ઊગે છે. તેનાં મૃદુ મનોહર સુવાસિત ફૂલો માટે હિંદભરના બાગબગીચાઓમાં તે ઉગાડવામાં આવે છે.

પારિજાતક ઊંચાઇમાં ૩૦ ફીટ જેટલું સીધું ઊગે છે. તેની છાલ ખરબચડી અને આછી ભૂરી હોય છે. તેની ડાળીઓના સોટા સીધા, અને ચોખંડા હોય છે ને તે પર પાન સામસામાં ગોઠવાએલા હોય છે. પાન ૨થી૪ ઇંચ લાંબા, ૧થી ૨॥ ઇંચ પહોળા ને નીચેથી ગોળાઈમાં શરૂ થઇ ટોચ તરફ સાંકડાં ને અણીદાર હોય છે. પાનની ઉપરની દરેક સપાટી પર સફેદ કડણ રૂંવાટી હોય છે. પાનને લગભગ ૧ ઇંચ જેટલી નાની દાંડી હોય છે.

પારિજાતકનાં ફૂલોનો ઉદ્‌ભવકાળ સામાન્યરીતે તો વર્ષાઋતુ પણ કેટલીક જગ્યાએ તો લગભગ બારે માસ ફૂલો આવે છે. ફૂલો ઘણાં જ નાજુક અને આછાં સુવાસિત હોય છે. વૃક્ષને હલાવીએ એટલે બધાં ફૂલો ઢગલાબંધ નીચે ખરી પડે છે. ફૂલો ત્રણથી પાચનાં ઝુમખાંમાં હોય છે. દરેક ફૂલને પોતીકી દાંડી ન હોતાં ફૂલોનું આખું ઝુમખું ઝાડની શાખા પર એક દાંડા ઉપર બાઝેલું હોય છે. દરેક ફૂલમાં વજ્રની પાંખડીઓ લીલી, સંયુક્ત અને ઘંટ આકાર હોય છે, જ્યારે તેની અંદર આવેલ ફૂલમણિની પાંખડીઓ ઉપરના ભાગમાં સફેદ ને છૂટી તથા નીચેના ભાગમાં કેસરી રંગની, સંયુક્ત અને નળી આકારની હોય છે. આ કેસરી રંગની નળી ફૂલની દાંડી હોય એવો ભાસ થાય છે.

પારિજાતક, મોગરો, ચમેલી, જાઇ વગેરેના વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ નાનું, ચપટું તથા ૩/૪ ઇંચ લાંબુ અને લગભગ તેટલું જ પહોળું હોય છે. ફળમાં બે કોષ હોય છે ને દરેક કોષમાં એક બીજ હોય છે.

દેવપૂજાના ઉપયોગમાં આવવા ઉપરાંત બીજી રીતે પણ પારિજાતક ઉપયોગી વનસ્પતિ છે. ફૂલોનો કેસરી ભાગ સફેદ પાંખડીઓથી છૂટો પાડી વાટીને કપડાં-ખાસ કરીને રેશમી કપડાં-રંગવામાં આવે તો કેસરી રંગ થાય છે. પારિજાતકનાં ફૂલોની સફેદ પાંખડીઓમાંથી 'ગુલકમ' નામનો જાંબુડો રંગ પણ નીકળે છે, જે બનાવવાની સૂચના કરબાદીયે-ઇ-કબીર નામના ગ્રંથમાં આવેલી હોવાનો ઉલ્લેખ છે. ફૂલોમાં એક જાતનું ઊડણ તેલ હોય છે. કઠણ રૂંવાટીવાળા તેના પાન લાકડાને પૉલિશ કરવાના ઉપયોગમાં લેવાય છે. સંસ્કૃત ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે પારિજાતકના પાનનો ઉપયોગ તાવ અને સાંધિવાનાં દર્દોમાં ઔષધ તરીકે પણ થાય છે. લાંબી મુદતના તાવમાં પાનનો તાજો રસ મધ સાથે આપવામાં આવે છે. પારિજાતકના છ થી સાત કુમળા પાનને પાણી અને થોડા તાજા આદુ સાથે વાટી તેનો રસ આંતરિયા તાવમાં પણ પાવામાં આવે છે. પારિજાતકનાં પાનનો રસ કફ અને પિત્તનો નાશ કરનાર તથા રેચક અને મૃદુ કટુપૌષ્ટિક છે. નાનાં બાળકોને પેટમાં કૃમિ હોય તો પાનનો રસ થોડી સાકર સાથે પાવામાં આવે છે. ઘણા દાખલાઓમાં તે અસરકારક માલૂમ પડયો હોવાથી રોગ માટે અંગ્રેજી દવા સેન્ટોનીનની જગ્યાએ તે વાપરવાલાયક છે. પારિજાતકના બીજનો ભૂકો માથા ઉપરની ચામડીના ખોડો મટાડવામાં ઉપયોગી થાય છે. કોઠા તરફ ચઢ થએલા કફને છૂટો કરવા માટે પાંચ ગ્રેન પારિજાતકની છાલનો ભૂકો નાગરવેલનાં પાન સાથે આપવામાં આવે છે. રાસાયનિક અન્વેષણમાં પારિજાતકનાં પાનમાં 'નિકટેન્થિન' નામનું તત્ત્વ હોવાનું માલૂમ પડયું છે

ભ્રષ્ટ થયું જરી શતમુખ તેનો વિનિપાત જ નિર્મેલો

ઓલા વરસે. ગયે વરસે તો દીકરાની નજરે જ ન ચડયાં. પણ આ વરસે એ ગમો મૂકતો જ નથી, એટલે જ—'

ને વાત અધૂરી મૂકીને જ શશી અટકી ગયો.

બાકીના બાવાજી કંઇ જ ન બોલ્યા. એ મૂંગામૂંગા પોતાનું કામ કર્યે જતા હતા. થોડી વારે શશીએ જ ચૂપકીદી તોડી. એ ધીરેકથી રહીરહીને બોલતો હતો: 'હાથમાં કંઈ જ ખરચી નહોતી ... ઉધાર પણ ક્યાંય ન મળ્યું ... શું કરુ?'

રામદાસ આમ છતાં કંઈ જ ન બોલ્યા. શશી ફરી બોલવા મંડયો: 'સાળા કાબલા પાસેથી ચાજ લીધી. આહ઼ઁ, આહ઼ઁ. ! અને દીકરો જેમ-તેમ બોલતો ગાળો ભાંડી ગયો. આગાંગું બેઠો પછી ઊઠે જ નહિ.'

'શા માટે ખોટું બોલે છે? અત્યારે તો કાબુલી વસૂલ આવવાનો વખત નથી. એ તો મા' મહિને આવે છે લેણું વસૂલ લેવા.'

'પણ આ તો ઓલા વરસના બાકી છે ને? ગયે વરસે તો એને મેં દેખા જ ક્યાં દીધી'તી?' ને પછી બે હાથ જોડી આકાશ ભણી ઊંચા કરી એ બોલ્યો, 'ચંડીમાતાના સોગન—'

'રાખ, રાખ; સોગન ખાઈશ મા, બાપુ.' રામદાસે એને સોગન ખાતાં રોક્યો ને પછી એક નવો દોરો લઈ એકતારાના દાંડાને વધુ મજબૂત કરવા લાગ્યા. દોરાનો છેડો ઝાલી તાણીને બાંધતાંબાંધતાં એ દુઃખભર્યા સાદે બોલ્યા, 'ઓહ : મા ચંડીના ધાનની વખારમાં મણેશિયો તેં જ ભરાવ્યો હતો ને? તું—'

બાવાજીને વચ્ચે જ અટકાવતાં શશી બોલી ઊઠયો, 'બાપજી, સોગન ખાઇને કહું છું, મા કાળીના સોગનથી કહું છું, શાલીગરામને અડીને કહું છું કે એ મેં નથી કર્યું.' પછી ચારે બાજુ નજર ફેરવી એ ધીરેકથી બોલ્યો, 'આ જુઓ બાવાજી, એ તમારા પેલા ગોંસાઇ બેટાના કામા છે. રાતોરાત ગાડેગાડાં ભરીને આપુદપૂર જઈને વેચી આવ્યો છે. મેં જાતે જ ગાડામાં ધાન ભરેલું. કહો તો એની સાથે મોઢેમોઢ કરાવી દઉં દીકરાએ મને એક પાઈ પણ આપી નથી મજૂરીની.'

રામદાસ અવાક્ બની શશી તરફ જોઈ રહ્યો. શશી બોલ્યો, 'માછલી ખાય છે તો બધાં યે પંખી, છતાં નામ લેવાય છે ફક્ત માછરાંગાનું.[1]' રામદાસ બાવાજી એના મોં સામે જ જોઈ રહ્યા હતા તે હવે બોલ્યા, 'તું મહાપાપી છો શશી. સાધુ-સંન્યાસીના નામે દોષ દેતાં યે તને શરમ નથી આવતી?'

શશી હવે ધીરેધીરે બોલ્યો, 'હું ચોર છું, મારી વાત કોઇ નથી માનતું. પણ હું ખોટું નથી બોલતો, બાપજી.' ને એના સાદમાં એકાએક આત્મીયતા ફૂટી ઊઠી. રામદાસ હવે કંઈ વિરોધ દર્શાવી ન શક્યા. એ મૂંગામૂંગા પોતાનું કામ કરતા રહ્યા. શશી પણ મોં ઢાળીને બેઠો હતો. પહેલાંના સાદે એ ફરી બોલ્યો, 'મારે એક છોકરો છે બાપજી. જો ખોટું બોલતો હોઉં તો એ——'

રામદાસે એને અટકાવી પ્રેમળ સાદે કહ્યું, 'રહેવા દે, શશી. સોગન ન ખાઈશ, રહેવ દે.'

શશી ચૂપચાપ નીચી મૂંડીએ બેઠો રહ્યો. દોરો બાંધતાંબાંધતાં એકવાર મોં ઊંચું કરીને રામદાસે શશી સામે જોયું અને એ ત્રસ્ત સ્વરે બોલી ઊઠયા, 'આ શું? તું રડે છે, શશી? ના, ના. રડીશ મા. રડીશ નહિ. હું તો તને કંઈ જ નથી કહેતો.'

શશીએ મોં ઊંચું કર્યું. એની આંખમાં પાણી નહોતાં. ઊલટાનું એક હાસ્ય કરી એ બોલ્યો, 'ના બાપજી, રડીને શું કરવું હતું? રોવું મને નથી આવતું; પણ દુઃખ તો થાય છે. જ્યાંજ્યાં જે કાંઇ ચોરી થાય એ બધી યે શશીને જ માથે નંખાય. પણ કહો તો બાપજી, આ બાજુ ચોર શું હું એકલો જ છું? બીજો કોઇ નથી?'

આ વાતનો જવાબ રામદાસ દઇ ન શક્યા. એમનું કામ પણ થંભી ગયું. અકારણે એ આકાશ તરફ જોઇ રહ્યા. ને દુઃખભર્યા સાદે શશી બોલ્યો, 'ચોરી કરું છું બાપજી, સ્વભાવવશ કરું છું. અંધારી રાતે જાગી જતાં કોણ જાણે કેમ કોઇ મને બહાર ખેંચી જતું હોય એમ લાગે છે. પણ એવું તો કેટલાક દિવસ જ! બાકી તો અભાવને અંગે જ ચોરી કરવી પડે છે. ક્યાંય પણ ચોરી થતાં મને જ પકડી જાય છે. વકીલ, મુખત્યાર, મામલાનું ખરચ—એ બધું ક્યાંથી આવે છે, કહો જોઉં? ભીખમાં તો મળતું નથી, ને મજૂરીમાં યે સાંપડતું નથી!'

બાવાજી એક ઊંડો નિઃશ્વાસ મૂકી અવાક્ થઈ બેસી રહ્યા. સાથોસાથ શશીએ પણ એક ઊંડો નિસાસો મૂક્યો ને એ બોલ્યો, 'કંઈક તમાકુ-બમાકુ હોય તો આપોને બાપજી, જરાક ભરીએ.'

રામદાસ એકાએક જાગતા હોય તેમ બોલી ઊઠયા, 'હા, હા, ભર ભાઇ, ભર. જો પણે ગોખલામાં તમાકુ છે અને પેલા ખૂણામાં ચકમક ને કોયલા પડયા. અને ચલમ! ચલમ ક્યાં? આ પડી, જો...'

શશીએ તમાકુ ભરી થોડા દમ ખેંચી ચલમ બાવાજી પાસે મૂકી દીધી. ને પાસે પડેલી ઝોળીમાંથી નાનો એવો હોકો કાઢી રામદાસે તેના પર ચલમ ગોઠવી. બેઉએ ચૂપકીદી પકડી. ઝાડવા પર બેઠોબેઠો એક કાગડો કા.... કા કરતો ડાળ પર ચાંચ ઘસતો હતો. કંઇ જ કારણ વિના શશી એના તરફ ફરી બોલ્યો, 'હ.... ત્ તા ...'

કાગડો ઊડી ગયો. હાથમાંનો પથ્થર શશીના હાથમાં જ રહી ગયો. એ ફરીને નીચી મૂંડીએ જમીન પર લીટા કરવામાં પરોવાયો.

બાવાજી બોલ્યા, 'શશી!'

મોં નીચું રાખીને જ શશી બોલ્યો, 'હઁ.'

'કંઇ કહેતો હતો મને? જરા યે ડરીશ મા. હું આપમેળે કોઇને કાંઈ કહેવાનો નથી.'

હાથ જોડી શશી બોલ્યો, 'ના, બાપજી. કોઇ પૂછે તો પણ આ એકવાર માટે તો તમારે મને બચાવવો જ પડશે.'

બાવાજી ચિન્તામાં પડી ગયા. આ કમનસીબ ઉપર એમને દયા પણ આવતી હતી. પણ પોતે ખોટું કઈ રીતે બોલે? સુકાયેલ સાદે બોલ્યા, 'એ કઈ રીતે થઇ શકે, શશી? ખોટી વાત—'

એમને અટકાવી શશી બોલ્યો, 'ખોટું બોલવાનું હું તમને ક્યાં કહું છું. મેં ચોરી નથી કરી એમ તમારે શીદ કહેવું પડે? તમે કહેજો કે હું કંઇ જાણતો નથી.'

રામદાસ શશીની વાત સાંભળી ઘડીભર અવાક્ જ થઈ ગયા. શશી પડેલે ચહેરે વિનંતી કરતો બોલ્યો, 'જેલ થશે તો ઘર-છોકરાંની અવદશાનો પાર નહિ રહે, બાપજી. માંદલો છોકરો કદાચ મરી જ જશે.'

રામદાસ બાવાજી ઘણીવારે શશી તરફ જોઇને મમતાપૂર્ણ સાદે બોલ્યા, 'ચિંતા ન કરીશ, શશી, તને કંઇ જ નહિ થાય.'

શશી હવે જરા વાચાળ બન્યો. એ બોલ્યો, 'હવે આવું કામ—આ જુઓ કાન પકડું છું...' ને એણે કાન પકડયા.

બાવાજી હસવા લાગ્યા. શશી બોલ્યો, 'જુઓ, હવે ફરી કદી યે મને આમ કરતાં જુઓ તો કહેજો.'

બહારથી કો'કનો સાદ સંભળાયો, 'બાવાજી છે કે?'

---

1 માછરાંગો-King Fisher-માછલી જેનો મુખ્ય ખોરાક છે તે પંખી.

શશી વધુ ન રોકાયો. પ્રણામ કરતોક ને ઉતાવળે પગલે એ ત્યાંથી નીકળી ગયો.

ગોંસાઇ ઘરનો છોકરો, પેલો ઓડિયાધારી જતીન અંદર આવ્યો. એણે પૂછ્યું, 'પેલો બેટો શું કામ આવ્યો હતો, બાવાજી ? એ દીકરા ચોર સાથે ફરી શાને—?'

બાવાજી હસીને બોલ્યા, 'જતો હતો ક્યાંક, એટલે રસ્તામાં જરા ડોકિયું કરવા આવ્યો. કહે કે જરા તમાકુ પીવી છે.'

પછી હોકો આગળ ધરતાં બોલ્યા, 'લે, ગગડાવ.'

જતીન બોલ્યો, 'જરાક કામે આવ્યો છું, બાવાજી. અમારી ટોળીને આજે રાતે બે વાગે રામલીલા ભજવવાનું આમંત્રણ છે. પણ ગાનાર દીકરો કો'ક બીજી ટોળીમા ચાલ્યો ગયો છે, ગમાર જેવો. તો તમારે થોડાંક ગીત ગાઈ જવાં પડશે બાપુ તમારા પોતાનાં જ સારામાં સારાં ગીત, હોં કે !'

જતીન આ ગામની રામલીલા-ટોળીનો મુખી છે. રામદાસ હસીને બોલ્યા, 'આવીશ. પણ ભાઇ, પાછો ચાલ્યો જાઉં એ ચાલશે ને ? મારે પાછું ટહેલે જવાનું હોય છે.'

આઠ-દસ દિવસ પછી.

રામદાસ આંગણામાં બેઠા ગાતાગાતા 'ચરિતામૃત' વાંચતા હતા.

શશી આવી પ્રણામ કરીને બેઠો. એના હાથમાં એક નવો એકતારો હતો.

બાવાજી હસીને બોલ્યા, 'શા ખબર છે, શશીભૂષણ ?'

શશીએ એકતારો એમની સામે ધરી દીધો. એકતારો ઉપાડી સરખી રીતે જોઇ જઇને વખાણના સાદે બાવાજી બોલ્યા, 'બહુ સરસ છે હેં ? વાહ ! કોણે બનાવ્યો ? તેં ?'

હાસ્યથી શશીનું મોં ભરાઈ ગયું. એ બોલ્યો, 'હા; તુંબડું ઘરમાં જ હતું; એટલે થયું કે ચાલ બનાવી લઉં. વાંસ પરની કારીગરી મારી છે; અને તુંબડા વગેરેની કારીગરી છે મારી વહુની.'

બાવાજી ત્યારે યે એકતારો તપાસી રહ્યા હતા. જોતાંજોતાં જ એ બોલ્યા, 'આ તો મઝાનાં ફૂલપાંદડાં ને વેલ બનાવ્યાં છે ને શું ? બહુ સરસ કોતરકામ કર્યું છે ! ચીજ તો ખૂબ સુંદર થઈ છે હોં !'

શશી બોલ્યો, 'તમારે માટે જ લાવ્યો છું, બાપજી.'

ને તાર પર આંગળી મૂકી ઝંકાર ગુંજતી બાવાજી બોલ્યા, 'સૂર પણ ભારે મીઠો છે ! વાહ !'

શશી હસતોહસતો બોલ્યો, 'જરા તમાકુ મસળું ત્યારે?'

બાવાજી એકતારો લઇ બેઠા. શશીએ ચલમ લાવી ને જોયું તો બાવાજી એકીટશે સામી બાજુ જોઈ રહ્યા છે. એમની દૃષ્ટિને અનુસરીને શશીએ જોયું, તો જોવા જેવી કોઇ ચીજ જ ત્યાં નહોતી. એણે પૂછ્યું, 'તમાકુ પીશો ને, બાપજી?'

એક ઊંડો નિસાસો મૂકી રામદાસ બોલ્યા, 'શું કિંમત લઇશ કહે જોઉં, શશી ?' હસીને શશી બોલ્યો, 'કિંમત વળી શેની ? તમારે માટે જ તો બનાવ્યો છે મેં આ.'

મોં નીચું રાખીને જ રામદાસ બોલ્યા, 'તો તો હું આ નહિ લઇ શકું, શશી !' શશી ચોંકી ઊઠ્યો. ખૂબ જ વ્યગ્ર કાકલૂદીભર્યા સાદે એણે પૂછ્યું, 'કેમ ? શા માટે ?'

કુંઠિત મૃદુ સાદે બાવાજીએ જવાબ વાળ્યો, 'એ મારે માટે લાંચ લીધી કહેવાય, શશી. તારા પાપનો ભાગ તો હું નહિ લઈ શકું.'

શશીના મોં પરનું હાસ્ય એ પહેલાં જ ઊડી ગયું હતું હવે એ મોં પર ઝાંખી ખિન્નતાની છાયા ઘેરાઇ ઊઠી એ માથું નીચું કરીને બેઠો રહ્યો. રામદાસ પણ નીચે માથે બેઠા રહ્યા. ચલમમાંની તમાકુ એમ ને એમ સળગી જતી હતી. એ ધુમાડાની એક આછી પાતળી રેખા ગૂંચળું વળતી ઉપર તરફ જતી હતી. થોડી પળો આમ ને આમ વીતી ગઈ. એકાએક શશી કંઈ જ બોલ્યા વિના એકતારો ઉપાડી ઊઠીને ચાલ્યો ગયો. થોડી વારે વ્યાકુળ થઈ ઊઠીને બારણા પાસે જઈ બાવાજીએ સાદ દીધો, 'શશી ! શશી !!'

શશી બહુ દૂર નહોતો ગયો. એ પાછો ફર્યો. બાવાજી હસીને બોલ્યા, 'મૂકી જા, શશી. હું એ રાખું છું.' શશીના મોં પર હાસ્ય ફરી વળ્યું. સાથોસાથ એની આંખમાં થોડાં આંસુ પણ ઊભરાયાં.

પણ એ એકતારાને લીધે એ આખો યે દિવસ રામદાસની અશાન્તિનો પાર ન રહ્યો. વારેવારે થતું કે શશીને પાછો જવા દીધો હોત તો સારું થાત કદાચ. એને દુઃખ લાગત, પણ એ તો બે-ચાર દિવસમાં ભુલાઈ જાત. પણ એમને પોતાને માટે આ વાત ભયંકર હતી. પાપ અંગમાં પ્રવેશ્યા પછી એનાથી બચવું આકરું છે ! આ ભેટ સ્વીકારીને એ શશીના પેલા દિવસના પાપમાં ભાગીદાર બન્યા છે એ વિષે એમને જરા યે શંકા નહોતી. મનમાં ને મનમાં એમણે નક્કી કર્યું કે સાંજ વેળા જઇને એકતારો પાછો આપી આવીશ

ને એકવાર એમણે એકતારા પર આંગળાં ફેરવ્યાં. બહુ મધુર સૂરે એ ગૂંજી ઊઠ્યો. ફરી એમણે એને ઝંકાર્યો...ફરી...ફરી... જોતજોતાંમાં તો બાવાજીના અખાડામાં બપોર વેળાના મિલનવિહારનાં ભજન જાગી ઊઠ્યાં. ગીતના સૂર-આકર્ષણે અખાડામાં લોકો ટોળે વળી ઊઠ્યા. ગાવાનું પૂરું થતાં જતીન બોલી ઊઠ્યો, 'ભારે અજબ એકતારો થયો છે હો, બાવાજી. જોઉં જોઉં ? વાહ, આ તો ફૂલ-વેલ ને પાંદડાં કોતર્યાં છે ને શું ? વાહ ભાઈ, વાહ !!'

સુતારોના મુખી ભૂપતિ સુતારે જતીનના હાથમાંથી એકતારો પોતાના હાથમાં લઈ, જોઈ કરીને કહ્યું, 'ઉસ્તાદ કારીગરના હાથની ચીજ છે ! આના ઉપર જો વાર્નિશનો હાથ મારી દેવાય તો—સમજ્યાને ? શું કરશો તમે આ મોઘા સિતારને ?'

જતીને પૂછ્યું, 'આ ક્યાંથી મળ્યો બાવાજી ?' રામદાસ જરા ગરમ થઇ બોલ્યા, 'રાજાઓ મણિમાણેક ક્યાંથી મેળવે છે ? જાવ, જાવ, હવે ઘેર જાવ બધા. મારે તો હજી ઘણું કામ બાકી છે.'

ભૂપતિનો હાથ ઝાલી જતીન બોલ્યો, 'ચાલો, ચાલો. કહેવાય છે ને કે "નવરા માણસને કામ ઝાઝાં" એવુંજ. કામનો ક્યાં તોટો છે?'

રામદાસે ઊભા થઇ સિતાર અંદર લઇ જઈ ફરી તે પર આંગળીઓ ચલાવી. સાચે જ સૂર ખૂબ મીઠો હતો. એણે બહારની બાજુ મોં ફેરવી કહ્યું, 'મિસ્ત્રી, તમારે ભાઈ થોડુંક વાર્નિશ મને આપવું પડશે.'

કોઇએ કંઇ જવાબ ન વાળ્યો. બાવાજીએ બહાર આવીને સાદ પાડ્યો, 'મિસ્ત્રી,- ભૂપતિ !' પણ ભૂપતિ ચાલ્યો ગયો હતો.

એકતારો પાછો આપી આવવાનું બાવાજી માટે શક્ય નથી બન્યું. પાછો આપી આવવાનો સંકલ્પ એમણે ઘણીવાર કર્યો છે; પણ એને અમલમાં મૂકવા ટાણે એ જ વિચાર આવ્યો છે કે, 'અરે બિચારા શશીને કેવો આઘાત થશે !' ને એમનાં મનોચક્ષુ સામે શશીનું ઉદાસ મોં તરવરી ઊઠ્યું છે. ને વળતી જ પળે થયું છે કે આ વિચાર ખરું જોતાં એમનો પોતાનો ખોટો બચાવ જ છે. હકીકતમાં એમને લોભ જ છે, એકતારાનો.

આ દ્વન્દ્વ વચ્ચે તે દિવસે ભૂપતિ એક દિ આવીને ઊભો રહ્યો. આત્મીય સ્વજનની જેમ હર્ષ પ્રગટ કરી એ બોલ્યો, 'ક્યાં છે બાવાજી, તમારો એકતારો ? લાવો વાર્નિશ લગાવી દઉં.'

અને નાનું એવું એક શકોરું લઇને એ બેસી ગયો. બાવાજી પરમ આનંદ સહ એકતારો બહાર લાવી પાસે બેસીને એને

લગાવાતું વાર્નિશ જોવા લાગ્યા. વાર્નિશના દર હાથે પળેપળે એ એકતારો સુમનોહર સુસ્નિગ્ધ થયે જતો હતો. રામદાસ મુગ્ધ થઈ ગયા ને બોલ્યા, 'અજબ ચીજ છે ભાઇ મિસ્ત્રી ! વાહ, વાહ. ભાઇ, વાહ !'

ગર્વીલા સાદે ભૂપતિ બોલી ઊઠયાં, 'હં. હં. સારા લાકડા પર સારું પાલિસ કરીને જો વાર્નિશ લગાડાય તો—સમજ્યાને- તો અરીસાની જેમ મોં જોઈ શકાય.'

મિસ્ત્રીની વાતનો બાવાજી અવિશ્વાસ કરી ન શક્યા. મૂંગામૂંગા મુગ્ધ ભાવે મોં ડહાપણ અંગેનો સ્વીકાર કર્યો. ભૂપતિ બોલ્યા, 'આવી બધી ચીજો અહીં—સમજ્યાને—મળે ક્યાંથી ? કાલે મોટા બાબુને ત્યાં મને બોલાવેલો. એમની લાકડાની બધી ચીજો રંગાય છે. રંગતાંરંગતાં તમારી વાત યાદ આવી—સમજ્યાને ? વિચાર્યું કે થોડુંક લઇ જાઉં; બાવાજીએ તે દિવસનું કહ્યું છે. પણ સમજ્યાને—આ લઇ આવવું પણ એક ઉપાધિ છે ને ? શરીરે ચાદર વીંટાળી જેમ-તેમ કરીને માંડમાંડ—સમજ્યા ને ?' અને એ હી-હી-કરતો હસી પડયાં.

બાવાજીનું મોં પડી ગયું. એ ચોંકીને બોલી ઊઠયા, 'ચોરી કરી ?'

ભૂપતિ એમના તરફ જોઇ જરા હસીને બોલ્યો 'તમે તો સાવ નાના જીવના છો. આને તે વળી ચોરી કહેવાની હશે ?'

રામદાસ પડેલે ચહેરે જ બેસી રહ્યા. શું કહેવું તે એમને સૂઝ્યું નહિ. ભૂપતિ બોલ્યો, 'આટલાની કિંમત કેટલી ? બહુબહુ તો એક પૈસો. એક પૈસાની વાતમાં તે ચોરી કરી કહેવાય ? ચીજ જુઓ મોટા ઘરમાં પડી-પડી સડી જાત. સમજ્યાને ? પણ માગવા જાવ તો હરગીઝ ન આપે સાળા ! પછી લઇએ નહિ શું ?'

ભૂપતિ ચાલ્યો ગયો. વાર્નિશ સારી પેઠે—એકદમ સુકાઇ ગયા પછી કાળજીપૂર્વક એકતારો ઊંચો કરીને બાવાજીએ જોયું. બહુ સુંદર લાગતો હતો. પણ શશીને પાછો આપવો હવે અસંભવિત હતું. રંગ દીધા પછી પોતે પાછો આપવા જાય પણ કઈ રીતે ? અને એમાં દોષ પણ શો છે ? એમણે તો એ પાછો આપવા ઈચ્છયું જ હતું ને ?

હવે મંદિરમાં બેસી રહેવાનું એમને નથી ગમતું. શિયાળુ રાતે ગાઢ ઊંઘમાં પડેલ ગામમાં પ્રવેશી, આ બાજુ-એ બાજુ ફરી, ક્યાંક થોડી વાર માટે બેસી બાકીની રાત વીતાવી દેતા. નિર્જન ગાઢ રાતનો જાણે કંઈક મોહ-કંઈક આકર્ષણ એમને થયું હતું. કયારેક-

પગરસ્તો

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર



આ તો પગરસ્તો છે. એ વનમાં થઈને ખેતરમાં આવે છે; ખેતરમાંથી થઇને એ નદીકાંઠે આવે છે અને નૌકાના ઘાટ પાસે થઇ તે વડલા પાસે આવે છે.

તે પછી સામી પારના ભાંગેલા કાંઠા પાસે થઇને વળાંક મારતો સામા ગામમાં ચાલ્યો જાય છે. ત્યાંથી અળસીનાં ખેતર મૂકી, આંબાવાડિયાની છાયાને આંબતો, પદ્મ સરોવરને કાંઠે હાથતાળી દેતો, રથખાના પાસે થઇને કોણ જાણે કયા ગામમાં જઇને પહોંચે છે તે હું જાણતો નથી.

કેટલાં યે માણસો આ રસ્તા પર ચાલે છે. કેટલાક મારી પાસે થઈને ચાલ્યા ગયા છે, કેટલાક મારી સંગાથે ચાલે છે, તો કેટલાક હજી દૂરથી આવતા દેખાય છે. કોઈ ઘુમટામાં તો કોઇ ઘુમટા વિના; કોઈ જાય છે જળ ભરવા તો કોઇ આવે છે જળ ભરીને.

૨

હવે દિવસ પૂરો થયો છે. અંધારા થવાનું આવ્યું છે. એક દિવસ મનમાં થયું હતું કે આ રસ્તો મારો જ છે,—બિલકુલ મારો જ. અત્યારે લાગે છે કે હું તો આ રસ્તા પર માત્ર એક જ વાર પસાર થવાનો હુકમ લઇને આવ્યો છું; બસ વધારે વાર નહિ.

હવે એ આંબાવાડિયાથી પેલી તળાવની પાળ આગળ થઇ, બાર દેવળના ઘાટ આગળ થઇ, નદીનો પટ છોડીને ગોવાળપરામાં થઈ, અનાજઘરની પાસે થઈને, પરિચિત દૃષ્ટિ, પરિચિત વાતો ને પરિચિત મુખવાળા પેલા ઘરમાં ફરી એકેય વાર જઇને એમ તો નથી કહેવાનું કે 'આ હું આવ્યો !' આ તો જવાનો રસ્તો છે, પાછા ફરવાનો નહિ.

આજે ઝાંખી સંધ્યામાં એક વાર પાછળ ફરીને જોઉં છું તો લાગે છે કે આ પથ ભુલાઈ ગયેલાં પદચિહ્નોની એક પદાવલિ જેવો લાગે છે,—જાણે એને ભૈરવીના સૂરમાં બાંધી હોય !

અત્યાર સુધીમાં આ પથ પર જેટલા પથિકો ચાલી ગયા તેમનાં જીવનની સમસ્ત કહાણી આ રસ્તાએ પોતાની અંદર માત્ર એક ધૂળની રેખામાં સંક્ષિપ્ત રીતે ચીતરી રાખી છે. આ એક જ રેખા સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સુધી ચાલે છે; સોનાના એક સિંહદ્વારથી માંડીને સોનાના બીજા સિંહદ્વાર સુધી.

૩

'**અ**રે ઓ પગવાટ ! અનેક કાળની અનેક વાતોને તારા ધૂળના એ બંધનમાં નીરવ ભાવે રાખી શું બેઠી છે ? હું તારી ધૂળમાં કાન માંડી રહ્યો છું. એ બધી વાતો મને છાનું કાનમાં કહેને !'

પણ પગવાટ તો માત્ર રાત્રિના કાળા પડદા પર આંગળી ચીંધી ચૂપ રહે છે.

'અરે ઓ પગવાટ ! આટઆટલા પથિકોની આટઆટલી ચિંતા, ભાવના, ઈચ્છા, એ બધું ક્યાં ગયું ?'

પણ મૂંગો રસ્તો કૈં જ વાત કહેતો નથી. માત્ર સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સુધીના આકાશ પ્રત્યે ઈશારો કર્યે રાખે છે.

'અરે ઓ પગવાટ ! તારી છાતી પર જે સમસ્ત ચરણપાત એક દિવસ પુષ્પવૃષ્ટિની જેમ પડ્યા હતા તે શું આજે ક્યાંયે નથી ?'

ફૂલો ખરી પડીને અને ગીતો સ્તબ્ધ બનીને જ્યાં સમાઈ જાય છે, તારાના ટમટમાટમાં અસમાપ્ત વેદના જ્યાં ઝળકી રહે છે, એવા પોતાના જ અંતને શું આ રસ્તો જાણે છે ?

('લિપિકા'માંથી અનુવાદિત)

વિનોદ કોઠારી

ક્યારેક એકોએક એ જાણે ચમકી ઊઠતા. ત્યારે એ ઘોર અંધારામાં એકાદ ગલી તરફ આગળ વધી મનોમન હસતાહસતા બોલતા, 'હવે એક વાર જો શશી પકડાઇ જાય તો આ વખતે તો માફ નહિ જ કરું.'

તે દિવસે રાત ખૂબ અંધારી હતી. અજવાળિયાનો ચાંદો ક્યારનો યે આથમી ગયો હતો. આકાશના પૂર્વદક્ષિણના ખૂણામાં શુક્ર-તારો તાજો જ ઊગ્યો દેખાતો હતો. રામદાસ મામ વચ્ચે થઇને જતા હતા. ચાટુનની બારી પાસેના ઘાટે એ પગ ધોવા નમ્યા. ધોતાંધોતાં એમને શું થયું કોણ જાણે, પણ ઘાટ આખા પર એમણે પગલાં પાડયાં. ઓચિંતા નીચા વળી એમણે માટીનું એક પાત્ર ઉપાડયું. ને પછી ધિક્કાર અને કંટાળાપૂર્વક, એ ફગાવી દઇ ઝટપટ ત્યાંથી ચાલી નીકળ્યા. મનોમન જ એ બોલ્યા, 'ધત્! ઘાટે કોણ આ ગ્લાસ બ્લાસ?–ધત્!'

ચાટુજ્જે-ગલી વટાવતાં મામનો 'ટેક્ષ' નાખવાનો લત્તો આવ્યો. મુખુજ્જે-ઘર વટાવતાં 'આતુરગઢ' આવતો. એ પછી બાંકુજ્જેનો મોટો ડેલો આવતો. બેઠક-ઘરની બેઉ બાજુ પાકો ઉઘાડો વરંડો હતો. વચ્ચે એક પહોળો દાદરો ઉપર જતો હતો. ઉઘાડા વરંડામાં કેટલાંક કૂતરાં એઠાં પતરાળાં ચાટી રહ્યાં હતાં ને ઝૂમરાણ મચાવતાં હતાં. બાવાજી થંભીને ઊભા રહ્યા. આ શું? બેઠક–ઘરનું બારણું પણ સાવ ઉઘાડું? દાદર પર ચડયા પછી બાવાજીને ખબર પડી કે રાત્રે અહીં ખાણી–પીણી ને આનંદ મેહફિલ જામી હશે. એમણે ચોતરફ જોયું તો કોઈ ક્યાંયે ન હતું. એ નીચે ઊતરી આવ્યા. અચાનક એમને થયું બાબુઓની મેહફિલમાં શું એક બીડી પણ નહિ પડી હોય? ને જરા ખચકાતા એમણે ઉપર જઇ ઓરડામાં પ્રવેશ કર્યો. પાટ પર ત્યારે પણ એક ફાનસ ટમટમતું હતું. ધુમાડાથી એની ચીમની કાળી પડી ગઇ હતી ને એમાં થઇને અંદરની વાટનો પ્રકાશ રતુંબડો દેખાતો હતો. ઝાંખા અજવાળામાં પાટ પરની ચીજો પણ ઝાંખીઝાંખી દેખાતી હતી. પ્રકાશ ધીરેધીરે ક્ષીણ થઈ રહ્યો હતો. પાટ પર એક પૅકેટ ગંજીપો ઉઘાડો પડયો હતો. એક તરફ શેતરંજ બાજી પડી હતી ને વચ્ચે એક હોકો, એક ખૂણામાં એક હારમોનિયમ ને એની પાસે જ કાળા રંગની એક પેટી પડી હતી. રામદાસ એ શું હતું તે સમજી ગયા. એ હતી 'બેહાલ' (એક વાદ્ય)ની પેટી. નિર્જન અંધકારમાં એમને એકવાર એ ઉઘાડીને જોવાનું મન થયું ને ધીરેધીરે એ પેટી ઉઘાડી 'બેહાલ' કાઢી બેઠા. ઝાંખા અસ્પષ્ટ અજવાળામાં પણ એના પરનું વાર્નિશ ચળકી ઊઠયું. બાવાજીના હાથનો અસ્પષ્ટ પડછાયો એમાં કંપતો હતો. ઓચિંતાના ઊભા થઈ રામદાસે ફાનસ બુઝાવી નાખ્યું. નિર્જન ઘરમાંનું બધું જ પળવારમાં અલોપ થઈ ગયું. એ અંધારામાં રામદાસ પોતાની જાતને યે જોઇ શકતા નહોતા.

બેઠક–ઘરની પાળ ઉપર થોડાંક પરેવાં ઘૂંજી ઊઠયાં ને બાવાજી ઝડપથી નીચે ઊતરી આવ્યા. અંધારું જરા આછું થયું હતું. દાદરના છેલ્લા પગથિયે પગ મૂકતાં બાવાજી ચોંકી ઊઠયા–'કોણ?' અને સાથોસાથ એમના અંચળામાંની 'બેહાલ' પાકા બાંધેલા પગથિયા પર ધબ દઈને પડી! રસ્તાની પેલી બાજુ મકાનને અડીને કોક ઊભું હતું. રામદાસ થરથર ધ્રૂજતા હતા. પેલાએ કંઇ જ જવાબ ન આપ્યો. એમ ને એમ એ ઊભો રહ્યો. રામદાસે ફરી ધ્રૂજતા સાદે પૂછ્યું, 'કોણ?'

પણ કોઈએ જવાબ ન વાળ્યો. બાવાજી જરા આગળ વધ્યા કે પેલો માણસ પણ હાલ્યો. માત્ર હાલ્યો એટલું જ નહીં, આકારમાં પણ નાનો થતો જણાયો. આ વખતે હવે રામદાસને ભાન થયું કે એ એનો પોતાનો જ પડછાયો હતો!

પૂર્વ ગગનમાં શુક્ર-તારો ચળકચળક ચળકી રહ્યો હતો. રામદાસે દોટ મેલી. ચોર! ચોર! પોતે ચોર હતો. જાહેર રસ્તા પર થઇને જવાની એમની હિંમત નહોતી. પાસેની જ એક ગલીમાં એ વળી ગયા. તરત જ કો'ક એમનો રસ્તો રોકીને ઊભું હોય એમ જણાયું. બાવાજીએ ફરી અટકીને પૂછ્યું–'કોણ?'

કંઈ જવાબ ન મળ્યો. ને બાવાજીએ જોયું તો એ એમનો પડછાયો જ હતો.



૧૨–જોક્જાકાર્તા

ઈન્ડોનેશિયન સરકારના જે પાટનગર ઉપર ડચોએ ફરી હુમલો કર્યો છે અને જ્યાં ઈન્ડોનેશિયનો પણ પૂરા સામર્થ્યથી તેમનો મુકાબલો કરી રહ્યા છે એ, જાવાની દક્ષિણ દિશામાં આવેલું આ મહત્ત્વનું શહેર આપણી જાણમાં તો હજી હમણાં જ સમાચારપત્રો મારફતે આવ્યું છે. પણ ત્યાં તો તે અતિ પ્રાચીન કાળથી તેનાં વેપાર અને કલા-કારીગીરી માટે સમસ્ત જાવામાં પ્રખ્યાત છે. સોના-ચાંદી ઉપરની તેની બેનમૂન હાથકારીગરી તથા ત્રાંબા અને ચામડા ઉપરની તેની વિવિધ મોહક કોતરણી તો આખા એશિયામાં પ્રખ્યાત હતી. કાંઠલા વગર ઉત્કૃષ્ટ કાપડ વણવાનું કલાચાતુર્ય તથા ભભકદાર રંગાટીકામ તો હજી હમણાં સુધી ત્યાંનું વખણાતું.

ધનધાન્યથી સમૃદ્ધ તથા સૌંદર્યસંપન્ન એવા જોક્જાકાર્તા નામના પ્રાંતનું આ પાટનગર સમુદ્રથી ૨૦ માઇલ અંતરાળના પ્રદેશમાં આવેલું છે. હિંદમાંથી અહીં આવીને પ્રસરેલી પુરાણી (નવમી સદીની) હિંદુ-બૌદ્ધ સંસ્કૃતિના સમૃદ્ધ અવશેષો અહીં ઠેરઠેર મળી આવે છે; અને એ હિંદુ સંસ્કૃતિનો ૧૫મી સદીમાં આરબોએ અહીં આવીને વિનાશ કરવા છતાં તેનાં ઘણાં સ્મારકો બચી ગયાં છે. હોલાંડથી વેપાર અને સંસ્થાનો વસાવવા અર્થે ડચો આ પ્રદેશમાં આવ્યા ત્યારે અહીં સુલતાનનું રાજ્ય ચાલતું હતું. તેના પર ડચોએ જીત મેળવી તેને પોતાનો ખંડિયો રાજા બનાવી તેની મારફત તેમણે રાજ્ય ચલાવવા માંડયું. પણ ગયા મહાયુદ્ધમાં જાપાનની શરણાગતિ પછી ઈન્ડોનેશિયાની સરકારે જ્યારે ડચોની સત્તા ઉથલાવી પાડી ત્યારે આ શહેરે પણ સ્વાતંત્ર્યની મુક્ત હવા માણી

એક લાખ કરતાં પણ વધુ વસતિ ધરાવતું આ શહેર હજારો દેવળો, સંખ્યાબંધ પુરાતન સંસ્કૃતિના અવશેષો તથા ભરપૂર વૃક્ષરાજિ ને પહોળા રસ્તાઓને કારણે ઘણું જ સોહામણું લાગે છે અને શહેરની મધ્યમાં થઇને વહેતી નદી તેની આ સુંદરતામાં મોહક વધારો કરે છે. બટેવિયા સુરાબાયા રેલવે પરનું તે મહત્ત્વનું જંક્શન છે અને વેપારનું પણ મોટું ધામ છે. તેની આજુબાજુના પ્રદેશમાં શેરડી, તંબાકુ તથા ચોખાનો વિપુલ પાક ઊતરે છે અને વેપારથી ધમધમતી જોક્જાકાર્તાની બજાર તો આખા જાવામાં જાણીતી છે. બૌદ્ધ સમયનાં ઉત્કૃષ્ટ શિલ્પસ્થાપત્ય માટે જગતકલાએોમાં પ્રખ્યાત ભવ્ય બરોબુદર અને પ્રમ્બાનામનાં પ્રસિદ્ધ બૌદ્ધ સમાધિમંદિરો સ્થળો જોવા માટે પણ અહીંથી જ જવાય છે. (જુઓ આ અંકની માધુકરી.)

સત્તાવનના સ્વાતંત્ર્ય-યુદ્ધથી માંડીને આજ સુધીમાં માતૃભૂમિના કાજે જીવન નિછાવર કરનારા

સ્વાતંત્ર્યના શહીદો

મૌલવી અહમદશાહ

[૩]



સત્તાવનના સ્વાતંત્ર્ય-યુદ્ધના જે બેચાર આદ્ય દૃષ્ટાઓ અને સૂત્રધારો હતા તેમાં મૌલવી અહમદશાહનું સ્થાન નિઃસંશય ઊંચું છે. તેણે પોતાની આગ ઝરતી જબાન તથા કલમ દ્વારા જનતા, સૈનિકો ને રાજાઓને સ્વાતંત્ર્યજંગ માટે તૈયાર કર્યા એટલું જ નહિ પણ યુદ્ધ શરૂ થયા પછી ક્રાંતિકારી સૈન્યનું નેતૃત્વ ધારણ કરી પોતાના અપૂર્વ લશ્કરી કૌશલથી સર કૉલિન કૅમ્પબેલ જેવા પ્રથમ કક્ષાના અંગ્રેજ સેનાપતિને પણ બબ્બેવાર છક્કડ ખવડાવી.

તે હતા તો અયોધ્યા પ્રાંતના એક નાના તાલુકદાર; પણ જ્યારથી અંગ્રેજોએ તેનું રાજ્ય ઝૂંટવી તેના સ્વાતંત્ર્ય પર તરાપ મારી ત્યારથી તેણે અંગ્રેજ સત્તાને સમસ્ત હિંદમાંથી નામશેષ કરી નાખવાનો નિશ્ચય કર્યો. પોતાની સર્વ સંપત્તિ દેશની સેવામાં અર્પણ કરી દઈ પોતે મૌલવી બન્યા ને ઠેરઠેર ઘૂમી જનતામાં 'ફિરંગી કા રાજ'ને મિટાવી દેવાનો ઉગ્ર પ્રચાર કરવા માંડ્યો. તેમની જુસ્સાદાર બાની સાંભળવા માટે દસદસ હજાર લોકો ભેગા થતા અને આગામી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સર્વસ્વ અર્પણ કરી દેવાના શપથ લઇને જ ઊઠતા. સૈનિકો-ને ઉદ્દેશીને તેમણે કેટલીક તેજીલી પત્રિકાઓ પણ લખી હતી.

આ પ્રવૃત્તિની અંગ્રેજોને જાણ થતાં લશ્કરની મદદથી તેમણે મૌલવીને કેદ પકડ્યા અને મુકદ્દમો ચલાવીને તેમને ફાંસીની સજા ફરમાવી. ફાંસીના દિવસ સુધી તેમને ફૈઝાબાદના કિલ્લામાં કેદ રાખવામાં આવ્યા. પણ વિધિએ તેમનું મોત આ રીતે નિર્મ્યું નહોતું.

અહમદશાહની ગિરફતારીને કારણે આખા ફૈઝાબાદ ઈલાકામાં ક્રાંતિનો દાવાનળ ફાટી નીકળ્યો. હિંદી સૈનિકોએ આઝાદીનો ઝંડો ફરકાવી અંગ્રેજ અમલદારોને કેદ કર્યા અને જેલખાનાની દીવાલો તોડીપાડીને મૌલવીને મુક્ત કર્યા. જનતા અને સૈનિકોએ એકીમુખે તેમને પોતાના નેતા નીમ્યા. મૌલવીએ છૂટતાંવેંત જ આઝાદીનું જાહેર-નામું બહાર પાડી સર્વ અંગ્રેજોને ફૈઝાબાદ છોડી જવાનું ફરમાન કર્યું.

પણ પાછળથી યુદ્ધમાં વળતાં પાણી થયાં. દિલ્હી અંગ્રેજોને હાથ પડ્યું ને આઉટ્રામની સરદારી નીચે એક ટુકડી લખનૌ જીતવા આવી. મૌલવી તરત લખનૌ પહોંચી આઉટ્રામને હરાવીને હાંકી કાઢ-વાના પ્રયત્નમાં લાગી ગયા. પણ દુર્ભાગ્યે તે વખતે લખનૌમાં પરસ્પરની ઇર્ષ્યા અને દ્વેષને કારણે ખૂબ અવ્યવસ્થા હતી. કોઇ કોઇનું માનતું નહોતું. અહમદશાહે પોતે મોખરે રહી આઉટ્રામ પર ઘણા હુમલા કર્યાં. એક વખત તો પોતે ગોળી વાગવાથી ઘવાયા પણ ખરા. પણ સૈન્યમાં શિસ્ત અને અનુશાસનના અભાવને કારણે પોતે ન ફાવ્યા. એવામાં કૉલિન કૅમ્પબેલ આઉટ્રામની મદદે આવી પહોંચ્યો. તેમણે બન્નેએ મળી લખનૌ પર હુમલો કર્યો ખૂનખાર જંગ થયો. લખનૌની પ્રત્યેક શેરી તથા ઘર છેવટ સુધી લડ્યું. પણ આખરે લખનૌ અંગ્રેજોના હાથમાં ગયું અને મૌલવી વગેરે નેતાઓને લખનૌ છોડી ચાલ્યા જવું પડ્યું.

પણ આ પરાજય અહમદશાહના હૃદયમાં ખૂબ ડંખતો હતો. તેણે ફરી પોતાનાં મુઠ્ઠીભર માણસો સાથે લખનૌમાં પ્રવેશ કરી અંગ્રેજો સામે મોરચા માંડ્યા. બે તોપો અને ગણ્યાગાંઠ્યાં માણસો પાસે હોવા છતાં તેણે અંગ્રેજોની બે પલટણોનો એવો અપૂર્વ બહા-દુરીથી સામનો કર્યો કે અંગ્રેજ સેનાપતિ પણ છક્ક થઇ ગયો! મૌલવીએ હજારો અંગ્રેજ સિપાહીઓને ઠાર કર્યા અને છેવટે વિજય અશક્ય દેખાવાથી તે લખનૌ છોડી ચાલ્યા ગયા. ૬ માઇલ સુધી અંગ્રેજોએ તેની પૂંઠ પકડવા છતાં તે વીર નાયક તેમને હાથ ન આવ્યો.

ત્યાંથી બારી ગામે પહોંચીને અહમદશાહે ગોરિલા પદ્ધતિથી યુદ્ધ કરવાની નીતિ અખત્યાર કરી. તેને પકડવા આવેલા હોપ ગ્રાન્ટ સામે તેણે એક આબાદ સાણસા-વ્યૂહ રચ્યો, પણ પોતાના સૈનિકોની અધીરાઇને કારણે તે નિષ્ફળ ગયો. બારી છોડીને અહમદશાહ નાના-સાહેબની સાથે શાહજહાંપુર પહોંચ્યા. યુદ્ધના આ બંને નેતાઓને એકસામટા પકડવા માટે કૉલિન કૅમ્પબેલે શાહજહાંપુરને ઘેરો ઘાલ્યો. પણ એ બંને સિંહો સામી છાતીએ લડતાલડતા અંગ્રેજ સેનાને આરપાર વીંધીને ચાલ્યા ગયા! કૅમ્પબેલ બિચારો હાથ ઘસતો રહ્યો.

બધા નેતાઓ બરેલીમાં ભેગા મળ્યા અને હવે પછી ગોરિલા પદ્ધતિથી યુદ્ધ કરવાનું નક્કી કર્યું. આથી જ્યારે કૅમ્પબેલ બરેલી ઉપર ચડી આવ્યો ત્યારે નેતાઓ બરેલી ખાલી કરી આસપાસના પ્રદેશમાં વહેંચાઇ ગયા. નાનકડી લડાઈ પછી કૅમ્પબેલે બરેલી કબજે કર્યું ન કર્યું, ત્યાં તો સમાચાર આવ્યા કે મૌલવી અહમદશાહે ફરી શાહજહાંપૂર કબજે કર્યું છે! કૅમ્પબેલે શાહજહાંપૂરને ઘેરો ઘાલી ગમે તે ભોગે મૌલવીને છટકી જવા ન દેવાનો નિર્ધાર કર્યો. ત્રણ દિવસ ખૂનખાર જંગ ચાલ્યો. પણ અંતે નાનાસાહેબ આદિ નેતાઓની મદદથી ફરી કૅમ્પબેલને હાથતાળી દઈ અહમદશાહ છટકયા!

ત્યાંથી અહમદશાહ ઊપડ્યા અયોધ્યા અને તે શહેર કબજે કરી લીધું! પોતાની તાકાત વધે તે માટે તેણે પાસેના પવન નામે રાજ્યના રાજા જગન્નાથસિંહને મદદ કરવાની વિનંતિ કરી. તે રાજાએ મદદ કર-વાને બહાને અહમદશાહને બોલાવ્યા. મૌલવી એકલા જ ગયા. ત્યાં વિશ્વાસઘાત કરી દગલબાજીથી રાજાના દેશદ્રોહી ભાઇએ મૌલવી પર ગોળી છોડીને ઠાર કર્યા અને ભારતના તે વીર નેતાનું મસ્તક કાપી લઇ અંગ્રેજોને પહોંચાડી મોટું ઈનામ મેળવ્યું! આમ જે નરકેસરીને પકડવા ભલભલા અંગ્રેજ સેનાપતિઓના હાથ હેઠા પડ્યા હતા તે આમ પોતાના જ દેશબાંધવોને હાથે મરાયો! વિધિની શી વિપરિતતા!

મૌલવીને અંજલિ આપતાં એક અંગ્રેજ ઈતિહાસકાર લખે છે:

'The Moulvi was a very remarkable man. Of his capacity as a military leader many proofs were given. ....The Moulvi was a true patriot. He had fought manfully, honourably and stubbornly. His memory is entitled to the respect of the brave and the true-hearted of all nations.'

(મૌલવી અતિ અસાધારણ મનુષ્ય હતા. લશ્કરના સેનાપતિ તરીકે એમની યોગ્યતાની તો અનેક પ્રતીતિઓ મળી ચૂકી છે...મૌલવી એક સાચા દેશભક્ત હતા. તેમણે બહાદુરી ઈમાનદારી અને અડગ-તાથી જંગ ખેલ્યો હતો. તેમની સ્મૃતિ જગતભરના શૂરવીરો અને જિંદાદિલોના માનને પાત્ર છે.)


કલાદષ્ટિની કસોટી કરતા પ્રશ્નપત્રો

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની ગયે અંકે પૂરી થએલી લેખમાળાને અનુસંધાને
[કલકત્તા યુનિવર્સિટીની મૅટ્રિકની ડ્રૉઇંગ-પેઇન્ટિંગની ૧૯૪૦ની પરીક્ષાનો પ્રશ્નપત્ર]
બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં જવાબો આપવા.
બાજુમાં લખેલા આંકડા માર્ક (ગુણ)ની સંખ્યા સૂચવે છે.

વિભાગ ૧


નીચે પૈકી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપવા.

(૧) નીચે આપેલી રેખાકૃતિ ઉપરથી તેના ત્રણ ગણા કદની મોટી આકૃતિ ચીતરો. ૨૦



(૨) સ્મૃતિ ઉપરથી પાણીનો કૂજો ચીતરો. ૨૦

(૩) નીચેની રેખાકૃતિ ઉપરથી તેના ચાર ગણા કદની મોટી આકૃતિ ચીતરો. ૨૦



(૪) સ્મૃતિ પરથી ધાતુનો ઘડો ચીતરો. ૨૦

વિભાગ ૨

નીચે પૈકી કોઈપણ ચારના ઉત્તર આપવા.

(૧) આ નીચે આપેલી આકૃતિ તમને ગમે છે? ગમતી હોય તો તેનાં કારણો આપો; ન ગમતી હોય તો તેનાં કારણો આપો. ૧૫





(૨) સામે (ડાબી બાજુ) આપેલા મોટા ચિત્રનું વર્ણન કરીને તેમાં તેનાં કોઈ સારાં લક્ષણો હોય તો તે સમજાવો; અને કોઈ અપલક્ષણો હોય તો તે ચર્ચો. ૧૫

(૩) તમારા જાણીતા ચિત્રકારોનાં ચિત્રોમાંથી તમને સૌથી વધુ ગમતું ચિત્ર કયું? તેના વિષે દસ લીટીનું વર્ણન લખો. ૧૫

(૪) પક્ષી પર સવાર થએલી માનવ-આકૃતિના સામેના ચિત્રમાં માનવ કરતા પક્ષી મોટું ચીતર્યું છે એમ કરવાનાં કારણો આપી શકશો? ૧૫

(૫) તેની જોડેના ચિત્રનું તમારી પોતાની દૃષ્ટિથી, તમારા જ શબ્દોમાં વર્ણન ને વિવેચન કરો. ૧૫

(૬) ઉત્તમ સ્થાપત્યનાં લક્ષણો તમે ક્યાં ક્યાં માનો છો? ૧૫





રંગ-આયોજન-શાસ્ત્ર

Colour Engineering : એક રસિક વિષય

ઘણાને ખબર હશે કે પ્રકાશ સાત રંગોનો બનેલો છે. મેઘ-ધનુષ્યમાં, અથવા ત્રિપાર્શ્વ કાચમાંથી સૂર્યના પ્રકાશનું કિરણ પસાર કરતાં આ સાતે રંગો (નીચેના ક્રમમાં) સ્પષ્ટ દેખાય છે: જાંબલી, નીલો, આસમાની, લીલો, પીળો, નારંગી અને રાતો. પણ આ બધા રંગો મનુષ્યનાં મન તથા વાતાવરણ ઉપર તેમજ પ્રાણીઓની હિલચાલ ઉપર પણ જુદી જુદી આશ્ચર્યજનક અસરો ઉપજાવતા હોય છે એ હકીકત બહુ ઓછા જાણતા હશે. રંગોની આ અસરોનું તથા તેનો લોકજીવનમાં સફળતાથી કેમ ઉપયોગ કરવો તેનું એક શાસ્ત્ર થયું છે તેને રંગ-આયોજન-શાસ્ત્ર (Colour-Engineering) કહે છે.



એક વખત એક કારખાનાનું ઉષ્ણતામાન ૭૨ ડિગ્રી ઉપર એકસરખું (air-conditioned) રાખવા છતાં તેમાં કામ કરતી સ્ત્રીઓ ફરિયાદ કરવા લાગી કે અમને ટાઢ વાય છે! પણ જ્યાં કારખાનાની દીવાલોનો વાદળી રંગ બદલીને માઠો લાલ (warm coral) રંગ લગાડવામાં આવ્યો કે તરત જ તે ફરિયાદ દૂર થઈ ગઇ,–જોકે કારખાનાનું ઉષ્ણતામાન તો એ જ ૭૨ ડિગ્રી જ રાખવામાં આવ્યું હતું!

બીજા એક કારખાનામાં કાળા રંગની વજનદાર પેટીઓ ઉપાડતા મજૂરો માલિક પાસે ફરિયાદ કરવા લાગ્યા કે આ ભારે પેટીઓ ઉપાડતાં અમારી પીઠ દુ:ખે છે. કારખાનાના માલિકે રજાના દિવસે એ જ પેટીઓને આછા લીલા રંગે રંગી નાખી. બીજે દિવસે મજૂરો કહેવા લાગ્યા, 'ખરેખર, આ નવી પેટીઓ ઓછી વજનદાર આવી છે!' (જોકે પેટીઓમાંનું વજન તો તેનું તેજ રહેલું હતું!)

માત્ર રંગની અદલબદલ આવા ચમત્કાર કરી શકે છે! રંગોના આ સામર્થ્યની વિજ્ઞાનને તો ઘણા વખતથી જાણ છે. સામાન્ય માણસના મન પર તેની વિશિષ્ટ રચનાઓના આયોજન વડે માનસભ્રમ ઉપજાવી શકાય છે. રંગ વિજ્ઞાનનો વિકાસ થતાં અમેરિકામાં તો છેલ્લાં ૧૦ વર્ષથી આ અને આવા ઘણા સિદ્ધાંતો બહોળા પાયા પર અમલમાં મૂકવામાં આવ્યા છે.

રંગ-વિજ્ઞાનનો પાયાનો સિદ્ધાંત એ છે કે મેઘધનુષ્યમાં દેખાતા સાત રંગોમાંથી લાલ બાજુ તરફના રંગો (લાલ, નારંગી અને પીળો) ઉષ્ણ અને ઉત્તેજક હોય છે, જ્યારે વાદળી બાજુના રંગો (જાંબલી, આસમાની અને લીલો) શીત તથા આલ્હાદક હોય છે. રંગ વિજ્ઞાનનો બીજો સિદ્ધાંત એ છે કે લાલ રંગ મનુષ્યને કાર્યપ્રવૃત્ત કરાવનારો તથા ઝટ નિર્ણય કરવાને એક ઉત્તેજિત કરનારો રંગ છે. સાર્વજનિક (પબ્લિક) ટેલિફોનની ઓરડીમાં વાતચીત કરવા ગએલો માણસ પોતાની વાત જલદી પતાવતો નહિ તેથી બીજા માણસોને બહાર લાંબી કતાર બનાવીને

ઊભા રહેવું પડતું. પણ ઓરડીને જ્યાં ચમકતા લાલ રંગે રંગી નાખવામાં આવી કે મનુષ્યો પોતાની વાતચીત ઝટઝટ પતાવીને બહાર નીકળી જવા લાગ્યા અને 'વાત જલદી પૂરી કરો'નું જે સૂચનાપત્ર અંદર મૂકવામાં આવ્યું હતું તેની યે કશી જરૂર રહી નહિ! અમેરિકાની એક પ્રસિદ્ધ કંપનીએ પોતાનું પેટ્રોલનું વેચાણ વધારવાને એક પ્રખ્યાત રંગ–આયોજન-શાસ્ત્રી (colour-engineer)ની મદદ માગી. તે વિજ્ઞાનીએ પેટ્રોલ સિવાયના બીજા બધા પંપોને લીલો રંગ લગાડયો જ્યારે પેટ્રોલનો પંપ લાલ રંગનો કર્યો. માત્ર આ નજીવા ફેરફારથી જ વેચાણ બેવડું થયું!

રંગ–વિજ્ઞાનનો બીજો સિદ્ધાંત એ છે કે જેમ લાલ રંગ કાર્ય કરવા પ્રેરે છે તેમ લીલો રંગ માણસમાં સુખ–સ્વાસ્થ્ય અને કલ્યાણની ભાવના ઉત્પન્ન કરે છે. આ સિદ્ધાંતને વ્યવહારમાં મૂકવામાં આવતાં આશ્ચર્યજનક પરિણામ આવ્યું હતું. લંડનનો કાળા રંગનો બ્લૅક ફ્રીઅર્સ પુલ ત્યાં થતા ખૂબ આપઘાતોને કારણે નામચીન બનેલો હતો. પણ એ પુલને તેજસ્વી લીલા રંગે રંગી નાખવામાં આવતાં આપઘાતોનું પ્રમાણ ૩૩ ટકા જેટલું ઓછું થઇ ગયું હતું!

મનુષ્યોની માફક કેટલાંક જીવડાં ઉપર પણ રંગની ઘણી અસર થાય છે. દા. ત. વાદળી રંગથી માખીઓ દૂર ભાગે છે. શિકાગોના એક દૂધવાળાએ સૂર્યનાં અલ્ટ્રા વાયોલેટ કિરણો અટકાવવા માટે પોતાની એક બારી વાદળી રંગે રંગી. પણ તેના આશ્ચર્ય વચ્ચે તેણે જોયું કે તે બારી પરથી માખીઓ એકદમ ઓછી થઇ ગઈ હતી! જ્યારે બીજી બારીઓ ઉપર તો પહેલાં જેટલી જ માખીઓ બણબણતી હતી! પણ જોજો, મચ્છરોને પાછો વાદળી રંગ બહુ ગમે છે! મૅલેરિયાવાળા વિસ્તારોમાં કામ કરતા નૌકાદળના માણસો વાદળી રંગના પોષાકને બદલે જેવા ધોળા રંગનો પોષાક પહેરવા માંડ્યા કે તરત જ મચ્છરો તેમનાથી દૂર ભાગવા માંડ્યા. મચ્છરો અને રાતનાં બીજાં જીવડાં ઘેરા નારંગી રંગના વીજળીના દીવાથી પણ દૂર ભાગે છે. એક એવી શોધ થઇ છે કે આગબોટોનાં તળિયાંને લાખો રૂપિયાનું નુકસાન કરતી દરિયાની માછલીઓ (બાર્નેકલ્સ) ઘેરા રંગથી ખૂબ આકર્ષાય છે, જ્યારે સફેદ અગર આછા લીલા રંગ પાસે બહુ જ થોડી આવે છે. આ શોધ અનુસાર આગબોટોનાં તળિયાંનો રંગ ફેરવવામાં આવવાથી અમેરિકાને દર વર્ષે થતું ૪૦ કરોડ રૂપિયાનું નુકસાન બચી ગયું!'

માનવામાં નહિ આવે, પણ યુદ્ધ-સમયમાં કારખાનાંઓનું ઉત્પાદન રંગોની આવી અવનવી વિશિષ્ટ આયોજના કરવાથી જ ૧૫ થી ૩૦ ટકા જેટલું વધારવામાં આવ્યું હતું! હવે શાંતિના સમયમાં ઘણાં કારખાનાંવાળાઓએ તે પદ્ધતિ ગ્રહણ કરી છે. રંગ-વિજ્ઞાનશાસ્ત્રી ફેબર બિરેને લોખંડના એક ખાસ કારખાનામાં આ પ્રમાણે રંગની રચના કરેલી: સાંચાઓના બહારના ભાગોનો ભૂખરો રંગ; ગતિમાન ભાગોનો પીળો; ઉપરની છતનો સફેદ; આઠ ફૂટ સુધીની દીવાલો તથા થાંભલાઓનો ઘેરો લીલો; જમીનનો આછો નારંગી; આગ ઓલવવાનાં સાધનોનો લાલ રંગ, જ્યારે શુશ્રૂષા-પેટીઓ (First aid boxes)નો લીલો; ઠોકરે વાગે અથવા રસ્તામાં અથડાય તેવી વસ્તુઓ પીળા અને કાળા ચટાપટામાં અને મશીનોની ચાંપોની પેટીઓનો તથા ગરગડીઓનો વાદળી રંગ. કારખાનામાં આ પ્રકારના રંગોના આયોજનથી પહેલાંના જેટલો જ પ્રકાશ વાપરવા છતાં દરેક વસ્તુઓ સ્પષ્ટ જણાઈ આવે છે. રંગનો આવો સુમેળ રચવાથી કારખાનામાં કામ કરતાં માણસોમાં પ્રસન્નતા રહે છે અને તેથી એક કારખાનામાં તો ઉત્પાદન ૧૫ ટકા અને ચોકસાઈ ૪૦ ટકા વધી, જ્યારે ગેરહાજર રહેનારાઓની સંખ્યા ૬૦ ટકા ઘટી! વળી આવાં કારખાનાંઓમાં અકસ્માતોની સંખ્યા ૨૦થી૪૦ ટકા જેટલી ઓછી થઈ. ઝાંખા મંદ રંગોવાળી ઓરડીમાં કામ કરવા કરતાં જ્યાં રંગોનો સરસ સુમેળ રચવામાં આવ્યો હોય એવી જગ્યામાં કામ કરવું દરેકને પસંદ પડે એ સ્વાભાવિક છે, અને એવી જગ્યામાં કામ વધારે અને સારું પણ થાય છે. આપણા કારખાનાંવાળાઓ તથા મિલમાલિકો જો આ રંગ-આયોજન-શાસ્ત્ર તરફ ધ્યાન આપે તો ઘણો ફાયદો કરી શકે.

ત્રિપાર્શ્વ કાચમાંથી પ્રકાશને પસાર કરીને આઇઝૅક ન્યૂટને સાત રંગોમાં વહેંચી નાખ્યા ત્યારથી આપણે રંગ વિષે જાણીએ છીએ, પણ તેનામાં કેવું ગુપ્ત સામર્થ્ય રહેલું છે તથા તેની મદદથી કેવાં આશ્ચર્યકારક કામો કરી શકાય છે તે તો હાલમાં જ શોધાયું છે.

('પૉપ્યુલર સાયન્સ' ઉપરથી)

કસોટી સામે ટક્કર ઝીલતી પ્રજા

ઇંગ્લંડના ઇતિહાસમાં કદી નહોતી આવી એવી એક મહાન કટોકટીમાંથી ઇંગ્લંડ આજે પસાર થઇ રહ્યું છે. યુદ્ધને લીધે પાંગળું બનેલું બ્રિટન જગતની મહાસત્તાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખે છે કે ત્રીજા દરજ્જાનું રાષ્ટ્ર બને છે તે ત્યાંની પ્રજા આ કટોકટીમાંથી પાર પાડવા કેવો પુરુષાર્થ કરે છે તેના પર આધાર રાખે છે.

પોતાને જરૂરી અનાજ તથા કાપડ ઇત્યાદિ ઉદ્યોગો માટેનો કાચો માલ તેને બીજા દેશોમાંથી મંગાવવો પડે છે એ ઘણાખરાંને ખબર છે. પરદેશમાંથી એ બધો માલ લાવવા માટે ઇંગ્લંડને અબજો રૂપિયાનો ખરચ કરવો પડે છે. જેટલું ખરચ થાય એટલી જો આવક ન થાય તો તે દેશને ભિખારી થતાં વાર ન લાગે. ઇંગ્લંડનો આવકનો માર્ગ એક જ,—તૈયાર માલ પરદેશ મોકલી પૈસા તાણી લાવવા. પણ આજે ઇંગ્લંડની જાવક કરતાં આવક ઓછી--ઘણી જ ઓછી–થઇ ગઇ છે. ૧૯૪૬માં તેણે ૨૭ા અબજ રૂપિયાનો માલ બીજા દેશોમાંથી ખરીદ્યો અને માત્ર ૧૯ અબજ રૂપિયાનો તૈયાર માલ પરદેશ મોકલ્યો. આમ એક જ વર્ષમાં તેને ૮ અબજ રૂપિયાની ખાધ આવેલી. આ રીતે જ જો ચાલે તો ગમેતેવા મહાશક્તિશાળી દેશને પણ ભિખારી બનતાં વાર કેટલી?

આ ગંભીર પરિસ્થિતિમાંથી બચવા માટે ઇંગ્લંડ આજ પોતાના પૂરા સામર્થ્યથી પ્રયત્ન કરી રહ્યું છે. જેમ બને તેમ વધુ માલ ઉત્પન્ન કરી, મોટી સંખ્યામાં પરદેશ મોકલી પોતાની આવક વધારવી એ જ આજે તેનું ધ્યેય છે. પણ આ કંઇ આંખના પલકારામાં થઇ શકે તેમ નથી. યુદ્ધને લીધે ઇંગ્લંડનાં હાડકાં ભાંગી ગયાં છે. જર્મનીના બૉમ્બમારાએ તેના ચોથા ભાગનાં કારખાનાંઓ અને ઘરો જમીનદોસ્ત કર્યાં છે. તેનું અરધા ઉપરાંત વહાણવટું પાયમાલ થઇ ગયું છે અને પરદેશમાં રોકેલી અરધી મૂડી હાથમાંથી જતી રહી છે. તેની સાથેસાથે પૅલેસ્ટાઈન, હિંદુસ્તાન તથા જર્મનીમાં તેની જવાબદારીઓ વધી રહી છે. એ જવાબદારીઓ જો તે છોડી દે તો દર વર્ષે ૧૮ કરોડ રૂપિયા બચે. હિંદને સ્વાતંત્ર્ય આપવા પાછળ આ પણ એક મહત્ત્વનું કારણ હતું.

આમ ચારે બાજુથી ઇંગ્લંડની કસોટી થઇ રહી છે, અને યુદ્ધથી ધોવાઇ ગયું છે છતાં તેણે ફરી કમ્મર કસી છે. તેને અત્યારે જો કશાની જરૂર હોય તો સમયની. જો થોડો વધારે સમય તેને મળે

તો ફરી પોતાનું ઉત્પાદન વધારી શકે. એ સમય મળે તેટલા માટે જ તેણે અમેરિકા પાસેથી ૧૫ અબજ રૂપિયાની લોન લીધી છે. તે લોનમાંથી રોજના બે કરોડ રૂપિયા ખરચાઇ રહ્યા છે. એ લોન ખલાસ થઈ જાય તે પહેલાં આર્થિક રીતે પોતાના પગ પર ઊભા રહેવાનો તેણે પ્રયત્ન કર્યો પણ તે પહેલાં જ એ લોન લગભગ પૂરી થઈ ગઈ. એટલે હવે ઇંગ્લંડે સ્ટર્લિંગનું ડૉલરમાં પરિવર્તન નહિ કરવાનું શકવર્તી પગલું લીધું છે. આથી હવે આ કટોકટીમાં બચવા માટે ઇંગ્લંડને પોતાના જ પુરુષાર્થ ઉપર આધાર રાખવાનો રહ્યો.

ઇંગ્લંડના આ મહાન પ્રયત્નમાં દરેક અંગ્રેજ બચ્ચો તનમનધનથી સાથ આપી રહ્યાં છે. ગમે તેટલો ભોગ આપવો પડે, ચાહે તેટલાં કષ્ટ સહન કરવાં પડે, પણ દેશને ઉગારવો જ જોઇએ. સમષ્ટિને ખાતર વ્યક્તિનો ભોગ આપવો એ તો એ પ્રજાનો જન્મજાત સ્વભાવ છે. આજે અંગ્રેજ પ્રજા કેટકેટલાં બંધનો અને કેટકેટલી અડચણો વેઠી રહી છે તેનો ખ્યાલ કરીએ તો આપણે છક થઈ જઇએ. અનાજ, માંસ-મચ્છી અને ખાંડનું તો રૅશનિંગ છે જ, પણ દૂધ, માખણ, ઇંડાં, બળતણ, તેલ અને ચાહનું પણ રૅશનિંગ; અને તે બધું મનુષ્યને જીવવા માટે જેટલું આવશ્યક હોય તેટલું જ અપાય છે. માખણની તંગીને કારણે માંસ, મચ્છી, ભાજી, ઇંડાં, બટાટા સર્વ વસ્તુ બાફીને જ ખાવી પડતી હોવાથી ભોજનમાં વૈવિધ્ય નથી રહ્યું ખાંડ અને મરીમસાલાની અછતને લીધે લગભગ બેસ્વાદ ભોજન તેમને જમવું પડે છે. હલકી જાતના ઘઉં મળતા હોવાથી પાઉં તો આંખને ગમે નહિ તેવા ભૂખરા રંગનો અને પેટમાં ખૂંચે તેવો બને છે. બૉંબમારાથી પડી ગએલાં ઘરો સમારવા સામાન મળતો નથી. શરીર લૂછવા રૂમાલ મળતા નથી અને ગાદી બનાવવા રૂ મળતું નથી. ઘરની બારીઓને પરદા લટકાવવાનો ત્યાં ખાસ રિવાજ હોવા છતાં ખુદ બકિંગહામ મહેલની ઉપલી બારીઓને પડદા નથી, તો પછી બીજાની તો વાત જ શી! કાપડની પણ ત્યાં એવી તંગી છે કે લંડનમાં એક કુટુંબમાં સ્ત્રીએ પોતાનો કોટ ને ફ્રૉક પોતાના મૃતપિતાના જૂના સૂટમાંથી સીવેલા ને જોડા પડોશી પાસેથી વેચાતા લીધેલા; પડોશીએ તે સ્વિટ્ઝર્લૅન્ડમાંથી 'સેકન્ડહૅન્ડ' ખરીદેલા. પુરુષે પોતાનો સૂટ ગુજરીમાંથી ઊતરી ગએલો ખરીદ્યો હતો ને પુત્રીએ પોતાનાં 'અંડરવેઅર' રંગબેરંગી કટકાઓમાંથી સીવેલાં. કાપડ ઈત્યાદિ દરરોજની જરૂરિયાતની વસ્તુની આવી અસહ્ય તંગી હોવા છતાં દેશમાં તૈયાર થતા માલનો મોટો ભાગ પરદેશ ચઢાવવામાં આવે છે. પરિણામે લંગોટી જેવો પોષાક પહેરીને ખુલ્લે શરીરે કેટલાક લોકોને ભટકવાનો વારો આવ્યો છે. સાબુની તંગીને કારણે વૉશિંગ કંપનીઓ પખવાડિયાનો વાયદો કરતી હોવાથી લોકો પોતાનાં કપડાં પોતાને હાથે જ ધોઇ લે છે. ઑફિસમાં તનતોડ કામ કરીને આવેલો માણસ ઘેર આવતાં જ બાંયો ચઢાવીને પોતાના ઘરની પાછળની વાડીમાં 'વધુ અનાજ ઉગાડો' એ નીતિને અનુસરીને બટાટા વગેરે શાકભાજીઓ વાવવાના કામમાં લાગી જાય છે. જે મજૂરોએ કામના કલાક ઓછા કરવા એક વખત મોટી લડતો કરેલી તે જ મજૂરો આજે દેશની કટોકટીની પળે સ્વખુશીથી વધારે કલાક કામ કરવા તૈયાર થયા છે. સરકારે બહારથી આવતા પદાર્થોની આયાત પર મોટો કાપ મૂક્યો છે. આ પદાર્થોમાં તમાકુ, સીનેમા ઇત્યાદિ લોકોની રોજિંદી વસ્તુઓનો સમાવેશ થાય છે. જીવનને આવશ્યક દરેકેદરેક બાબતમાં તંગી ભોગવતી પ્રજાનું આ ચિત્ર છે. પણ બહાદુર અંગ્રેજ પ્રજા નાખુશીનો એક હરફ પણ ઉચ્ચાર્યા સિવાય આ બધી અડચણો આનંદથી સહન કરી રહી છે.

મનુષ્યપ્રયત્નની પરાકાષ્ઠા કરીને પણ ઇંગ્લંડ આજે આ ગંભીર કટોકટીમાંથી સફળતાથી બહાર નીકળવા કૃતનિશ્ચય બન્યું છે. આજે ત્યાંની સમગ્ર પ્રજાનું એક જ સૂત્ર છે: We work or we want. અને બધી વસ્તુઓની તંગી થવા છતાં જ્યાંસુધી ત્યાંની પ્રજામાં ધીરજની તંગી નથી પડી ત્યાંસુધી તે આ કસોટીમાંથી સફળ રીતે પાર પડશે જ. આપણે ત્યાં પણ પરિસ્થિતિ ઓછી વિષમ નથી. આપણે એવા કૃતનિશ્ચય કેમ ન બનીએ?

કસોટી

(૧) એક શેઠ પોતાના પુત્રની શાળામાં જઈ ચઢ્યા અને પુત્રને કહ્યું, 'તારા વર્ગમાં જેટલા છોકરાઓ હશે તેટલાં પતાસાં હું દરેકને આપીશ.' જો વર્ગમાં ત્રણ છોકરાઓ વધારે હોત તો શેઠને ૧૨૯૬ પતાસાં વહેંચવા પડત. તો તે વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે?

(૨) હાથમાં ખોબો ભરીને ચણા રાખીને મેં છોકરાઓને કહ્યું મારા હાથમાંના ચણાની સાચી સંખ્યા જે કહી આપશે તેને હું સારું ઇનામ આપીશ. ૬ જણાએ ખરા નંબરની નજીકના આ પ્રમાણે જવાબો આપ્યા: ૩૫૦, ૩૩૭, ૩૩૦, ૩૫૩, ૩૪૦, ૩૪૭. આમાં એક જણની ૯ સંખ્યાથી ભૂલ હતી, બીજાની ૪, ત્રીજાની ૧૧, ચોથાની ૧૨, પાંચમાની ૬ અને છેલ્લો તો માત્ર ૧ સંખ્યાથી સાચી સંખ્યા ચૂકી ગયો. આ ઉપરથી તમે સાચી સંખ્યા શોધી શકશો?

(૩) નીચે હિંદુસ્તાનના જાણીતા સાહિત્યકારો તથા તેમની સાહિત્ય-સર્જનની ભાષાનાં નામો સેળભેળ આપ્યાં છે તેમાં કયા લેખકે કઈ ભાષામાં સાહિત્યસર્જન કર્યું છે તે તમે બતાવી શકશો?

૧ પ્રેમચંદ	(ક) પંજાબી
૨ વલ્લાથોલ	(ખ) તામિલ
૩ ઈકબાલ	(ગ) મૈથિલી
૪ કાલેલકર	(ઘ) મરાઠી
૫ બંકિમચંદ્ર	(ચ) સિંધી
૬ શાહલતીફ	(છ) ગુજરાતી
૭ ના સી ફડકે	(જ) ઉર્દૂ
૮ સુબ્રહ્મણ્યભારતી	(ઝ) મલાયલમ્
૯ નાનક	(ટ) હિંદી
૧૦ વિદ્યાપતિ	(ઠ) બંગાળી

(૪) આપણા ત્રણ જાણીતા ક્રિકેટરોનાં નામો આ નીચેના વાક્યમાં સંતાઈ ગયાં છે, શોધી શકશો?

અનુ નામુ મસ્તક રથ ડચ અકલીમાં

(૫) તમારા સામાન્ય જ્ઞાનને કસતા આ નીચેના પ્રશ્નોમાંથી કેટલાના જવાબો આપી શકશો? (ક) મહંમદ પયગંબર કયા શહેરમાં જન્મ્યા હતા? (ખ) ઉંદર તરી શકે છે? (ગ) પનામાની નહેર દક્ષિણ અમેરિકાના કયા પ્રદેશને જોડે છે? (ઘ) ફાનસમાં દીવાની વાટ પહોંચી ન શકે એટલું ઘાસલેટ હોય અને પાસે બીજું ઘાસલેટ ન હોય તો દીવો બળતો રાખવા શું કરવું? (ચ) એકથી દસલાખ સુધીની પ્રત્યેક સંખ્યા બરાબર બોલતાં આશરે કેટલો વખત લાગે? (છ) એક મણ બરફનું એક મચિયું અને અધમણનાં બે મચિયાં એમાં વહેલું કોણ પીગળી જશે? (જ) દિલ્હીથી લંડન સીધી લીટીમાં વિમાનમાં મુસાફરી કરીએ તો કયાકયા દેશો પરથી પસાર થવું પડે? (ઝ) આ મહાપુરુષોનાં મૃત્યુ કેવી રીતે થયાં? (૧) સૉક્રેટિસ (૨) સ્વામી શ્રદ્ધાનંદ (૩) તાત્યા ટોપે (૪) લાલા લજપતરાય (૫) જોન ઑવ્ આર્ક (૬) સ્વામી દયાનંદ (૭) નેલ્સન.

Our Friends Abroad

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર વિભાગ

એક સ્ત્રીનામધારી ભાઈનો એકરાર

'કુમાર'ના જુલાઈ માસના અંકમાં 'નિર્મળા ઘેલાણી એ વ્યક્તિ એક ભાઈ છે' એવી એક ભાઈએ મોકલેલી વિશ્વસનીય હકીકત અમે પ્રગટ કરી હતી. તે પરથી અમે તે બાબત તે અટકવાળા તે નામના ભાઈ શાન્તિલાલ આ. ઘેલાણીને પુછાવતાં તેમના તરફથી એકરારનો એક લાંબો પત્ર આવ્યો છે, જેમાંનો પ્રસ્તુત ભાગ તેમની ઇચ્છા અનુસાર પ્રસિદ્ધ કરીએ છીએ:

'...નિર્મળા ઘેલાણીને નામે પત્રવ્યવહાર કરનાર હું પોતે જ... ...એક વખત મારા મિત્ર...પાસેથી 'કુમાર'ની જૂની ફાઈલ મળી... આ સાહિત્ય એક...મિત્રને બતાવ્યું...પ્રથમ તેઓએ પોતાનું નામ પ્રકાશિત કરાવ્યું. ચાર પાંચ પત્રો આવ્યા. તે વખતે 'કુમાર'માં ઘણાં થોડાં નામો પ્રકાશિત થતાં હતાં. તેમાંના ઘણાને હું પત્ર લખતો. તેનો જવાબ મને શાયદ જ મળતો... બાદ મેં મારું નામ પત્રમિત્રતાની ચાહ માટે મોકલ્યું... તેવામાં મારી પાસે હિન્દીનું 'સરિતા' તથા.. કુમાર... એકાએક સાથે આવ્યાં, જેમાં કુમારીઓનાં નામોમાં ફક્ત સ્ત્રીવર્ગ સાથે જ પત્રમિત્રતા કરવા ઇચ્છે છે તેવું કાંકેસમાં લખવામાં આવ્યું હતું. આ માટે મેં ઘણો વિચાર કર્યો. ઘણી બહેનોને તો મેં જવાબી કવર લખીને આનો જવાબ મંગાવ્યો. પણ નિરાશા થઈ... મને સ્ત્રી-પત્રમિત્રોની કમી ખલવા લાગી. અને મિત્રોના કહેવાથી ... મેં મારી નાની બહેનનું નામ નિર્મળા ઘેલાણી પ્રકાશિત કરાવ્યું ...ભલે મને અપરાધી ગણો ... પણ ખોટું નહિ બોલું... પાછળથી ...વડોદરાવાળા ભાઈના પત્રે તથા બીજા યુવાનોના પત્રે મારા મન ઉપર ગહરી છાપ પાડી અને તે માટે હું વ્યાકુળ થઈ ગયો...આ વાત હું વધારે ન ચલાવી શક્યો .. અને ... તમોને પણ ન લખી શક્યો ..

અત્યારે તો હું પોતાને પૂર્ણ દોષી માનું છું. પણ તે માટે હું બીજું કરી પણ શું શકું ? આપ કોઇ દંડ દેશો તો જરૂર સ્વીકારીશ.

મારી પ્રાર્થના છે કે આપ આ પત્રનો થોડો સારાંશ 'કુમાર'માં પ્રકાશિત કરી ... કુમાર-કુમારીઓ પાસે મારી માફીની યાચના પાઠવશો. બીજું તો શું લખુ ?'

આ ભાઈના નિખાલસ એકરાર માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ. પણ આ મનોવૃત્તિ આપણી ઊગતી પ્રજાના એક વિશિષ્ટવર્ગની મનોવૃત્તિના પ્રતીકરૂપ છે એ બાબત માટે અમને ગ્લાનિ થયા વિના રહેતી નથી. સ્ત્રી-પત્રમિત્રોના પત્રો આપમેળે આવે તો ભલે, પણ એવા જ પત્રો ખાસ મેળવવાની 'લાલસા' શા માટે થતી હોઇએ તે અમે સમજી શકતા નથી; અને પોતાની એ લાલસા સંતોષવા, ભલે પોતાની બહેનનું જ, પણ છોકરીનું નામ ધારણ કરવું એ મનોદશા હરગીઝ તંદુરસ્ત નથી. સ્વતંત્ર ભારતનો નાગરિક તો પરિશુદ્ધ, સ્વસ્થ અને બળવાન માનસવાળો બને એ 'કુમાર'ની ભાવના છે.

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

નીચેનાં સરનામે પત્રવ્યવહાર કરતી વખતે, તે તે સરનામાં પૂરાં પાડનાર વ્યક્તિઓ તરીકે જેમનાં નામ આપ્યાં છે તેમનો ઉલ્લેખ કરવો.

(1) Dagmar Veskenovo, Prague XV, Premyslova e577/3 Czechoslovakia; પત્રવ્યવહાર ફ્રેન્ચ ભાષામાં (ઉલ્લેખ: શશીકાન્ત રસાણીઆ.); (2) Arthur Distelano, 47 tower Road, Sbiemma, Malta—15, Stamp collecting; (ઉ: વસંતકુમાર જસાણી); (3) Miss Alison Shaw, 10 Elm Avanue, Forest Gate, Blackpool, England—Age: 21; (4) Miss Mariam Houlding, Abingdon, Holmfield Road, Blackpool, N.S., England. Age: 26; (ઉલ્લેખ ઈન્દુકુમાર જસાણી).

આસ્ટ્રેલિયાનાં વધુ સરનામાં

(1) Kathleen Newell, P.O. Box 257, Swan Hill, Victoria, Australia—Age: 13, Interest: correspondence sports; (2) Janice Woodland, 22 Macalister street, Sale, Victoria, Australia—14, Stamps, sports, films, photography; (3) Mairie Murdoch, 66 Sydney Street, Invercargill, South Island, New zealand—17; (4) Torna Howell, 3 Murringo Street, Young, New South Wales, Australia—14, Films; (5) Margaret Homes 43 Lyttleton Street, East Launceston, Tasmania, Australia—14; (6) Dorothy Goodall, 159 Nelson crescent, Napier, Hawkes Bay, North Island, New zealand; (7) Helen Lambert, 25 stanley Street. Black Rack., S. 9., Melbourne, Victoria, Australia—15, Sports; (8) Kon Aorons, 24 Brooklyn, South caulfield, S. E. 8., Melbourne, Victoria, Australia—15, Stamps, sports, Photography, Chemistry; (9) Miss Merania Lewis, Beach Road, Kuku Ohau, North Island, New zealand—16; (10) Betty Morgan, Lipson Road, Tumby Bay, South Australia, Australia—15, Stamps; (ii) Eva Pascoe, 'Girton', Bendigo, Victoria, Australia—15, Stamps, sports; (12) Margaret Taylor, C/o Ozone Theatre, Victor Harbour, South Australia, Australia—20. (ઉલ્લેખ: હરસુખ મોદી)

નવા હિંદી પત્રમિત્રો

(૪૦૫) પ્રફુલ્લચંદ્ર એસ. અનંતાણિ, ઠે. આઈ. સી. સ્કૂલ, પો. બોક્સ ૯મું-અ, દાર-એ-સલામ (બી. ઈ. આફ્રિકા)-૧૫, ટિકિટસંગ્રહ, ચિત્રસંગ્રહ; (૪૦૬) પ્રહલાદ હ. પટેલ, ગોયા ફળીઆ, વિરમગામ—૨૩, ટિકિટ-સિક્કા-સંગ્રહ. ફોટોગ્રાફી; (૪૦૭) દિલીપકુમાર બી. પાંડ્યા, નાનાભાઈ રોડ, અમર નિવાસ, બ્લૉક નં. ૯, ૧લો માળ, સુરત—૧૮, ફોટોગ્રાફી; (૪૦૮) ઉદય દીનુભાઈ મહેતા, ૧૭૭૭, દેસાઇની પોળ, ખાડિયા, અમદાવાદ—૧૫. ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ; (૪૦૯) વિનોદરાય ધીરજલાલ રાવળ, ઠે. શિવશંકર ઓધવજી રાવળ, મનહર પ્લૉટ, શેર નં. ૧, રાજકોટ—૧૬, ટિકિટ-સંગ્રહ, પક્ષીચિત્ર-સંગ્રહ; (૪૧૦) કિશોર મહેતા, ઠે. યુનાઇટેડ ટ્રેડિંગ કંપની, ૧૬૭ જૂની ચાઈના બજાર સ્ટ્રીટ, કલકત્તા-૧—૨૧, જીવનપ્રસંગોનો સંગ્રહ; (૪૧૧) રતિલાલ બહેચરદાસ ઠક્કર, ગઢવી વાસ, પોસ્ટ પાસે, બાવળા—ચિત્રકળા, સિનેમા; (૪૧૨) અંબાલાલ ત્રિભોવનદાસ પટેલ, ઠે. પટેલ બ્રધર્સ ઍન્ડ કો., પરબડી સામે, વરણાંમા (વડોદરા રાજ્ય)—૧૭, વ્યાયામ, સંશોધન; (૪૧૩) કિશોર મ્યાનગર, ખત્રીવાડ, વલસાડ—ચિત્રકળા, વ્યાયામ; (૪૧૪) ધીરજલાલ ગજ્જર, ૧૨૮ મતાર પાખડી રોડ, મુંબાઇ-૧૦—૧૬, (અનુ૦ પાછલા પૂઠા સામે)

બહારવટાને પંથે [૨] ક્રાન્તિકારી દળ સાથેનાં જીવન-સંસ્મરણો આલેખતી આપકથા

લેખક
જીવરામ જોષી

ક્રાન્તિકારી બની મા ભારતીનો મુક્તિસંગ્રામ લડવાની હામ જાગી. ગુજરાતમાં એવું નામચિહ્ન મળે નહિ; કશી શક્યતા નહિ; પણ લાગ્યો જ રહ્યો અને અંતે ક્રાંતિકારી બનીને રહ્યો. દુઃખો તો અનેક સહવાં પડ્યાં. વ્યવહારૂ રીતે જેને જીવન કહીએ એવી કશી પ્રાપ્તિ ન થઇ. પણ આજે એ પ્રસંગો સંભારું છું તો મહાન ઐશ્વર્યથી કે સાધનોથી જે સુખ કે સંતોષ ન સાંપડે તે એ જીવનની ભીષણતામાંથી મને સાંપડ્યું છે. વીત્યા દિવસો સંભારું છું અને આત્મા પ્રસન્ન થઇ ઊઠે છે. નિષ્કામ કર્મનો એ આનંદ સકામી નથી પામતો.

મારાં ફોઇને ત્યાં કશોક પ્રસંગ આવ્યો. ત્રણેક ગાઉ દૂર ગામ. પિતાજી સાથે હું પણ ગયો. બીજા પણ ઘણા યે મહેમાન આવેલા. સાંજે જમી પરવારીને સૌ બેઠા છે. વિશાળ આંગણામાં ખાટલા ઢળાયા છે. સૌ ગપ્પાં હાંકી રહ્યા છે. ત્યાં એ ગામના એક લુહાણા વેપારીભાઇ હાંફળાફાંફળા આવી પહોંચ્યા: 'ક્યાં ગયા ઓઘડકાકા ?'

'કેમ ભાઈ, શું છે ?' કહેતા મારા ફૂવા આવ્યા.

પેલાએ કહ્યું: 'તમે અત્યારે ને અત્યારે બળધોઇ નાસો.' ત્યાંથી થોડે દૂર બળધોઇ નામે એક ગામ હતું.

'કાં ?' ફૂવાએ પૂછ્યું.

'કાં શું ? જઇને સાઢિયો લઈ આવો.'

'પણ કંઈ કારણ ?'

'કારણ ને બારણ. આ હું આટકોટથી ચાલ્યો આવું છું. ફલાણા શેઠ અમદાવાદથી ભાગીને માંડમાંડ આવ્યા છે. કહે છે કે અમદાવાદમાં ભારે ધીંગાણું ચાલે છે. શેરીએશેરીએ ગોરા ખડા થઇ ગયા છે. જે કોઇ ઘર બહાર નીકળે તેને ગોળીએ દઈ દે છે.' આ સાંભળતાં જ બધા હોકા જેવાં મોં કરી એ ભાઇ સામે જોઇ રહ્યા. મારી ફોઈના એક દીકરા અમદાવાદ નોકરી કરતા. વય નાનું. લાડકવાયા દીકરા. તેમને લેવા જવાની એ વાત થઈ હતી.

જલિયાંવાલાના હત્યાકાંડ પછી ગાંધીજી રાજકારણમાં આવ્યા અને અંગ્રેજો તથા અંગ્રેજી રાજ્ય વિરુદ્ધ લોકોનો પ્રકોપ ફાટી નીકળ્યો. તે વેળા, ઈ. ૧૯૧૯માં, અમદાવાદમાં નાના બળવા જેવું બની ગએલું. એ પ્રસંગની એ વાત હતી.

તો હવે શું કરવું? ગોરાનો પહેરો બેસી ગયો છે. દેખે તેને મારે છે.

'એમ કરો. કાલે ગાડીમાં બેસી જાઓ.' કોઇએ કહ્યું.

લુહાણા ભાઇ કહે : 'એત્તારી ! ગાડીમાં બેસાતું હોત તો અમે સાંઢિયો લાવવાનું શા માટે કહેત? ગાડીના પાટા ઉખેડી નાખ્યા છે.'

'તો ભઈ આપણાથી યે ગામમાં શેં જવાશે ?'

'જવાય જવાય. ગોરા કાંઇ સાવ ભોટ ન હોય ! સમજે ને, કે આ બહારગામથી આવે છે !'

બીજાએ કહ્યું : 'હા હા, કહેવું કે ભઈ, અમે જામણાપુની રૈયત છીએ. છોકરાને લેવા આવ્યા છીએ.'

આવી ગાંડીઘેલી વાતો થતી રહી. મને રસ પડ્યો કેવળ ત્રણ શબ્દોમાં : ગાંધી મહારાજ, ગોરા અને ધીંગાણું.

એક ગોરાના તો, કહે છે, કે રાઈ રાઈ જેવડા ટુકડા કરીને મારગમાં વેરી દીધા. એકને ઊભો ને ઊભો સળગાવી દીધો. આવી કેટલી યે વાતો આટકોટના નાસી આવેલા શેઠ પાસેથી સાંભળેલી. લુહાણાભાઈ કહેતા રહ્યા. મને ઊંઘ આવી ત્યાં સુધી એ ચર્ચા થતી રહી.

અહીંથી મને અનુસંધાન મળ્યું કે ગાંધીજી નામના કોઈ માણસે અંગ્રેજો સામે બંડ જગાવ્યું છે. કૈં કૈં ઊર્મિઓ જાગી ને શમી ગઇ. ક્યાં હશે એ ગાંધીજી ! હા, અમદાવાદ જ હશે. ત્યાં જવાય? જવાય તો મઝા પડે. આમ વિચારી કલ્પનાતરંગમાં ડૂબી જતો.

ઘેર આવ્યા પછી ઘણા દિવસો સુધી અમદાવાદના હુલ્લડના અને ગાંધીજી શું કરે છે તેના સમાચાર જાણવા તલસતો રહ્યો, પણ કંઇ જ જાણી શક્યો નહિ. ગામમાં કોઈ નવું માણસ આવે તો તેની પાસે જાઉં. ગાંધીજીની કંઇ વાત કહે છે?

કેટલાક દિવસો વીત્યા અને ગામના પોલીસ પટેલની બદલી થઈ. તેને બદલે એક દક્ષિણી બ્રાહ્મણ ગૃહસ્થ આવ્યા. તેમના કુટુંબમાં મારા જેવડા બે છોકરાઓ પણ હતા. તરત જ ભાઈબંધી થઇ. આ દક્ષિણી કુટુંબની સુઘડતા અને ધાર્મિકતા મને ઘણાં ગમ્યાં. આખો દિવસ ત્યાં જ રમ્યા કરું. સૌ એ પોલીસ પટેલને 'દાદા' કહેતા.

એક દિવસ ટપાલીએ આવીને દાદાના હાથમાં કંઈક આપ્યું. એ કાગળ નહોતો, ચોપડીનું પડીકું પણ નહોતું. દાદાએ આનંદથી તે ખોલ્યું.

એ હતું પૂનાનું 'કેસરી' પત્ર. 'છાપું' શબ્દ મેં પહેલવહેલો ત્યારે સાંભળ્યો અને છાપું પણ પહેલું ત્યારે જ જોયું.

દાદાએ છાપું વાંચીને પહેલા જ સમાચાર એ દીધા કે ગાંધીજીને છ સાલની સજા થઈ છે. પછી તો એમણે તિલક મહારાજ અને ગાંધીજી વિષે ઘણી વાતો કહી. હું તો ખાવાનું ય ભૂલી ગયો. દાદાને ગાંધીજી વિષે કાલુંઘેલું પૂછતો રહ્યો. હવે નિશ્ચય કર્યો કે ગમે તેમ પણ અમદાવાદ જવું અને ગાંધીજીની સેનામાં ભળી જવું.

એ ગાંધીસેનામાં હું ભળ્યો હોઈશ ત્યારે કેવી મઝા આવશે !

સ્વભાવે એકાંતપ્રિય. જાણે કે ભવિષ્યના પ્રસંગો પચાવવા માટે પ્રકૃતિએ જ એ ગુણ આપી રાખ્યો હશે. સૈનિક બનવાને તરંગે ચડું એટલે મનને ચેન પડે નહિ. દૂર મહાદેવને મંદિરે ચાલ્યો જાઉં. વા સાથે વાતો કરું. કલ્પનાનું સૈનિકજીવન જીવી રહું.

એક જ ધૂન સવાર થઇ: અમદાવાદ પહોંચવું. તે ય અતિ કઠિન બન્યું. દૂરદૂર અમદાવાદ. ચાલીને પહોંચાય નહિ. સ્ટેશન પાંચેક ગાઉ દૂર. ત્યાં તો જાઉં. પણ ગાડીમાં બેસીને જવાનું ભાડું ? એ વેળા એક પૈસાનો સ્પર્શ સાંપડે તો મહાલક્ષ્મી મળ્યાનો આનંદ થતો. ત્યાં ચારપાંચ રૂપિયા ક્યાંથી મળે ?

મારા મોટા ભાઈ અમદાવાદ હતા. પિતાજીને કૈલાસવાસી થયાંને બેએક વર્ષો વીતેલાં. ભોળાં બાને સમજાવ્યાં કે હું ભણવા અમદાવાદ જાઉં. બાએ ના કહી. મેં હઠ લીધી, છૂટી નહિ આપો તો ચાલીને જઈશ. માતાનું હૃદય પીગળ્યું. દીકરો ચાલીને જો જવા માંડે તો ? ઓહો ! કેવો દુઃખી થાય ! બાએ ભાડા જેટલા પૈસા મને આપ્યા.

બાળક હો, વૃદ્ધ હો, પશુ હો કે ગાંડો કહેવાતો માનવી હો; એને ઇચ્છિત મળે છે ત્યારે એનું અંતર આનંદવિભોર બને છે. અને તેમાં યે કશા સ્વાર્થ વિનાના ધ્યેયને પહોંચી વળવા માર્ગ કે સાધન મળે છે ત્યારે તો એ સાધકની પ્રસન્નતા દૈવી હોય છે. લોક ભાષામાં યે 'કોઈના માટે, પરાયાના સુખ માટે' પોતે દુઃખ વેઠીને ય કંઈક કરી શક્યો એવું લાગે છે ત્યારે એ કર્મયોગી મૂક પ્રસન્નતામાં

પીગળી જાય છે. એ પળ એને માટે ધન્ય હોય છે.

શો આનંદ! શી તાલાવેલી! નાચતોકૂદતો સ્ટેશને પહોંચ્યો અકસ્માત એક સાથ મળી ગયો. આગગાડીની મોજભરી યાત્રા કરતો અમદાવાદ પહોંચ્યો.

પ્યારું ગામ આજે છોડયું. પ્રિય ગ્રામજીવન છોડયું. કોણ જાણી શકે એમ હતું કે એ સદાને માટે છૂટી રહ્યું છે? ભોળાં બાને એકલાં મૂકી ચાલ્યો જાઉં છું. વર્ષો પછી આંસુ ગળી જીભે કોઈની પાસે લખાવી ઠેઠ કાશીએ, કોઇ સંદેશો મોકલે છેઃ 'તારી બા રોયા કરે છે. એક વાર આવી જા, એમ દીકરાને કહેજે.' હું ઉત્તર લખાવું છું: 'મા-ની પણ મા ભારતમાનાં આંસુ લૂછવા દીકરો મથે છે એમ બાને કહેજે.'

બાના પ્રેમભાવની કેવી કઠોર અવગણના! જાતે એક કાગળ લખીને ય માડીના હૈયાને સંતોષ્યું નહિ.

આ વર્તનનું કોઈ મૂલ્ય કરી શકે? કેવી ધૂન હશે? કેવી નિષ્ઠા હશે? ત્યારે મા ભારતીના સ્વાધીનતાસંગ્રામની ધૂન લોહીના કણે-કણમાં વહી રહી હતી. અરે, આત્મા એથી લપેટાઈ ગયો હતો!

આનાં બીજ લઇને હું અમદાવાદ પહોંચ્યો.

અનિષ્ટ

લેખક · **નરસિંહભાઈ પટેલ**

ચિત્રકાર · શ્રી નંદલાલ વસુ

'ડમ ડમ ડમાક!...ડમ ડમાક!' મદારીનું ડમરું સંભળાયું અને હું પૂરું ખાધા વિના જ દોડયો. રામુના ઘર સામે લોકોનું ટોળું જામ્યું હતું. મદારી કાળા ખડક જેવા રીંછને નચાવતો હતો. પાસે જાદુભરી ઝોળી પડી હતી. મદારીએ વિકરાળ રીંછ પાસે મારા જેવાં નાનાં બાળકોને સલામ ભરાવી. દંડબેઠક કરાવ્યાં અને ગુલાંટ ખવડાવી; પછી તેને મદારણને સોંપી થોડા જાદુના પ્રયોગો કર્યા. લોકોએ એની ઝોળીમાં જુવ૨ ચોખા નાખ્યા; તે લઈ એ જતો રહ્યો. આ બનાવે મારી કલ્પનાશક્તિને એટલી બધી ઉશ્કેરી મૂકી કે તે રાતે ઊંઘમાં ખૂબ ખલેલ પહોંચી.

હું મદારીનો ખેલ જોયા કરતો હતો. પણ એક ક્ષણમાં, ન સમજાય એ રીતે હું મદારી બની ગયો. હાથમાંનું ડુગડુગિયું ખૂબ જોરથી વગાડતો હતો ને સામે રીંછ ડમરાના ભયજનક તાલ પ્રમાણે નાચતું હતું. નાચવામાં એ એટલું તો મશગુલ હતું કે એની વિકરાળતા એ તદ્દન વીસરી ગયું. નાચમાં જાણે એને પોતાને જ આનંદ આવતો હતો.

ડાકલું વાગતું બંધ પડયું એટલે કોઈ અણજાણ કઠોરતાએ મારી નસોને ચિતવવા માંડી. ચામડી ખરબચડી થતી ગઇ. મારે આખે શરીરે મેં લાંબા કાળા વાળ ઊગતા જોયા. નખો વધી અણીદાર બનવા લાગ્યા. મોંમાં જડબાં માતાં ન હતાં અને મારી ઈચ્છા છતાં દાંત કચકચાવતાં અટકી શક્યાં નહિ. હું ગભરાયો. બોલવા ગયો પણ ગળામાંથી ઘુરકાટ જ બહાર નીકળ્યો! કાન મોટા થયા, પૂછડી ઊગી અને ચારે પગે ચાલવા લાગ્યો! અંતરમાં ઊઠેલી પિશાચી વૃત્તિએ મારા આખા દેહનું રૂપ બદલી નાખ્યું હું તો છેક બેબાકળો બની ગયો. શું હું રીંછ થઇ ગયો હતો? એ મારે માટે અસહ્ય હતું, મનુષ્ય રહેવાના છેલ્લા ધમપછાડામાં મને નિરાશા જ સાંપડી.

લાગણીની મૃદુતા કર્કશ બનતી ચાલી અને મન જોતજોતાંમાં ઘાતકી બની ગયું. જે જોઉં તેને ફાડી ખાવાની ભૂખ જાગી. પાસે બેઠેલાં છોકરાં પર હું તૂટી પડયો અને નહોર વડે તેમને ચીરવા મંડયો. સામે મદારી બાઘા જેવો બેઠો હતો. તેના હાથમાં ડમરું નહોતું જણાતું, એટલે તેના પર તરાપ મારી. બીચારો મદારી મારા



ક્રૂર પંજા નીચે તરફડવા લાગ્યો. તેની દયાજનક ચીસ સાંભળવામાં મને મઝા પડી.

'ડમાક્...ડમ ડમ...ડમાક્!' અચાનક ક્યાંકથી ડમરુ વાગી ઊઠયું. મારો ઉશ્કેરાટ ધીમે ધીમે ઊતરવા લાગ્યો. હું નાચવા મંડયો. જેમ જેમ ડમરુ વાગતું ગયું, તેમ તેમ મારો અસલ સ્વભાવ આવતો ગયો. મોં, કાન, નખ વગેરે નાનાં થતાં ચાલ્યાં. વાળ પણ ખરવા માંડયા. હૃદયની લાગણીહીનતા ઘટી. હું રીંછ મટી ગયો.

અને જોતાં જણાયું કે મારા જ હાથમાં પેલું ડાકલું હતું, હું જ મદારી હતો!

માનસિક શ્રમ બહુ લાગ્યો હતો એટલે મેં લાંબો શ્વાસ ખેંચ્યો, અને તેની સાથે જ મારું સ્વપ્ન ભાંગ્યું.

ત્યારપછી હું સંતોષથી ઘસઘસાટ ઊંઘ્યો.

[થોડા સમયમાં પ્રકટ થનાર 'વીસ સ્વપ્નકથાઓ' પૈકીની એક]

હવે

આપણે ભવિષ્યના સંગ્રામની તૈયારીઓ કરવાની છે. આપણી લાંબી સફર તો હજુ હવે શરૂ થાય છે. પારકાઓની સાથે લડવું સહેલું હોય છે પણ પોતાનાં જ અશક્તિઓ સામે લડવું એ ઘણું મુશ્કેલ કાર્ય છે.... સમસ્ત દેશને આપણા રંગે આપણે રંગી દેવો છે, પણ હજુ તો આપણા કુટુંબીઓને પણ રંગી શકયા નથી. આપણે પાછલાં વર્ષોની કડવી સ્મૃતિઓ ભૂલી જઇએ અને ભારતને સુદૃઢ, સપન્ન અને સુખી બનાવવાના કાર્યમાં લાગી જઇએ. આપણી સ્વતંત્રતાને સ્થાયી બનાવવા માટે આપણે અત્યંત પરિશ્રમ કરવો પડશે. આપણા ઉદ્યોગધંધાઓ વધારવા પડશે, એક મોટું બળવાન સૈન્ય ઊભું કરવું પડશે-એ પ્રત્યેક દેશભક્ત ધ્યાનમાં રાખવું જોઈએ. —સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૧૪]

અભિનય

આંગિકાભિનય-૨

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

ઉપાંગોના વિવિધ ચલનો આપણે ગયા અંકમાં જોયાં. હવે મસ્તક વગેરે અંગોનાં કર્મો જોઇએ.

મસ્તક: મસ્તકના જુદાંજુદાં તેર ચલનો છે. તે આ પ્રમાણે: (૧) આકંપિતમ્, (૨) કંપિતમ્, (૩) ધૂતમ્, (૪) વિધૂતમ્, (૫) પરિવાહિતમ્, (૬) આધૂતમ્, (૭) અવધૂતમ્, (૮) અંચિતમ્, (૯) નિહંચિતમ્, (૧૦) પરાવૃત્તમ્, (૧૧) ઉત્ક્ષિપ્તમ્, (૧૨) અધોગતમ્ અને (૧૩) લોલિતમ્. એમનાં લક્ષણો આ પ્રમાણે છે:

આકંપિતમ્: મંદ કંપન (ઉપર નીચે).

કંપિતમ્: અધિક કંપન (ઉપર નીચે).

ધૂતમ્: પાર્શ્વ કંપન (બન્ને બાજુ).

વિધૂતમ્: ત્વરિત કંપન (ધ્રુજવું).

પરિવાહિતમ્: અનુક્રમે ડાબે જમણે ફરવું.

આધૂતમ્: ઉપરની તરફ ત્રાંસું.

અવધૂતમ્: અધોકંપન.

અંચિતમ્: એક તરફ ફેરવેલું મસ્તક.

નિહંચિતમ્: ખભા ઊંચા અને દાબેલી ડોકવાળું મસ્તક.

પરાવૃત્તમ્: પરાવૃત્તાનુકરણ (પાછા વળતા હોઇએ તેમ મસ્તકથી અનુકરણ કરવું તે).

ઉત્ક્ષિપ્તમ્: ઊર્ધ્વ મુખ—ઊંચે રાખેલું મસ્તક.

અધોગતમ્: અધોમુખ—નીચે ઢળેલું મસ્તક.

લોલિતમ્: ચોતરફ ફરતું મસ્તક.

તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે:

આકંપિતમ્: ઉપદેશ, પૃચ્છા, ભાષણ, વસ્તુનિર્દેશ, બોલાવવું વગેરેમાં.

કંપિતમ્: રોષ, વિતર્ક, પૃચ્છા, વ્યાધિ, અમર્ષ ઈત્યાદિમાં.

ધૂતમ્: વિષાદ, વિસ્મય, પાર્શ્વ-અવલોકન ઈત્યાદિમાં.

વિધૂતમ્: શીતગ્રસ્ત, ભયભીત, ત્રાસ, જ્વર અને મદ્યપાનમાં.

પરિવાહિતમ્: વિસ્મય, હર્ષ, સ્મરણ, અમર્ષ, વિચાર, વિલાસ, સંતાડવું વગેરેમાં.

આધૂતમ્: ગર્વ, ઈચ્છાદર્શન, ઊર્ધ્વ નિરીક્ષણ ને લાયકાત બતાવવામાં.

અવધૂતમ્: સંદેશ, સંભાષણ, આલાપ ઇત્યાદિમાં.

અંચિતમ્: વ્યાધિગ્રસ્ત, મૂર્છિત, ચિંતા, દુઃખ ઈત્યાદિમાં.

નિહંચિતમ્: ગર્વ, વિલાસ, લલિત, બિબ્બોક, માન, કિલ, કિંચિત્ વગેરે સ્ત્રી ભાવોમાં.

પરાવૃત્તમ્: મુખ પાછું ખેંચવામાં, પૂછનારને જોવામાં

ઉત્ક્ષિપ્તમ્: ઊર્ધ્વ નિરીક્ષણ, ઊંચી કે દિવ્ય વસ્તુ ગ્રહણ કરવામાં.

અધોગતમ્: લજ્જા, પ્રણામ, અને દુઃખમાં.

લોલિતમ્: મૂર્છા, વ્યાધિ, મદ, આવેશ, નિદ્રા આદિમાં.

આ સિવાય બીજી લોક-અભિનયને અનુસરતી મસ્તકની અન્ય ક્રિયાઓ પણ છે.

મુખરાગ: સુખદુઃખવાળી અવસ્થામાં મુખની જુદીજુદી ચાર દશાઓ સંભવે છે: (૧) સ્વાભાવિકમ્, (૨) પ્રસન્નમ્, (૩) રક્તમ્ અને (૪) શ્યામમ્. તેમનો વિનિયોગ આ પ્રમાણે છે:

સ્વાભાવિકમ્: સ્વાભાવિક અભિનયોમાં અને મધ્યસ્થ ભાવોમાં.

પ્રસન્નમ્: હાસ્ય, શૃંગાર અને અદ્‌ભુતમાં.

રક્તમ્: રૌદ્ર, વીર, મત્ત, મદ અને કરુણમાં.

શ્યામમ્: ભયાનક અને બીભત્સમાં

કંઠ: ડોકનાં નીચે પ્રમાણે નવ પ્રકારનાં કર્મો છે: (૧) સમા, (૨) નતા, (૩) ઉન્નતા, (૪) ત્રસ્તા, (૫) રેચિતા, (૬) કુંજિતા, (૭) અંચિતા, (૮) વલિતા અને (૯) નિવૃત્તા. તેમનાં લક્ષણ આ મુજબ છે:

સમા: સ્વાભાવિક

નતા: નમેલી-ઢળેલા મસ્તકવાળી ડોક.

ઉન્નતા: ઉન્નત—ઊંચી ડોક.

ત્રસ્તા: પાર્શ્વગતા—એક તરફ નમેલી ડોક.

રેચિતા: ચલાયમાન—બન્ને બાજુ ડોક ખસેડવી.

કુંજિતા: દબાએલી ડોક.

અંચિતા: લંબાવેલી કે આગળ તાણેલી ડોક.

વલિતા: પાર્શ્વોન્મુખી—એક તરફ ફેરવી લીધેલી ડોક.

નિવૃત્તા: સમસ્થિત—ટટાર અને અક્કડ ડોક.

તેમનો વિનિયોગ નીચે મુજબ કરવાનો કહ્યો છે:

સમા: ધ્યાન, જપ અને સ્વાભાવિક કર્મોમાં.

નતા: માળા, હાર વગેરે ગળાનાં ઘરેણાં પહેરવામાં.

ઉન્નતા: ઊંચેની વસ્તુ જોવા વગેરેમાં.

ત્રસ્તા: ખભા પરના ભાર અને દુઃખમાં.

રેચિતા: શૃંગાર, વિલાસ, નૃત્ત, ભારવહન અને મંથન (વલોવવા)માં.

કુંજિતા: ભારગ્રહણ (માથાપર ભાર હોય તે વખતે) અને ગળાના રક્ષણમાં.

અંચિતા: વાળ ખેંચવામાં, સૂક્ષ્મ અવલોકન વગેરેમાં.

વલિતા: અપ્રિય ક્રિયા કે બલાત્કારે કરાતા ચુંબન વગેરેમાંથી છૂટવા બીજી તરફ જોઈ જવામાં.

નિવૃત્તા: રૌદ્ર, વીર, અદ્‌ભુત, ગર્વ આદિમાં.

સ્કંધ: ખભાની જુદીજુદી પાંચ સ્થિતિઓ છે: (૧) એકોચ્ચમ્, (૨) કર્ણલગ્નમ્, (૩) ઉચ્છ્રિતમ્, (૪) સ્રસ્તમ્ અને (૫) લોલિતમ્. તેમનાં લક્ષણો નામાનુસાર સમજી શકાય તેવાં છે.

તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો હોય છે:

એકોચ્ચમ્: ભાલો કે છરો વગેરે મારવામાં.

કર્ણલગ્નમ્: મિલન તથા ઠંડી ઈત્યાદિમાં.

ઉચ્છ્રિતમ્: હર્ષ અને ગર્વમાં.

સ્રસ્તમ્: સુખદુઃખમાં.

લોલિતમ્: નૃત્ત, હાસ્ય વગેરેમાં.

ઉર: છાતીની પણ જુદીજુદી પાંચ અવસ્થાઓ છે: (૧) આભુગ્નમ્, (૨) નિર્ભુગ્નમ્, (૩) પ્રકંપિતમ્, (૪) ઉદ્વાહિતમ્ અને (૫) સમમ્. તેમનાં લક્ષણ નીચે પ્રમાણે વર્ણવ્યાં છે:

આભુગ્નમ્: વાંકા ખભા અને ઊંચી પીઠવાળી નમેલી છાતી.

નિર્ભુગ્નમ્: પાછળ પડતા ખભા અને નમેલી પીઠવાળી ઉન્નત છાતી

પ્રકંપિતમ્: છાતી નાની મોટી થવી-ફૂલવી તથા સંકોચાવી.

ઉદ્વાહિતમ્: ચડેલી છાતી.

સમમ્: સૌષ્ઠવયુક્ત સમાન અવયવોવાળી છાતી.

તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો છે:

આભુગ્નમ્ : સંભ્રમ, વિષાદ, મૂર્છા, શોક, ભય, વ્યાધિ, લજ્જા, વર્ષા વગેરેમાં.

નિર્ભુગ્નમ્: સ્તંભ, માન, વિસ્મય, બગાસું, ગર્વ, ઉત્સેક તથા 'અહમ્' એવાં ગર્વવચન વગેરેમાં.

પ્રકંપિતમ્ : હાસ્ય, રુદન, સંભ્રમ, ભય, શ્રમ, વ્યાધિ, શ્વાસ, કફમાં.

ઉદ્વાહિતમ્ : દીર્ઘ ઉચ્છ્વાસ તથા બગાસું ખાવામાં.

સમમ્ : સ્વાભાવિકપણામાં.

પાર્શ્વ : પડખાંની નીચે પ્રમાણે પાંચ દશાઓ છે: (૧) નતમ્, (૨) સમુન્નતમ્, (૩) પ્રસારિતમ્, (૪) વિવર્તિતમ્ અને (૫) અપસૃતમ્. તેમનાં લક્ષણો નીચે પ્રમાણે યોજવાનાં શાસ્ત્રમાં કહ્યાં છે.

નતમ્: કટિપાર્શ્વ-ઢળેલા ખભાવાળાં નમત પડખાં

સમુન્નતમ્: ઊંચા ખભાવાળાં નમતાં પડખાં.

પ્રસારિતમ્: લાંબાં પડખાં.

વિવર્તિતમ્: ત્રણ ભાગમાં ફેરવાએલાં પડખાં.

અપસૃતમ્ : વિવર્તિતમ્માંથી મૂળ સ્થિતિમાં આવેલાં પડખાં.

તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો કહ્યો છે:

નતમ્: પાસે સરકવામાં.

સમુન્નતમ્: પાછા ખસવામાં.

પ્રસારિતમ્: અતિ હર્ષમાં.

વિવર્તિતમ્: પાછળ વળવામાં.

અપસૃતમ્: સીધા ફરવામાં.

ઉદર : પેટની ત્રણ અવસ્થાઓ છે: (૧) ક્ષામમ્, (૨) ખલ્લમ્ ને (૩) પૂર્ણમ્. તેમનાં લક્ષણો નીચે પ્રમાણે કહ્યાં છે:

ક્ષામમ્: દૂબળું-ખેંચાએલું.

ખલ્લમ્: ખાડો પડેલું.

પૂર્ણમ્: ફૂલેલું. તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો કહ્યો છે:

ક્ષામમ્: હાસ્ય, રુદન, નિશ્વાસ અને બગાસું ખાવામાં.

ખલ્લમ્: ભૂખ, થાક, રોગ વગેરેમાં.

પૂર્ણમ્: સ્થૂલતા, તંદ્રા, ઉચ્છ્વાસ વગેરેમાં.

કટિ : કેડનાં પાંચ ચલનો આ પ્રમાણે છે: (૧) છિન્ના, (૨) નિવૃત્તા, (૩) રેચિતા, (૪) કંપિતા અને (૫) ઉદ્વાહિતા. તેમનાં લક્ષણો:

છિન્ના: મધ્યમાંથી લચકતી કેડ.

નિવૃત્તા : અભિમુખી-માથું ઊંચું રાખી કેડ સીધી રાખવી તે.

રેચિતા : સર્વતોભ્રમણા-ચોતરફ ફરતી કેડ.

કંપિતા : વાંકાચૂંકા હાલતી કેડ.

ઉદ્વાહિતા : પડખાં અને નિતંબથી ઢંકાઈ ગએલી કેડ.

આ ચલનોનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો હોય છે:

છિન્ના : વ્યાયામ, નૃત્ત વગેરેમાં.

નિવૃત્તા : વલોવવામાં અને પાછું વળી જોવામાં.

રેચિતા : નાજુક ચાલ, ભ્રમણ વગેરેમાં.

કંપિતા : કુબડા, વામન અને નીચની ચાલમાં

ઉદ્વાહિતા : સ્થૂલ કે સ્ત્રીની લજ્જાયુક્ત ગતિમાં.

ઉરુ : સાથળનાં કર્મો પણ પાંચ છે: (૧) કંપનમ્, (૨) વલનમ્, (૩) સ્તંભનમ્, (૪) ઉદ્વર્તનમ્ અને (૫) નિવર્તનમ્. તેમનાં લક્ષણો:

કંપનમ્: કંપિત સાથળ (પાનીના ઊંચાનીચા થવાથી).

વલનમ્: ઘૂંટણ અંદરના ભાગમાં રહેતાં થતી સાથળની ધારણ દશા.

સ્તંભનમ્: સ્થિર અને સજ્જડ સાથળ.

ઉદ્વર્તનમ્ :
નિવર્તનમ્ : } લક્ષણો અસ્ફૂટ છે.

તેમનો વિનિયોગ આ મુજબ કરવાનો કહ્યો છે:

કંપનમ્ અને નિવર્તનમ્: અધમ પાત્રની ગતિમાં.

વલનમ્: સ્ત્રીની સ્વેચ્છાભરી ચાલમાં.

સ્તંભનમ્: ભય અને વિષાદમાં.

ઉદ્વર્તનમ્: વ્યાયામ અને તાંડવમાં.

નિવર્તનમ્: સભ્રમ અને ભ્રાન્તિયુક્ત ભ્રમણમાં

જંઘા : જાંઘનાં પણ નીચે પ્રમાણે પાંચ કર્મો છે: (૧) આવર્તિતમ્, (૨) નતમ્, (૩) ક્ષિપ્તમ્, (૪) ઉદ્વાહિતમ્ અને (૫) પરિવૃત્તમ્. તેમનાં લક્ષણ આ મુજબ છે:

આવર્તિતમ્: જમણો પગ ડાબી તરફ અને ડાબો જમણી તરફ.

નતમ્: નમેલી જાંઘ.

ક્ષિપ્તમ્: વિક્ષેપિત-બહાર ફેંકાએલી જાંઘ

ઉદ્વાહિતમ્: ઊંચી જાંઘ

પરિવૃત્તમ્: ઉદ્વાહિતથી ઉલટી સ્થિતિ.

તેમનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો કહ્યો છે:

આવર્તિતમ્: સંભ્રમ, પરિભ્રમણ અને વિદૂષકની ગતિમાં.

નતમ્: આસન તથા બેસવા વગેરેમાં.

ક્ષિપ્તમ્: વ્યાયામ અને તાંડવમાં.

ઉદ્વાહિતમ્: વક્ર ગતિમાં.

પરિવૃત્તમ્: તાંડવ આદિમાં.

અહીં આંગિકાભિનયનું પ્રકરણ સમાપ્ત થાય છે. હાથની મુદ્રાઓ તથા નૃત્તમાં પગની વિવિધ ગતિઓ એક રીતે તો આંગિકાભિનયનો જ એક ભાગ છે,-કેમકે હાથ અને પગ શરીરનાં મુખ્ય અંગ જ છે. પણ તેને આપણે આગળ ઉપર જુદા પ્રકરણોમાં જોઇશું. (ચાલુ)

એમ? કેમ

સાપ શામાટે વારેવારે પોતાની જીભ બહાર કાઢે છે?

ઘણા લોકોએ જોયું હશે કે સાપ વારંવાર પોતાની લાંબી પાતળી જીભ બહાર કાઢતો હોય છે. સાપને કાન હોતા નથી એ તો ઘણાંને ખબર હશે. વૈજ્ઞાનિકો એમ માને છે કે જીભની આ ક્રિયા અવાજ સાંભળવા માટે હોવી જોઇએ. પ્રખ્યાત પ્રાણીશાસ્ત્રજ્ઞો માને છે કે સાપની જીભ બે કામમાં આવે છે: એક તો સાંભળવામાં અને બીજી સૂંઘવામાં. આમ, સાપ જીભ વડે નાક તથા કાનનું કામ કરતો હોય છે.

બેસતાં પહેલાં કૂતરો ગોળગોળ ફરીને જ કેમ બેસે છે?

લગભગ દરેક જણે જોયું હશે કે બેસતાં પહેલાં કૂતરો કેટલી યે વાર ગોળગોળ ફરતો હોય છે. વૈજ્ઞાનિકો કહે છે કે આપણા પાળેલા કૂતરા, મૂળ તો જંગલી કૂતરા ને વરૂમાંથી ઊતરી આવેલા છે તેમના એ વડવાઓ જંગલ અથવા ઝાડીઓમાં રહેતા. આથી કોઇ જગ્યાએ બેસવું હોય તો પહેલાં નીચેનું ઘાસ અથવા બીજી વનસ્પતિ દબાવી દઈ, જમીન એકસરખી કરી, આરામથી સૂઈ શકાય તેવી બનાવવી પડતી. તેથી તે ગોળગોળ ફરીને પોતાના પગ વડે પથારી જેવું બનાવી લેતા. તેમની એ પ્રવૃત્તિ આનુવંશિક રૂપે આપણા કૂતરાઓમાં ઊતરી આવી છે. કૂતરો જ્યારે થાકેલો અથવા અર્ધ નિદ્રામાં હોય છે ત્યારે આ ક્રિયા વધારે વખત કરે છે, કારણ તેવે વખતે તેની જુગજૂની ટેવ વધુ જોરથી સજીવન થએલી હોય છે.



માધુકરી

અગર બ્હેતર, ભુલી જાજે અમારી યાદ ફાની,
બુરી યાદે દુભવજે ના સુખી તમ જિન્દગાની
યદિ સ્વાધીનતા આવે-વિનંતી ભાઈ! છાની:
અમોને યે સ્મરી લેજે જરી-પલ એક નાની.

—ઝવેરચંદ મેઘાણી

૨૧૦ નર્તકી મેનકા

સંસ્કૃતિના ઇતિહાસમાં એકદા ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચેલી હિંદની પરંપરાગત નૃત્યકળા જ્યારે મૃત્યુપંથે પળી હતી, તેના પર કાળના પોપડા ચડી જઇને તે નિસ્તેજ થઈ મરવાને વાંકે જીવતી હતી, અને અમુક સ્થળોમાં તો વિકૃત રૂપમાં માત્ર વારાંગનાઓની રોજીનું હલકટ સાધન બની ગઇ હતી, એવા નિરાશાભર્યા કાળમાં, આપણી પ્રાચીન નૃત્યકળાની એ બુઝાતી જ્યોતને પોતાની એકનિષ્ઠ સાધનાનું તેલ સીંચીને ફરી દીપ્તિમાન બનાવનાર એક કલયિત્રી બંગાળમાં પ્રકટી. તેણે લુપ્ત પામતા એ સંસ્કારધનને બચાવી લઈ તેમાં નવવિચારનો પ્રાણ અને નૂતન ચેતના પૂર્યાં અને એ જ્યોતને પુનઃપ્રકાશમાન કરી એટલું જ નહિ, પણ આંતરરાષ્ટ્રીય તખ્તા ઉપર રજૂ કરીને ફરી એકવાર હિંદની નૃત્ય કળાને ઉચ્ચ સ્થાને સ્થાપી બીજા દેશોની કલાઓ વચ્ચે શ્રેષ્ઠ પદ અપાવ્યું. હિંદી નૃત્યકલાની એ અને સમર્થ પુનરુદ્ધારકનું મૂળ નામ લીલા સોખે, પણ નૃત્યજગતમાં જાણીતું તેનું નામ મેનકા.

એનો જન્મ પૂર્વ બંગાળના એક શ્રીમંત બ્રાહ્મણ જમીનદાર શ્રી પી. એલ. રાયને ત્યાં થયો હતો અને નાનપણથી જ તેના પિતાએ તેને શિક્ષણ માટે ઇંગ્લંડ મોકલી હતી. ઊગતી અવસ્થાથી જ કલા પ્રત્યે પ્રતિભાવંત અભિરુચિ ધરાવનારી લીલાએ ત્યાં વાયોલિન બજાવવા ઉપર અજબ પ્રભુત્વ મેળવ્યું હતું અને લંડનમાં યોજાતા મેળાવડાઓમાં તેનું પ્રદર્શન પણ થતું.-પરંતુ તેના પિતાને આ વાત નાપસંદ હોવાથી એક વખત ગુસ્સે થઇને તેમણે તેનું વાયોલિન તોડીને ફેંકી દીધું. પણ કલાસાધનાનું અધૂરૂં રહેલું લીલાનું અરમાન આથી દબાઇને મુંગળાઈ રહ્યું નહિ. તેણે બમણા જોમથી નૃત્યના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને તેની સ્વાભાવિક કલાપ્રતિભા સાધનાના બળે તેમાં પ્રકાશમાન બની ઊઠી. લંડન અને પારીસમાં તેણે કરી બતાવેલા પ્રયોગોએ સારી પ્રશંસા મેળવી અને નૃત્યકલાના ક્ષેત્રમાં આમ પ્રવેશ પામેલી લીલા 'મેનકા'નું મધુર નામ ધારણ કરી હિંદને કિનારે ઊતરી.

પણ ઇંગ્લંડમાં મેળવેલી આ નિપુણતા હજી શૉખની મર્યાદામાં જ હતી; સાધના હજી બાકી હતી. હિંદ આવીને તેણે એકચિત્તે દેશની પ્રાચીન નૃત્યકળાનો અભ્યાસ કરવા માંડયો. જે કાળે નૃત્ય પ્રત્યે આ દેશમાં ખાનદાન કુટુંબોમાં નફરત હતી અને તે ફક્ત વારાંગનાઓની જ કળા ગણાતી એ કાળમાં પણ એ જન્મજાત કલયિત્રીએ સમાજની સૂગ અને તિરસ્કારની સામે ટક્કર ઝીલીને પણ પોતાની એકાગ્ર ઉપાસના ચાલુ રાખી. ઉત્તર હિંદના દાસી, આતમ અને દક્ષિણ હિંદના કથકલી નૃત્યોનો તેણે સૂક્ષ્મ અભ્યાસ કરી પારંગતતા પ્રાપ્ત કરી. અને એ નૃત્યો તેણે માત્ર શીખી લઇને જ સંતોષ ન માન્યો, પણ તેમાં પોતાની ઉપજાત કલા પણ ઊમેરી. હિંદનાં લોકનૃત્યોમાં રહેલી પ્રચ્છન્ન કલાશક્તિ પ્રથમ પિછાનનાર પણ તે જ સૌ પહેલી વ્યક્તિ હતી. કથક નૃત્યના શ્રેષ્ઠ કલાકારો ગણાતા પંડિત સીતારામ મિશ્ર અને ગુરુ રામદત્ત મિશ્ર પાસેથી તેણે એ પદ્ધતિની શાસ્ત્રીય તાલીમ એવી તો સરસ રીતે મેળવી કે કથક નૃત્યની તે પ્રથમ પંક્તિની નિષ્ણાત ગણાવા લાગી, એટલું જ નહિ પણ એ પદ્ધતિમાં કેટલીક નવી સુધારણા કરીને યાંત્રિક બની ગએલા

માસમાસનાં પંખી

૨૨-કાજિયાં



તળાવ કે નદી કિનારે ૫૦થી ૧૦૦ના જૂથમાં દેખાતા, કાગડા જેવા, પણ કદમાં સહેજ મોટા આ પંખીઓ સંસ્કૃતમાં તો नीर काकम् (પાણીના કાગડા) જ કહેવાય છે. ચળકતા કાળા રંગનું શરીર, ગળાની નીચે થોડો સફેદ ભાગ, કાળાશ પડતા બદામી રંગની, સાધારણ લાંબી, મે.ળ, પણ છેડેથી આંકડા જેવી વળેલી ચાંચ અને મોળાશ પડતી મજબૂત (stiff) પૂંછડી એ આ પંખીની વિશેષતા. જો કે નાનામોટા કદની તેની ત્રણ જાતો થાય છે, પણ આપણે ત્યાં બારે માસ દેખાય છે તે તો ઉપર જણાવેલી સૌથી નાની જાત.

જળકુકડીની માફક આ પખીઓનો પણ મુખ્ય ખોરાક છે માછલાં (કવચિત્ કરચલા અને દેડકાં પણ). પાણીમાં ડૂબકી મારી ચપળતાથી પોતાની ચાંચમાં માછલું પકડીને તે પાણીની સપાટી પર આવે છે ને ચપ દઇને ગળી જાય છે. માછલાં પકડવાની તેની આ સહજ કળાનો જાપાનીઓ પોતાના સ્વાર્થ માટે અદ્‌ભુત ઉપયોગ કરે છે. મજા પ્રમાણે ૮-૧૦ કાજિયાં લઈ તે માછલાં પકડવા જાય છે. તે દરેકને પગે દોરી બાંધેલી હોય છે ને ગળામાં એક કડી એવી રીતે પહેરાવેલી હોય છે કે જેથી કાજિયાનો શ્વાસોચ્છ્વાસ ચાલુ રહે, પણ તે માછલું ગળી જઇ ન શકે. પછી તેમને પાણીમાં છોડે છે. જેવું કોઈ કાજિયું માછલી પકડે કે તરત તે તેને દોરી વડે હોડીમાં ખેંચી લઈ તેના મોંમાંનું માછલું કાઢી લે છે. આમ, હાથપગ હલાવ્યા વિના, વગર મહેનતે જાપાનીઓ માછલાં પકડે છે!

વર્ષાનો અંત એ એમનો ગર્ભાધાન કાળ. ખાસ કરીને પાણીની વચ્ચોવચ ઊગેલા બાવળ આદિ ઝાડ પર તેઓ સેંકડોની સંખ્યામાં ભેગાં મળી માળાઓ બાંધે છે અને ૪થી૫ આછા વાદળી-લીલા રંગનાં ઇંડાં મૂકે છે.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી સંપાદિત)



મેનકાનો એક નૃત્યાભિનય (બ્લૉક: 'ભારતી'ના સૌજન્યથી)

તે નૃત્યમાં નૂતન પ્રાણનો સંચાર કર્યો. નૃત્યકલાના આ બધા પ્રકારોનું સૂક્ષ્મ જ્ઞાન મેળવવા જે અનેક કષ્ટો અને અશ્રાન્ત પરિશ્રમ સહેવા પડે છે તેનો ખ્યાલ સામાન્ય માણસને ન આવે. એ અનન્ય સાધનામાં ઓછી મહેનતના ટૂંકા રસ્તાને બિલકુલ સ્થાન નથી હોતું. આવા કઠોર અભ્યાસમાં, અને તે પણ નૃત્યકલા જ્યારે ઉપેક્ષિત હતી અને તેમાં પડનાર સ્ત્રી તિરસ્કૃત ગણાતી એવા કાળમાં પડનાર મેનકાનું નિશ્ચયબળ અને તપસાધના કેટલાં દૃઢ હશે તેનો ખ્યાલ આવશે.

અને આ લાંબી તપશ્ચર્યા પછી જ્યારે મેનકા ભારતનાટ્યશાસ્ત્ર પદ્ધતિનાં તેનાં 'ઉષા', 'લક્ષ્મીજન્મ' અને 'ભક્તિભાવ'ના નૃત્યપ્રયોગો લઇને જનતા આગળ ઊતરી ત્યારે ચોમેરથી એકીઅવાજે તેના પર પ્રશંસા વર્ષવા લાગી. નૃત્યના વ્યાયામથી ઘડાએલી તેની દેહયષ્ટિ એટલી સુડોળ અને સૌન્દર્યમંડિત હતી કે નૃત્ય કરવા તે રંગમંચ પર પ્રવેશતી ત્યારે જાણે સ્વર્ગમાંથી કોઇ અપ્સરા ઊતરી આવી હોય એવો ભાસ થતો. તેનો ચપળ અંગભંગ, તાલબદ્ધ પાદવિન્યાસ, હાથ તથા આંગળાંઓના બિનચૂક અને મનોહારી મરોડ, તથા નૃત્યના રસની અભિવ્યક્તિ કરતા મુખભાવ વડે લોકોત્તર વાતાવરણ ઊભું કરવાની તેની શક્તિ વડે પ્રેક્ષકો પર તે અદ્ભુત જાદુ જમાવતી.

અજંતાની જગવિખ્યાત ગુફાઓની વારંવાર યાત્રા કરીને ત્યાંની ભીંતો પરની ચિત્રસમૃદ્ધિમાં વ્યક્ત થએલા જુદાજુદા ભાવ અને મરોડ પકડી લઇને તે પરથી તેણે નવતર પ્રયોગો યોજ્યા અને તેવાં એકલ નૃત્યો(Solo dances)ને 'અજંતા દર્શન'ના નામે તૈયાર કરીને જગત સમક્ષ મૂકયાં. 'લક્ષ્મી જન્મ' નામના તેના નૃત્યની પ્રેરણા પણ તેણે અમરાવતીનાં પ્રાચીન શિલ્પમાંથી જ લીધેલી.

નૃત્યના પ્રત્યેક પ્રકાર–કથક, કથકલી, મણિપુરી અને ભારત નાટ્યમ્–માં પારંગત થયા પછી મેનકાએ પોતાની નૂતન મૌલિક રચનાઓ કરવા માંડીને પોતાની પ્રતિભાની તેજસ્વિતા બતાવી આપી. તેની આવી સ્વતંત્ર રચનાઓમાં 'કૃષ્ણલીલા', 'કાલીયદમન' અને 'દેવવિજયનૃત્ય' મુખ્ય છે. મેનકા રશિયન નૃત્યપદ્ધતિ Ballet (બાલે)ની પણ મોટી પ્રશંસક હતી. તેણે હિંદની કળાને તે પદ્ધતિમાં રજૂ કરવાનો જે પ્રયોગ કર્યો તે 'કૃષ્ણલીલા'. છેલ્લે કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર'ને પણ નૃત્યમાં સફળરીતે ઉતારીને તેણે પોતાની ઉચ્ચ કલાશક્તિની પ્રતીતિ કરાવી હતી.

આટલી સિદ્ધિઓ પછી ૧૯૩૬માં મેનકા પોતાની મંડળી સાથે યુરોપ ઊપડી અને યુરોપના દરેક દેશના પાટનગરમાં કરેલા તેના પ્રયોગોમાં વ્યક્ત થતી હિંદની શ્રેષ્ઠ કળાસમૃદ્ધિ જોઇને આખુ યુરોપ છક્ક થઇ ગયું. રશિયાની શ્રેષ્ઠ નર્તકી માદામ પાવલોવા તો મેનકા પર આફરીન થઇ ગઈ હતી.

તે જ વખતે બર્લિનમાં ભરાએલાં ઑલીમ્પેડની આંતરરાષ્ટ્રીય નૃત્ય–સ્પર્ધામાં હિંદની પ્રતિનિધિ તરીકે મેનકાએ ભાગ લીધો હતો. રશિયા, પોલાંડ, જાપાન ઇત્યાદિ અઢાર દેશોના શ્રેષ્ઠ કલાનિષ્ણાતો ત્યાં પોતાની નૃત્યકલાનું શ્રેષ્ઠત્વ પુરવાર કરવા આવ્યા હતા. એવી મહત્ત્વની સ્પર્ધામાં મેનકાનાં દિવ્ય નૃત્યો જોઇને લોકો દંગ થઈ ગયા અને હિંદની કળાનાં મુક્ત કંઠે વખાણ કરવા લાગ્યા. મેનકાને તથા તેના બે સાથીદારો રામનારાયણ અને ગૌરીશંકરે ત્યાંનાં પહેલાં ત્રણ શ્રેષ્ઠ ઇનામો જીતી લીધાં અને હિંદી નૃત્યને સર્વશ્રેષ્ઠતાનું બિરુદ અપાવ્યું. આમ જગતભરમાં તેણે હિંદી કલાનો ડંકો વગાડયો. માત્ર પાંચ જ શાગિર્દો સાથે લઇને આખું યુરોપ આ રીતે મેનકા સર કરી આવી.

મુંબાઇની હાફકિન ઈન્સ્ટીટયૂટના ડિરેકટર કર્નલ સોખે સાથે મેનકાનું લગ્ન થએલું. લોનાવલામાં નૃત્યાલયમ્ નામની નૃત્યશાળા સ્થાપીને પોતાની ઉચ્ચ કળાનો વારસો તેણે દેશને આપ્યો છે.

ભારતની પ્રાચીન નૃત્યકળાની પુનરુદ્ધારક આ અપ્સરાનું હમણાં થોડા જ દિવસ પર મૃત્યુ થયું. તેના અવસાનથી હિંદના કલાક્ષેત્રને એક જબ્બર ખોટ પડી છે; પણ હિંદની કળાને જગતમાં પ્રતિષ્ઠા અપાવવા તેણે જે કષ્ટ સહ્યાં, જે સાધના કરી તથા જે સિદ્ધિઓ મેળવી તેનાથી તે ભવિષ્યમાં નવોદિત કલાકારોનું સતત સ્ફૂર્તિસ્થાન બની રહેશે. (સંકલિત)

મૅલેરિયા માટે નવી દવાઓ

મૅલેરિયા તાવ હિન્દમાં દર વરસે દસ લાખ માણસોનો ભોગ લે છે એટલું જ નહિ પણ દુનિયાની એંશી કરોડ પ્રજા તેનાથી રીબાય છે. આથી જ એને 'મોતનો રાજા' કહ્યો છે. મૅલેરિયાની રામબાણ દવા તરીકે બે સૈકા થયાં કિવનાઇન પ્રખ્યાત છે. કિવનાઇન જાવામાંથી જથ્થાબંધ મળતું હતું, પણ બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાને જાવા ઉપર આક્રમણ કરવાથી કિવનાઈન જગતને મળતું બંધ થયું. આથી કિવનાઇન કરતાં ચડિયાતી અને પ્રયોગશાળામાં બનાવી શકાય એવી મૅલેરિયાની દવા શોધવા પ્રયત્નો ગતિમાન થયા.

મિત્રસેનાઓ જ્યારે ઈટલી ઉપર ચડાઈ કરી ત્યારે જર્મનોએ પાણીના બંધ વહેવડાવીને રોગચાળો ફેલાવવાની પદ્ધતિ અખત્યાર કરવાને પરિણામે મિત્રસેનામાં હજારો સૈનિકો મૅલેરિયાના ભોગ થઈ પડયા અને તેમની આગેકૂચ અટકી પડી. આ વખતે ઈંગ્લંડની મિનીસ્ટ્રી ઑાવ હેલ્થને માથે મૅલેરિયાની સચોટ દવા શોધી કાઢકાઢવાનું તાત્કાલિક કાર્ય આવી પડયું. આ કાર્ય ડૉ. પી. જી. શટ

નામના જાણીતા સંશોધકે ઉપાડી લીધું. તેણે જીવનનો મોટો ભાગ મૅલેરિયાના અભ્યાસ પાછળ જ ગાળ્યો હતો. તેણે પોતાના શરીર ઉપર અખતરા કરવાને મૅલેરિયાના મચ્છરો કરડાવી કરડાવીને શરીરમાં ફરતું લોહી મૅલેરિયા તાવના ઝેરવાળું બનાવી દીધું છે.

ડૉ. શટ મલમલની થેલીમાં હજાર મચ્છરો લઈ વિમાનમાગે ઇટલી ગયા. ત્યાં દરદીઓને મચ્છરો કરડાવી મચ્છરોને મૅલેરિયાના ચેપવાળા બનાવ્યા અને તે ચેપવાળા મચ્છરો લઈ ઇંગ્લંડ પાછા ફર્યા. અહીં સાત માણસોને ચેપવાળા મચ્છરો કરડાવી તેમના શરીરમાં મૅલેરિયા દાખલ કરવાનો હતો. તાવનો હુમલો ઝીલવા સેંકડો સ્વયંસેવકો આગળ આવ્યા.

ચેપવાળા મચ્છરો કરડવાથી સ્વયંસેવકો સખત તાવથી પટકાયા. તેમના ઉપર ડૉ. શટે પોતે શોધેલી મૅલેરિયાની દવાઓ અજમાવી અને તે ખૂબ જ અસરકારક જણાઈ. આમાંની એક દવા મેપાક્રેઇન. તેની ગોળીઓ ઈટલી મોકલવામાં આવી અને તેના સેવનથી સૈનિકો સત્વર રોગમુક્ત થઇ ગયા. ડૉ. શટે કિવનાઇનનું બરોબરિયું આ ઔષધ શોધી વૈદ્યકીય જગતમાં ભારે ફાળો આપ્યો છે. આ પછી આ દવા કિવનાઇનની અવેજીમાં જનતાના વપરાશ માટે છૂટી મૂકવામાં આવી. ગરમ પ્રદેશોમા ટાઢિયા તાવના પ્રતિકાર તરીકે મેપાક્રેઇનની પીળી ગોળીઓનો વપરાશ હવે તો ઘરગથ્થુ થઈ પડયો છે.

પણ મૅલેરિયા માટેની વધુ અસરકારક તથા સચોટ દવા શોધવાના પ્રયોગો તો ચાલુ જ હતા. તેના પરિણામે માન્ચેસ્ટરની ઇમ્પીરિયલ કેમિકલ્સ કંપનીની પ્રયોગશાળામાં એક નવી અને અસરકારક દવાની શોધ થઇ. તેને શોધવાનું માન ડૉ. રૅાઝ, ડૉ. કર્ડ અને ડૉ. ડેવીને ફાળે જાય છે. તેમણે ઈ. ૧૯૩૬માં સીલોનમાંથી મૅલેરિયાના જંતુઓ મંગાવી, તે વડે મરઘાંનાં બચ્ચાંને રોગવાળાં બનાવી, તેમના ઉપર અનેક દવાઓના અખતરા કર્યા. છેવટે ખૂબ અસરકારક એવી એક નવી દવા શોધાઇ. તેનું મૂળ નામ 'એમ ૪૮૮૮'; પણ લોકોના વપરાશ ખાતર તેનું નામ 'પેલ્યુડ્રીન' પાડયું છે. મૅલેરિયા ભેજવાળાં સ્થળોએ થાય છે અને તેના માટે લૅટીનમાં 'પેલ્યુડીસ' શબ્દ છે. આ ઉપરથી એ દવાનું નામાભિમાન કરાયું છે.

પેલ્યુડ્રીન કિવનાઇન તથા મેપાક્રેઈન કરતાં ઘણું જ અસરકારક અને ચડિયાતું માલૂમ પડયું છે. આવેલા તાવને દૂર કરવામાં અને તાવ આવતો અટકાવવા માટે તે ઘણું ઉપયોગી નીવડયું છે. મૅલેરિયાના જે ત્રણ પ્રકારો છે તેમાં સૌથી ઝેરી—જીવલેણ પ્રકાર 'મેલિગ્નન્ટ ટર્શીઅન મૅલેરિયા' ઉપર તો આ દવા રામબાણ માલૂમ પડી છે. મચ્છર કરડવાથી લોહીમાં મૅલેરિયાના જંતુ દાખલ થતાં જ પેલ્યુડ્રીન તેમનો નાશ કરે છે. મૅલેરિયા-નિવારક સર્વ દવાઓમાં પેલ્યુડ્રીન સૌથી વિશેષ નિર્દોષ છે. તે લેવાથી બીજી કોઇ વિપરિત અસર થતી નથી. વળી મેપાક્રેઈનની જેમ તેના વપરાશથી શરીર પીળું પડતું નથી એ તેની વિશિષ્ટતા છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પેટંટ પદ્ધતિ—ઔદ્યોગિક પ્રગતિની ચાવી

'પેટંટ' શબ્દ તો ઘણાએ સાંભળ્યો હશે, પણ તે વિષે સંપૂર્ણ માહિતી બહુ ઓછા ધરાવતા હશે. પેટંટ એટલે પોતે કરેલી 'શોધ' વેચવાનો, વાપરવાનો તથા બીજાને તે પ્રમાણે કરવા દેવાનો સંપૂર્ણ અધિકાર (અમુક એક મુદત સુધી) આપતો સરકારી પરવાનો. કોઇ પણ એક જાતની શોધ માટે એક જ પરવાનો આપવામાં આવે છે. આમ પેટંટ પદ્ધતિથી વરસમાં કેટલી શોધો થઈ તેની યાદી પણ રહે છે. ધારો કે મેં એક અદૃશ્ય શાહીની શોધ કરી અને તેનું પેટંટ લીધું. હવે જો હું તેવી શાહી બનાવવાનું કારખાનું કાઢું તો મને હરીફાઇની જરા પણ બીક ન રહે; કારણ મેં પેટંટ લીધેલું હોવાથી કોઇ પણ વ્યકિત મારી શાહીનું અનુકરણ નહિ કરી શકે. જો મારી શકિત કારખાનું કાઢવા જેટલી ન હોય તો હું મારી શોધનું પેટંટ બીજા કોઇ મોટા વેપારીને વેચીને તેની પાસેથી સારી રકમ મેળવી શકું.

જગતના લગભગ બધા જ દેશોમાં આ જાતની પેટંટ પદ્ધતિ પ્રચલિત છે. હિંદમાં પણ ૯૦ વરસથી આ પદ્ધતિ ચાલુ છે, પણ માત્ર તેની મર્યાદા બ્રિટિશ હિંદ અને બલુચિસ્તાન પૂરતી છે. કેટલાંક દેશી રાજ્યોમાં સ્વતંત્ર પેટંટ પદ્ધતિ અસ્તિત્વમાં છે. કેટલાક દેશોની પરસ્પર સમજૂતીથી આંતરરાષ્ટ્રીય પેટંટ પદ્ધતિ પણ અસ્તિત્વમાં આવી છે, જોકે હિંદુસ્તાન હજુ તેમાં સામેલ થયું નથી. કોઈ પણ વ્યકિત કોઈ પણ દેશનું પેટંટ લઈ શકે છે.

પેટંટ ગમે તેવી શોધોને આપવામાં આવતું નથી. નીચે બતાવ્યા પ્રમાણેની શોધ પેટંટ મેળવવાને યોગ્ય ગણાય છે: (૧) તે શોધ કોઈ વસ્તુના ઉત્પાદનને લગતી હોવી જોઈએ; (૨) તેની કૃતિ તદ્દન અભિનવ હોવી જોઇએ અને તેના મૂળમાં સંશોધન બુદ્ધિની ચમક હોવી જોઈએ; (૩) તે શોધ કાયદા તથા નૈતિક કલ્પનાની આડે આવતી ન હોવી જોઇએ. શોધ કરનારે પોતાની શોધ તદ્દન નવી છે એની ખાત્રી કર્યા પછી જ પેટંટના માહિતીપત્રકમાં જણાવ્યા પ્રમાણે તરત અરજી કરવી અને પેટંટ મળતાં સુધી પોતાની શોધને ખાનગીમાં કે જાહેરમાં પ્રસિદ્ધિ નહિ આપવાની કાળજી રાખવી. કોઈ પણ પેટંટની મુદત લગભગ ૧૬ વર્ષની હોય છે તે પછી કાયદા પ્રમાણે તે રદ થાય છે. અરજી કરવાથી માંડીને આટલો વખત પેટંટ ચાલુ રહે તે માટે જે ફી વખતોવખત આપવી પડે છે તેનો કુલ ખરચ આશરે ૧૨૫૦ રૂપિયા આવે છે, પણ પેટંટ મળ્યાના દિવસથી શરૂનાં ૪ વર્ષ સુધી બિલકુલ ફી લેવામાં આવતી નથી.

૧૯૧૧ના ઇન્ડિયન પેટંન્ટ્સ ઍન્ડ ડિઝાઇન્સ ઍકટ નામના કાયદા અનુસાર ૪ જાતનાં પેટંટ અપાય છે: (૧) સાદું પેટંટ. સરકારની કચેરીમાં જે તારીખે અરજી કરી હોય તે તારીખ 'પેટંટની અરજીની તારીખ' ગણાય છે. (૨) આદ્યમાનનું પેટંટ. બીજા દેશોમાં પણ શોધનું પેટંટ ગણાય તે માટે બ્રિટિશ હિંદુસ્તાન સાથે કરાર કરેલા કોઇ પણ દેશમાં સરકારી ખાતામાં કરેલી અરજીની તારીખ બધા દેશોમાં 'પેટંટની અરજીની તારીખ' ગણાય છે. (આ યોજનામાં સામેલ થએલા દેશો: હિંદુસ્તાન, ઑસ્ટ્રેલિયા, કૅનેડા, સીલોન, ન્યૂઝીલંડ, આયર્લંડ, યુનાઈટેડ કિંગ્ડમ, યુનિયન ઑવ્ સાઉથ આફ્રિકા, વડોદરા રાજ્ય, મ્હૈસુર રાજ્ય અને રામપુર રાજ્ય; (૩) જેને માટે પહેલાં પેટંટ અપાઈ ગયું હોય તેવી શોધની મુદત વધારવાનું, સુધારવાનું અથવા ફેરફાર કરવાનું પેટંટ; (૪) ગુપ્ત પેટંટ. આ પેટંટ યંત્રો અથવા લડાઈનાં શસ્ત્રાસ્ત્રો સંબંધીની શોધોને અપાય છે.

નવી શોધ કરનારને ઉત્તેજન મળે, તેમની નવી શોધોની પેટંટ ખાતા મારફત આખા જગતને જાણ થાય અને તે શોધ પ્રમાણેની વસ્તુ બનાવવા માટે કારખાનું શરૂ કરવા મૂડી મળે, તથા તેનો નવો ધંધો બાલ્યાવસ્થામાં હોય ત્યાં સુધી તેને હરીફાઈથી રક્ષણ મળે ઈત્યાદિ દેશને હિતકારક એવાં અનેક હિતો પેટંટ પદ્ધતિથી સધાય છે. એ પદ્ધતિને કારણે દેશમાં અનેક નવી શોધો થાય છે અને તેથી ઉદ્યોગ-ધંધાનો વિકાસ કેવો ઝડપી થાય છે તે આજે જગતના સૌથી સમૃદ્ધ ગણાતા દેશ અમેરિકાના દાખલા પરથી સમજાશે.

અમેરિકામાં પેટંટ પદ્ધતિ ઈ. ૧૮૩૬થી ચાલુ થઈ ત્યારથી દર વર્ષે પેટંટ લેનારાઓની સંખ્યા ત્યાં કૂદકે ને ભૂસકે વધી છે. પહેલાં ૫ લાખ પેટંટ અપાતાં ૫૭ વર્ષ થયાં, પણ પછીનાં તેટલાં જ પેટંટ

માત્ર ૧૮ વર્ષમાં અપાયાં. તે પછી ૧૩ વર્ષ અને છેલ્લે ૧૧ વર્ષમાં જ તેટલાં પેટંટ અપાયાં! દર વર્ષે દસ લાખ ડૉલરની કમાણી આપનારાં આજે અમેરિકામાં ૫૦ પેટંટ છે, ૫ લાખ ડૉલર કમાઇ આપનારાં ૮૦૦ અને ૧ લાખ ડૉલર કરતાં વધુ આપનારાં ૧૫થી ૨૦ હજાર પેટંટો છે! અમેરિકાનાં ઉદ્યોગપતિઓએ પેટંટ પદ્ધતિનો ખૂબ ઉપયોગ કરી લીધો છે ત્યાંની સેંકડે ૮૦ ટકા નોકરીઓ પેટંટને લીધે થએલી શોધોને કારણે નિર્માણ થઈ છે! અમેરિકાની કુલ ઔદ્યોગિક સંપત્તિના ૮૫ ટકા સંપત્તિ પેટંટ ઉપર મેળવેલી છે. આમ પેટંટ પદ્ધતિ દેશને સમૃદ્ધ બનાવવાના કાર્યમાં કેવો મોટો ફાળો આપે છે તે દેખાઇ આવશે.

હિંદમાં પેટંટ પદ્ધતિ ૧૮૫૬થી ચાલુ છે પહેલે વર્ષે કુલ ૩૩ અરજીઓ આવી હતી જેમાં એક પણ હિંદી માણસની નહોતી! ઈ. ૧૯૦૦ની સાલમાં આવેલી ૪૯૨ અરજીઓમાંથી માત્ર ૪૫ હિંદીઓની હતી; ૧૯૨૫માં કુલ ૧૦૦૦ અરજીઓ આવી જેમાંથી ૭૧ હિંદીઓની હતી અને ૧૯૪૬માં ૨૬૧૦ અરજી આવી તેમાં ફક્ત ૨૬૬ હિંદી માણસોની હતી! આમ, હજુ હિંદુસ્તાન પેટંટની બાબતમાં જગતમાં સૌથી પાછળ છે, એટલું જ નહિ પણ હિંદનાં પેટંટોનો મોટો ભાગ તો અંગ્રેજ અને અમેરિકનોને ફાળે જાય છે. અમેરિકામાં તો દર વર્ષે સરાસરી અરધો લાખ પેટંટ અપાય છે!

આપણા દેશમાં સંશોધન માટે વિશાળ ક્ષેત્ર પડ્યું છે. હિંદનાં કારખાનાંઓને જે કાચા માલની જરૂર પડે છે તે માટે ઘણુંખરું પરદેશ ઉપર આધાર રાખવો પડે છે. હિંદી સંશોધકો જો પોતાની દૃષ્ટિ આ તરફ ફેરવે તો તેઓ ઘણું કરી શકે તેમ છે. હવેથી પણ જો આપણા સંશોધકો, ઉદ્યોગપતિઓ તથા મૂડીદારો આ પેટંટ પદ્ધતિનો સારો ઉપયોગ કરશે તો દેશની ઔદ્યોગિક પ્રગતિ ઝપાટાબંધ થતાં વાર નહિ લાગે. ('કિર્લોસ્કર' ઉપરથી)

બરોબુદર : જાવાનું અમર મંદિર

જાવાની મધ્યમાં આવેલું બરોબુદરનું પ્રખ્યાત સમાધિ-મંદિર તેના અલૌકિક શિલ્પવૈભવ, વિશાળ સમપ્રમાણ બાંધણી, તથા ઉચ્ચ કલાતત્ત્વને કારણે જગતભરનું એક આશ્ચર્ય ગણાય છે. કોઇ પણ દેશનો, કોઈપણ ધર્મનો પ્રવાસી ત્યાંની ગમલખ શિલ્પસમૃદ્ધિ જોતાં જ આશ્ચર્યથી અવાક્ બની જાય છે

આ અમર મંદિરની રચના માટે આપણે હિંદીઓ સાચી રીતે ગમરૂખી લઇ શકીએ તેમ છે. હિંદની શ્રેષ્ઠ શિલ્પ તથા સ્થાપત્ય કલાનો તે કીર્તિ-ધ્વજ છે. તેનું નિર્માણ કર્યું છે હિંદીઓના કલામય હાથોએ. સાતમી સદીમાં બૌદ્ધ ધર્મનો દિવ્ય સંદેશ ફેલાવવા માટે હિંદીઓ જગતભરમાં ગયા હતા ત્યારે તેમાંના કેટલાક હિંદના અગ્નિ ખૂણામાં આવેલા જાવા બેટ પર પણ પહોંચી ગયા. ત્યાં તેમણે બૌદ્ધ ધર્મની સૌરભ ફેલાવી એટલું જ નહિ પણ પોતાનું કલાકૌશલ, બુદ્ધિશક્તિ તથા અપરિમિત ધન ખર્ચીને એક એવા ભવ્ય અને ઉન્નત મંદિરનું નિર્માણ કર્યું કે જેને કારણે જાવા સમસ્ત જગતનું એક યાત્રાધામ થઈ પડયું.

જાવાની રાજધાની જોક્જાકાર્તાથી પંદર માઇલ વાયવ્ય ખૂણામાં આવેલું આ મંદિર એક ટેકરી પર બાંધેલું છે. તેની ઊંચાઇ ૧૧૮ ફૂટ છે અને પાયાનો ઘેરાવો ૨૦૦૦ ફૂટ છે. તેમાં ૯ ચોરસ માળ આવેલા હોઈ તેમની ઉપર કુલ ૭૩ શિખરો (cupola) ઊભા કરેલા છે. મોટા શિખરની આસપાસ વર્તુળાકારે ત્રણ સપાટી પર બીજાં શિખરો આવેલાં છે. મંદિરના સૌથી ઊંચા શિખર પર જે ગુંબજ છે તે બાવન ફૂટ કરતાંયે મોટો છે. તે મંદિર વિષેની વધુ માહિતી દાંડિયામાં આવેલા કસનજી મ. દેસાઈના લેખમાંથી ઉતારી છે.

તે યુગમાં એ બરોબુદરની ગણતરી જગતના સર્વશ્રેષ્ઠ સમાધિ મંદિરમાં થતી હતી. આઠસો વરસ સુધી જોવા માટે તથા એની જાત્રા કરવા માટે દર વરસે દેશદેશાવરથી લાખોની સંખ્યામાં લોકો આવતા હતા. આજે પણ એને ટક્કર મારે એવું બીજું એકે સમાધિ-મંદિર હજી તૈયાર થયું નથી. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક શ્રી આલ્ફ્રેડ રસેલ વૉલેસ એ સંબંધે કહે છે: 'બરોબુદર મંદિરની રચનામાં માણસોનું અપરિમેય ધન, પરિશ્રમ અને રચનાચાતુરી જેટલાં ખરચાયાં છે, તેની આગળ પિરામિડોના નિર્માણની લાગત ને ઉદ્યમ બહુ તુચ્છ છે.'

લગભગ પંદરમી સદી સુધી બરોબુદરને કારણે જાવા એક જાત્રાનું ધામ મનાતું હતું. પરંતુ પાછળથી આવેલા મુસલમાનોએ જાવાનો કબજો લીધા પછી આ પવિત્ર સ્થળનું મહાત્મ્ય ઓછું થઇ ગયું. જંગલોથી તથા આસપાસના જ્વાળામુખીઓના લાવારસથી એ ઢંકાઇ ગયું. ૧૯મી સદીમાં પોતાનું સામ્રાજ્ય વધારવા આવેલા ડચ લોકોએ એનો પુનરુદ્ધાર કર્યો ત્યારથી ફરી એની કીર્તિ જગતમાં ફેલાઇ

બરોબુદરની બાંધણી આશ્ચર્યજનક છે. એમાં શિલ્પકલાની જે કુશળતા પ્રકાશમાં આવી છે તે ભારતીય શિલ્પના ઈતિહાસમાં અનુપમ છે તેનું ઉચ્ચ શિલ્પનિર્માણ એવી શ્રેષ્ઠ અને સ્થાયી કલા ધરાવે છે કે સેંકડો વરસ સુધી ગરાગત નજર પડી રહેવા છતાં યે તે આજે જ બંધાવ્યા જેવું લાગે છે!

મંદિરની બહારની વેદી પરથી અંદર જતાં એક ત્રીસ ખૂણાવાળી સપાટ જગ્યા આવે છે. મંદિરનો સૌથી નીચેનો ભાગ આ જ હશે એમ જોતાં જણાય, પણ એની નીચે એવી જ બીજી બે સપાટ જગ્યાઓ આવેલી છે. એક આ ફરશથી છ ફૂટ નીચે, ને બીજી તે ફરશથી દસ ફૂટ નીચે. છેલ્લી ફરશ આગળ મંદિરનો પાયો છે. નીચેની ફરશથી ઉપર સુધી જવા માટે સીડીઓ બનાવેલી છે. ત્રીજી ફરશના ઘેરાવામાંથી બહાર જવા-આવવા માટે બારણાં મૂકેલાં છે. આ બારણાં સાથે મૂકેલી સીડીઓમાં પથ્થરની મનોરમ સિંહ-મૂર્તિઓ છે. ત્રીસ ખૂણાકાર ત્રીજી સપાટ જગાથી ઘણી સીડીઓ ઉપર ગુંબજ તરફ ગએલી છે. પાયાથી ગુંબજ સુધી મંદિરના ઘણા ભાગ છે. દરેક ભાગમાં ૭-૭ ફૂટનો એક ચોતરો છે.

આ વિશાળ મંદિરમાં દસ દસ ફૂટને અંતરે એકએક ભાગ છે. આમ મંદિરના કેટલાયે ભાગ છે ને કેટલાયે ચોતરા છે. આવા દરેક થરના ચોતરામાંથી અસંખ્ય પશુપક્ષી ને રાક્ષસનાં મોં બનાવી તેમાંથી પાણી જવાના જે રસ્તા બનાવ્યા છે તેનાં કલાકૌશલ્ય પર મુગ્ધ થઇ જવાય છે. મંદિરના જેટલા ખૂણા છે, તે બધામાં એકએક સુંદર ગોખલો છે અને તે દરેક ગોખલામાં પદ્માસનવાળી બેઠેલા ભગવાન બુદ્ધની સુંદર મૂર્તિ બેસાડવામાં આવી છે. મંદિરની અંદર ચારે તરફ એટલી કલામય રીતથી જાતકની બધી કીર્તિ-કથાઓ કોતરવામાં આવેલી છે કે તે જોઇને દરેક જાત્રાળુનું માથું શ્રદ્ધાથી નમી પડે. ચોથા થરથી ઉપર જવા માટે બાર-બાર સીડીઓનો એકએક મ ળ છે. એ ચબૂતરો મજબૂત પથ્થરના કોટથી ઘેરાએલો છે ને ઉપર ગોળાકાર વેદી છે. આવી ઘણી વેદીઓ છે. તેના ઉપર સંગેમરમરના અદ્વિતીય શિલ્પ-સૌન્દર્યનાં ગૌરવશાળી નાનાં જાળીદાર મંદિરો છે બધાંના શિખર પર એક આઠ પાસાદાર થાંભલો છે. તે ઉપરથી સાંકડો થતો થતો અણીદાર બનાવેલો છે આ દરેક મંદિરમાં ભગવાન બુદ્ધની એકએક મૂર્તિ બેસાડેલી છે.

અત્યારે જાવામાં ચાલી રહેલા ઇન્ડોનેશિયન અને ડચોવચ્ચેના યુદ્ધમાં કલાની આ શ્રેષ્ઠ કૃતિનો ધ્વંસ ન થાય તેમ આપણે ઇચ્છીએ.

સપ્ટેમ્બર–તવારીખ

તા. ૧ કલકત્તામાં ફરી રમખાણે ફાટી નીકળ્યાં, જેથી મહાત્મા ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા.

તા. ૪ કલકત્તામાં શાંતિ છવાતાં ૭૩ કલાકના ઉપવાસ બાદ મહાત્માજીએ પારણાં કર્યાં.

તા. ૬ શૌર્ય ને સંસ્કારિતાના સંગમ સમા મહાન ગુજરાતી કર્નલ જોરાવરસિંહજીનું ભાવનગરમાં અવસાન.

તા. ૮ દિલ્હીમાં મોટા પાયા પર રમખાણ.

તા. ૧૧ હરિજનોને મંદિર-પ્રવેશનો હક્ક આપતો ખરડો મુંબાઈ ધારાસભામાં પસાર.

તા. ૧૩ હિંદીઓને નિઃશસ્ત્ર બનાવતો ઇ. ૧૮૭૮નો શસ્ત્ર-પ્રતિબંધનો અંગ્રેજોએ ઘડેલો કાયદો મુંબાઈ સરકારે રદ કર્યો… હિંદી સંસ્કૃતિના મહાન અભ્યાસક–પ્રચારક અને કલાકોવિદ ડૉ. આનંદ કુમારસ્વામીનું અમેરિકામાં અવસાન.

તા. ૧૪ સર સિરિલ રૅડક્લિફે આપેલા પંજાબ ને બંગાળની સરહદના ચુકાદામાં હિંદ સરકારે સુધારો કરવાનો નિર્ણય કર્યો.

તા. ૧૯ ખેતી થઈ શકે તેવી જમીનને નાના ટુકડામાં વહેંચવા પર પ્રતિબંધ મૂકતો કાયદો મુંબાઈ ધારાસભામાં પસાર થયો.

તા. ૨૧ હવે પછીની ચૂંટણીઓ સંયુક્ત મતાધિકારને ધોરણે થવાની જાહેરાત.

તા. ૨૪ કેટલાક અનામત વિષયો સિવાયનાં બધાં ખાતાંઓ પ્રજાકીય પ્રધાનોને સોંપવાની મ્હૈસૂરના રાજાની જાહેરાત.

તા. ૨૫ પાકિસ્તાનનો સંયુક્ત રાષ્ટ્રસંઘ (યૂનો)ના સભ્ય તરીકે સ્વીકાર… પ્રજાની ઇચ્છા વિરુદ્ધ જૂનાગઢ રાજ્યને પાકિસ્તાન સાથે જોડવાથી પ્રજાએ તે જોડાણનો વિરોધ કરી તેની સામે પોતાની જુદી પ્રતિ-સરકાર (આરઝી હકૂમત) સ્થાપી, યુદ્ધ જાહેર કર્યું.

તા. ૨૬ નાગપૂર યુનિવર્સિટીએ તમામ અન્ડર ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓને ફરજિયાત લશ્કરી તાલીમ આપવાની યોજના કરી.

તા. ૩૦ પંજાબમાં બિયાસ સતલજ ને રાવી નદીમાં ભારે પૂર આવવાને કારણે ૧ લાખ ચોરસ માઈલ પ્રદેશ પર પાણી ફરી વળ્યાં.

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં

તા. ૧ થીઓસૉફિસ્ટ ચળવળનો હિંદમાં પાયો નાખનાર અને હિંદની સાંસ્કૃતિક, શૈક્ષણિક તથા રાજકીય પ્રગતિમાં ઉમદા ફાળો આપી તે માટે જીવન સમર્પણ કરનાર અંગ્રેજ મહિલા ઍની બેસંટનો જન્મ, ૧૮૪૭. આ મહિનામાં હિંદમાં તેમજ અન્યત્ર તેમની જન્મશતાબ્દી ઉજવાય છે.

તા. ૩ હરબિલાસ સારડાનું બાળ-લગ્ન નિષેધક બિલ ધારાસભામાં પસાર થયું, ૧૯૨૯.

તા. ૧૧ વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂયૉર્ક–હૉબોકેન વચ્ચે ચાલુ થઈ, ૧૮૧૧.

તા. ૧૪ જીનાના યુદ્ધમાં નેપોલિયને જર્મનીના પ્રુશિયન સૈન્યને સજ્જડ હાર આપી, ૧૮૦૬.

તા. ૧૬ સૌંદર્યમૂર્તિ ફ્રેંચ રાણી મેરી આન્ત્વાનેતનો ઉદ્દામ લોકમતને હાથે શિરચ્છેદ, ૧૭૯૩.

તા. ૧૭ ભારતીય ફિલસૂફીના તત્ત્વજ્ઞ યોગી સ્વામી રામતીર્થની જલસમાધિ ૧૯૦૬.

તા. ૨૨ બ્રાઝિલે પોર્ટુગીઝ સરકારનું વર્ચસ્વ ફગાવી દઇ, પોતાને સ્વતંત્ર જાહેર કર્યું, ૧૮૨૨.

તા. ૨૯ તુર્કસ્તાનના તારણહાર મુસ્તફા કમાલ પાશાએ આપખુદ સત્તાધારી સુલતાનશાહી અને ધર્મગુરુઓની ગાદી ખિલાફતને રદ કરીને લોકસત્તાની સ્થાપના કરી, ૧૯૨૩.

તા. ૩૧ સાયમન કમિશનના વિરોધી સરઘસનો મોરચો સાચવતા લાલા લજપતરાય ઉપર લાઠીમાર થયો, ૧૯૨૮ (જેને કારણે થોડા દિવસમાં તેમનું મૃત્યુ નીપજ્યું)

આ માસની વ્યક્તિવિશેષ

બદરૂદ્દીન તૈયબજી



ધર્મ યા કોમને દેશસેવાની આડે ન આવવા દેનારા જે વિરલ રાષ્ટ્રીય મુસ્લિમો હિંદમાં થઈ ગયા તેમાં બદરૂદ્દીન તૈયબજીનું સ્થાન ઘણું ઊંચું છે. મુંબાઈના એક પૈસાદાર અરબ વેપારી કુટુંબમાં ઇ. સ. ૧૮૪૪ની ૮મી ઑક્ટોબરે તેમનો જન્મ. હાઈસ્કૂલનું શિક્ષણ શરૂ કરતાંમાં આંખ બગડવાથી ઔષધોપચાર માટે તેમને ફ્રાન્સ મોકલવામાં આવ્યા. ત્યાંથી સારા થયા પછી તે લંડન ગયા અને ત્યાં મૅટ્રિક થઈ ૧૮૬૭માં બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરીને તે હિંદ પાછા ફર્યા ને મુંબાઇમાં વકીલાત શરૂ કરી. પોતાની બાહોશી ને કૌશલથી જૂજ વખતમાં તેમણે વકીલ તરીકે સારી નામના મેળવી. તેમની બુદ્ધિમત્તાથી આકર્ષાઇ મુંબાઇના ગવર્નરે તેમને લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં સભ્ય નીમ્યા અને સમાજહિતની પોતાની ધગશ તથા આકર્ષક વક્તૃત્વને કારણે તે જાહેર જીવનમાં પણ પ્રકાશી નીકળ્યા.

દેશની ઉન્નતિ માટે કૉંગ્રેસની સ્થાપનામાં તથા તેના કાર્યમાં તેમણે તનમનથી ભાગ લીધો હતો. તેની કદર તરીકે ઇ. ૧૮૮૭માં મદ્રાસ કૉંગ્રેસના પ્રમુખપદનો મુગટ તેમને પહેરાવવામાં આવ્યો. તે સ્થાનેથી તેમણે આપેલું ભાષણ તેમની દેશદાઝ તથા વક્તૃત્વશક્તિનો નમૂનો છે. અંત સુધી તે કૉંગ્રેસના આજીવન સેવક રહ્યા હતા.

હિંદના મુસ્લિમ સમાજમાંથી સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક અજ્ઞાન દૂર કરવા તેમણે અથાક પરિશ્રમ લીધેલો. મુસલમાનોના વિકાસ માટે સ્થપાએલી અંજુમન-ઈ-ઇસ્લામના સેક્રેટરી તથા પ્રમુખ સ્થાને રહી તેની પ્રગતિમાં તેમણે મોટો ફાળો આપ્યો હતો. પોતાની પુત્રીઓને ઇંગ્લંડ ભણવા મોકલીને તેમણે સામાજિક સુધારાનો પ્રત્યક્ષ દાખલો બેસાડેલો. ઈ. ૧૮૯૫માં તે મુંબાઈની હાઈકોર્ટના જજ નીમાયા અને એ સ્થાનેથી લો. ટિળકના રાજદ્રોહના મુકદ્દમા વખતે તેમને જામીન પર છોડવાની તેમણે હિંમત બતાવેલી. ઇ. ૧૯૦૬માં તેમની આંખની જૂની ફરિયાદ ફરી ઊભી થવાથી તે પાછા ઇંગ્લંડ ગયા, જ્યાં હૃદયરોગને લીધે ૧૯મી ઑગસ્ટે તેમનું ઓચિંતુ મૃત્યુ થયું.

આ માસનો પ્રસંગ વિશેષ: **ટ્રફાલ્ગરનું યુદ્ધ:** ઇ. ૧૮૦૫ની ૨૧મી ઑક્ટોબરે અંગ્રેજો અને નેપોલિયન વચ્ચે થયેલું આ નૌકાયુદ્ધ અંગ્રેજી સામ્રાજ્યનો સુવર્ણ પ્રસંગ ગણાય છે. ફ્રાન્સ અને ઇંગ્લંડ વચ્ચે આવેલી ૩૦ માઇલની ઇંગ્લિશ ખાડી એ જાણે એ સિંહની બોડમાં હાથ ઘાલવા જેવું ગણાતું. છતાં અંગ્રેજ નૌકાદળને ગમે તે ભોગે પરાસ્ત કરવાનો નિરધાર કરીને નેપોલિયને પોતાનાં તથા સ્પેનનાં સંયુક્ત નૌકાદળ કેડિઝ બંદરે ભેગાં કરી ઇંગ્લિશ ખાડી પર આક્રમણ કરવા હુકમ કર્યો. પણ રસ્તામાં જ સ્પેનની ટ્રફાલ્ગર ભૂશિર આગળ ભૂમધ્ય સમુદ્રમાં ચોકી કરતા અંગ્રેજ નૌકાપતિ નેલ્સન સાથે તેમનો ભેટો થઈ ગયો. ત્યાં ખૂનખાર યુદ્ધ થયું. તેમાં નેલ્સને અપૂર્વ કૌશલ તથા બહાદુરી દાખવી પોતાના પ્રાણની પણ આહૂતિ આપીને ફ્રેન્ચ નૌકાદળનો એવો તો ખુરદો કાઢી નાખ્યો કે ઇંગ્લંડ પર ચઢાઇ કરવાના નેપોલિયનના સર્વ મનોરથો ધૂળમાં મળી ગયા. આ યુદ્ધમાં થએલા અંગ્રેજોના વિજયે ઇંગ્લંડને શ્રેષ્ઠ નૌકાસત્તાનું બિરુદ અપાવી તેનો જગત સાથેનો વ્યવહાર અબાધિત કરી દીધો અને તે પછી દુનિયાભરમાં તેઓ જેનાપર સૂર્ય કદી આથમતો નથી એવું પોતાનું સામ્રાજ્ય પ્રસારી શકયા.

આજ ઊઠશું કાલ ઊઠશું લંબાવો નહિ દહાડા
વિચાર કરતાં વિઘ્નો મોટાં આવે વચમાં આડાં
—નર્મદાશંકર

ટોપી ઉતારીને પોતાને સલામ કરતા એક હબસીને વૉશિંગ્ટને પોતાની હૅટ ઉતારી તેનો સૌજન્યથી જવાબ આપ્યો. આમ એક કાળા માણસને સલામ કરવા માટે તેની ટીકા કરતા મિત્રોને વૉશિંગ્ટને કહ્યું, 'શું તમે એમ માનો છો કે એક ગરીબ, અશિક્ષિત, કાળા માણસ કરતાં યે વિવેકમાં હું ઓછો ઊતરું?'

કહેવતોની કથા: 'ગાઇયો જહાં તક ગાઇયો, ફિર ઝાંપા દે કર જાઇયો.' અણગમતી વાતને ટાળવા માટે માણસ જે વલણ લે અગર ઉપાલંભ આપે તે વ્યક્ત કરતી આ કહેવત પાછળ એવી વાત છે કે એક વાણિયો એક ગામમાં સારા ગૃહસ્થને ત્યાં રાત રહ્યો. ઉતારો એક વંડામાં આપેલો. સારું માણસ મહેમાન આવ્યું જાણીને ગામનો મીર તેને ગાઇને રીઝવવા આવ્યો. વાણિયાએ જાણ્યું કે થોડી વાર ગાઇને જતો રહેશે. પણ મીર તો ચોંટ્યો જ અને ગાયે જ રાખ્યું, ત્યારે વાણિયાએ કંટાળીને સૂવા ઊઠતાં કહ્યું: 'ગાઇયો જહાં તક ગાઇયો, ફિર ઝાંપા દે કર જાઇયો.' આનો મર્મ સમજી મીર તરત ચાલ્યો ગયો. અને મળતી કહેવતો: 'સાસુ શિખામણ દે ત્યારે વહુ કીડિયો ગણે;' 'વાંસની નળીમાં ફૂંક'; 'કાન તળે કાઢવું;' વગેરે.

અનેકાર્થી શબ્દ: **આરું**=ખેડીને પડતર રાખેલું ખેતર; વારંવાર આર ભોંકવાથી પડેલું આંટણ; બીજાં ઢોર સાથે ચરવા જતું પ્રાણી.

ગણિત ગમ્મત: (૩૪૦, ૨૩, ૩) અને (૩૪૫, ૧૭, ૪) એ ત્રણ ત્રણ સંખ્યાનાં એવાં બે જૂથ છે કે, એ બંને જૂથમાંની ત્રણે સંખ્યાનો સરવાળો સરખો થાય છે, તેમજ ગુણાકાર પણ એક સરખો જ આવે છે. દા. ત.

(૩૪૦+૨૩+૩)=૩૬૬=(૩૪૫+૧૭+૪)

૩૪૦×૨૩×૩=૨૩૪૬૦=૩૪૫×૧૭×૪

—મ. ના. ખત્રી


સરાસરી

એક મધમાખી દર વર્ષે ૧૭ રતલ મધ પેદા કરે છે. ● દરેક માણસમાં ૨૮ રતલ લોહી હોય છે અને હૃદયના પ્રત્યેક ધબકારે ૧૦ રતલ લોહી હૃદયમાંથી નાડીઓમાં જતું હોય છે.

કંઇ પણ ખાધા વગર કરોળિયો એક વર્ષ જીવી શકે છે.



પંદરમા સદીમાં દિલ્હીના છેલ્લા પઠાણ બાદશાહોની નબળાઇનો લાભ લઇ તેના સુબાઓએ જે પોતપોતાના પ્રાંતોમાં સ્વતંત્ર રાજ્યો સ્થાપી દીધાં તેમાં તેમણે પોતાના સિક્કાઓ પણ પાડ્યા. તે પૈકી ગુજરાતના મહમુદશાહ ત્રીજા (મહમદ બેગડા)એ પાડેલો ૧૮૫ ગ્રેનનો સોનાનો સિક્કો ઉપર આપ્યો છે; તેની એક તરફ 'નાસિરૂ-દ-દુનિયા વ-દ-દીન અબુલ ફતહ અલ વાસિક બઇલાહી-એ-મન્નાન' એવું કોતરેલું છે, જેનો અર્થ 'દુનિયા અને દીન (ધર્મ)નો સહાયક, વિજયનો પિતા, પરમ કૃપાળુ પરમાત્મામાં શ્રદ્ધાવાળો' એવો થાય છે. પાછલી બાજુએ ચોરસમાં 'મહમુદશાહ બિન લતીફ શાહ સુલતાન' અને નીચે ૯૪૬ (હીજરીસન) લખેલાં છે. નીચેનો બીજો સિક્કો પણ એ જ મહ-



મદશાહનો પાડેલો ૧૧૨ ગ્રેનનો ગુજરાતનો સોનાનો સિક્કો છે અને તેની બંને બાજુએ પણ ઉપર મુજબનું જ લખાણ છે.

છાકરો: (રસ્તાની પડખેના ખેતરમાં કામ કરતા ખેડૂતને ટીખળમાં), 'કાકા, અહીંથી વાંદરાનું ટોળું જતું જોયું તમે?'

'કેમ? તું એમાંથી છૂટો પડી ગયો છે?'

એક રશિયન કર્નલે પૅરૅશ્યૂટ સાથે વિમાનમાંથી કૂદકો મારવાનો વિક્રમ (Record) કર્યો છે. તેણે ૯ માઇલ ઊંચે આવેલા સ્ટ્રૅટોસ્ફિયરમાંથી સાદી પૅરૅશ્યૂટ ને શ્વાસ લેવાનાં સાધનો સાથે કૂદકો માર્યો ને સહીસલામત જમીન ઉપર ઊતર્યો!

સર્વ પ્રાણીઓમાં ઉંદરની સૂંઘવાની શક્તિ તીક્ષ્ણ હોય છે. પક્ષીઓમાં કાગડાની, કીટકોમાં કીડી ને મધમાખીની ને જલચર પ્રાણીઓમાં મગરની સૂંઘવાની શક્તિ તીવ્ર હોય છે.



કલાકણિકા: ઇંગ્લંડમાં ટ્યૂડર રાજાઓના વખતમાં રૂપસુંદરીઓને પોતાનાં સૌંદર્યસાધન રાખવાનો કારીગરીવાળો ડાબડો પૉમૅન્ડર (પૉમ= સફરજન ઍન્ડ= સુગંધિક દ્રવ્ય).

શસ્ત્રક્રિયા કરતાં પહેલાં માણસને દવા સુંઘાડીને બેભાન બનાવી તેની વેદના ઓછી કરવાનો પહેલો યશસ્વી પ્રયોગ ૧૮૪૬ની ૧૬મી ઑક્ટોબરે અમેરિકન ડૉ. વિલિયમ માર્ટિને કર્યો હતો.

કડવી દવા પીતી વખતે તે કડવી ન લાગે તે માટે એક યુક્તિ એ છે કે દવા પીતાં પહેલાં જીભ ઉપર એક બરફનો ટુકડો જોરથી ઘસી કાઢવો આથી જીભ પરના સ્વાદના જ્ઞાનતંતુઓ તેમનું કામ કરતાં બંધ પડી જશે ને તેથી દવાના સ્વાદની જીભને ખબર નહિ પડે!

પૃથ્વીથી સૂર્ય ૯૩ કરોડ ૩૦ લાખ માઇલ દૂર હોઇ પૃથ્વી કરતાં તે ૧૩ લાખ ઘણો મોટો છે. સૂર્યની ગુરુત્વાકર્ષણ શક્તિ પૃથ્વી કરતાં ૨૭.૬ ગણી છે અને તેના પૃષ્ઠભાગ ઉપર ૬થી ૮ હજાર સેન્ટીગ્રેડ જેટલી ઉષ્ણતા છે.

દેડકો, મગર, હીપોપૉટૅમસ ઈત્યાદિ જળચર પ્રાણીઓને માથા પર આંખો હોય છે. આથી માત્ર આંખો જ પાણીની બહાર કાઢીને તે જોઈ શકે છે કે કિનારા ઉપર જવું સહીસલામત છે કે નહિ.

હિંદ સિવાય બીજે ક્યાંય ભેંસો નથી થતી. ● પોપટ વધુમાં વધુ ૬૦ વર્ષ લગી જીવી શકે છે. ● સાપ કાચ અથવા બરફ પરથી ચાલી શકતો નથી. ● એકલા લંડન શહેરમાં ૫૦૦ ઉપરાંત રેલવે સ્ટેશનો છે. ● તિબેટમાં પાંચ દિવસનું અઠવાડિયું હોય છે ● જાપાનનાં બાળકોને બે હાથે લખવાનું શીખવવામાં આવે છે. ● માથાના વાળ શિયાળા કરતાં ઉનાળામાં વધારે ઊગે છે. ● માણસનો એક વાળ દસ તોલા વજન ઊંચકી શકે છે, ડુક્કરનો ૩૦ તોલા ને ઘોડાનો ૪૦ તોલા વજન ઊંચકી શકે છે. ● પૃથ્વી પર એકંદર ૩૦૬૪ પ્રમુખ ભાષાઓ અને ૧૦૦૦ ધર્મ છે. ● એક ગ્રામ રેડિયમની કિંમત ૭૫ હજાર રૂપિયા થાય છે. ● હિંદુસ્તાનના પ્રત્યેક માણસને ભાગે સરાસરી અરધો ચમચો દૂધ આવે છે.

નવાં પુસ્તકો

બે ચિત્રસંપુટો

સ્વાતંત્ર્ય યજ્ઞ : જેને લીધે આપણને સ્વાતંત્ર્ય મળ્યું તે આપણા આઝાદી-જંગની સ્વાર્પણ અને બલિદાનની સંવેદનાને મૂર્તિમંત કરતાં, આપણા આશાસ્પદ નવોદિત કલાકાર ચંદ્ર ત્રિવેદીએ આલેખેલાં ભાવના અને રેખાના ઉત્તમ નમૂના રૂપ સાત ચિત્રોનો સંપુટ, પ્રકાશક-ભારતી સાહિત્ય સંઘ લિ. ફર્નાન્ડિઝ પૂલ નીચે, ગાંધી રોડ, અમદાવાદ, ૨-૪-૦; **રાષ્ટ્રપિતા ગાંધીજી :** બિહારમાં એકતા સ્થાપવા મહાત્માજીએ કરેલી ઐતિહાસિક યાત્રા પ્રસંગનાં જાણીતા ફોટોકલાકાર જગન્નાથ મહેતાએ લીધેલા આઠ ભાવવાહી ચિત્રોનો સંપુટ, પ્રકાશક-રમણલાલ પી. સોની, મોડાસા, ૩-૦-૦.

ગુજરાત વર્નાક્યુલર સોસાઍટીનાં પ્રકાશનો

વિચાર માધુરી : ગુજરાતના વિદ્વાન ચિંતક સ્વ. આચાર્ય શ્રી આનન્દશંકર ધ્રુવના, 'સુદર્શન' તથા 'વસન્ત' સામયિકોમાં આવેલા. કેળવણી, સંસારસુધારો ઇત્યાદિ વિષયોને લગતા અભ્યાસપૂર્ણ લેખોનો સંગ્રહ : સંપાદકો-રામનારાયણ વિ. પાઠક તથા ઉમાશંકર જોષી, પૃષ્ઠ-૨૪૮, ૧-૦-૦; **હિંદમાં યુદ્ધોત્તર કેળવણીનો ઉત્કર્ષ :** હિંદ સરકારના કેળવણી ખાતાના સલાહકાર સર જ્હૉન સાર્જન્ટે હિંદની કેળવણીના સર્વ પ્રકારો તથા તેની દિશા વિષે સમગ્ર દૃષ્ટિએ વિચાર કરી કાળજીપૂર્વક તૈયાર કરેલા અહેવાલનો અનુવાદ : કરનાર-મદૂલાલ ગો. ધ્રુવ, પૃ ૧૯૨, ૧-૦-૦; **પં. ભગવાનલાલ ઇંદ્રજીનું જીવનચરિત્ર :** પુરાવિદ્યાના સમર્થ ને જગતખ્યાત ગુજરાતી વિદ્વાનનું વિસ્તૃત ચરિત્ર : લેખક-શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, પૃ. ૧૧૬, ૧-૦-૦; **રહમતે આલમ :** સૈયદ સુલેમાન નદવીએ હઝરત મોહંમદ પયગંબર સાહેબના ઉર્દૂમાં લખેલા ચરિત્રનો અનુવાદ : કરનાર-વનમાલા નરહરિ પરીખ, પૃ. ૧૩૬, ૧-૦-૦.

નવજીવન કાર્યાલયનાં પ્રકાશનો

યંત્રની મર્યાદા : યંત્રોથી થતા ગેરફાયદાઓ બતાવી તેની મર્યાદા નક્કી કરતું તથા તેને લગતા મ૦ ગાંધીજીના વિચારો રજૂ કરતું પુસ્તક, બીજી આવૃત્તિ : લેખક-નરહરિ દ્વા. પરીખ, પ્ર૦ ગુજરાત વિદ્યાપીઠ, પૃ. ૧૬૦, ૧-૦-૦; **લોકમાતા :** કાવ્યમય બાનીમાં ભારતની નદીઓના જીવંત-રસાળ પરિચય આપતા કાકાસાહેબ કાલેલકરના એ જાણીતા પુસ્તકની સુધારેલી ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૮, ૧-૪-૦; लोकमाता: ઉપરના જ ગુજરાતી પુસ્તકનો મરાઠી અનુવાદ, છેડે ટીકા સાથે : પૃ. ૧૩૧, ૧-૦-૦; **મંદિરપ્રવેશ અને શાસ્ત્રો :** વેદ, સ્મૃતિઓ પુરાણો, ઇત્યાદિ ધાર્મિક ગ્રંથોનાં તથા આપણા આચાર્યો તથા સાધુસંતોનાં વચનો ટાંકીને અસ્પૃશ્યતાને શાસ્ત્રોનો આધાર નથી એમ પુરવાર કરતું પુસ્તક: લેખક-ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, પૃ. ૩૫૧, ૩-૦-૦; **તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો :** માસિક ધર્મ, લગ્ન, જનનવ્યાપાર ઇત્યાદિ ઘણા ઉપયોગી વિષયોને લગતી માહિતી આપણી કન્યાઓને શુદ્ધ ભાવે આપતું લોકપ્રિય પુસ્તક, સુધારેલી પાંચમી આવૃત્તિ : લે૦-નરહરિ દ્વારકાદાસ પરીખ, પૃ. ૧૧૬, ૧-૦-૦; **મુંડકોપનિષદ :** તેના મૂળ શ્લોકો, સરળ અર્થ તથા વિવેચન સાથે : સંપાદક-મગનભાઈ પ્રભુભાઇ દેસાઇ, પૃ. ૧૮૮, ૨-૦-૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પ્રકાશનો

ગીતાસાર : સહેલી ભાષામાં તથા ટૂંકાણમાં, ને છતાં બધા જ સિદ્ધાંતોને આવરી લેતું ગીતાનું દોહન : લેખક-કાકા કાલેલકર, પૃ ૭૦, ૦-૪-૦; **સ્તોત્ર સંગ્રહ :** શ્રીશંકરાચાર્યે વિરચિત ભક્તિનાં તથા વેદાંતનાં સ્તોત્રોનો લોકભોગ્ય સંગ્રહ, અર્થ સહિત : અનુવાદક-ગિરિજાશંકર શાસ્ત્રી, પૃ. ૨૧૧, ૦-૧૦-૦; **નાનભટ્ટ બાપા :** કાઠિયાવાડના એક સમર્થ વૈદરાજના કેટલાક જીવન-પ્રસંગો : લેખક-ડૉ. રસિકલાલ જે. પરીખ : બીજી આવૃત્તિ, પૃ ૬૧, ૦-૩-૦; **પંચાંગ :** સંવત ૨૦૦૪નું ગ્રહલાઘવીય શુદ્ધ કાર્તિકી પંચાંગ-વિસ્તૃત માહિતી સાથે : કર્તા-શાસ્ત્રી મિગતરામ મહાશંકર જાની, પૃ. ૭૦ ૦-૬-૦.

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડનાં પ્રકાશનો

મા વિનાનાં : જુદાંજુદાં સામયિકોમાં પ્રસિદ્ધ થએલી ૧૬ વાર્તાઓનો સંગ્રહ : લેખક-બાબુભાઇ પ્રાણજીવન વૈદ્ય, પૃ. ૧૯૩, ૨-૮-૦; **ઘરને મારગે :** યુદ્ધક્ષેત્ર પરથી ઘેર પાછા ફરેલા સૈનિકનું દુઃખભર્યું જીવન આલેખતી પ્રસિદ્ધ જર્મન લેખક એરિશ મેરિયા રેમાર્કની 'રોડ બૅક' નામની નવલકથાનો અનુવાદ : કરનાર-મકરન્દ દવે, પૃ. ૩૦૦, ૪-૦-૦; **પંખીનો મેળો :** 'જનમટીપ'ના જાણીતા લેખક ઈશ્વર પેટલીકરની એક વધુ નવલકથા, પૃ. ૧૮૯, ૨-૮-૦; **પરિભ્રમણ** (ભાગ બીજો): જન્મભૂમિના 'કલમ અને કિતાબ'માં તથા અન્યત્ર પ્રસિદ્ધ થએલાં સ્વ. ઝવેરચંદ મેઘાણીનાં વિવેચનાત્મક લખાણોનો બીજો સંગ્રહ : પૃ. ૨૯૨, ૩-૮-૦.

આર. આર. શેઠ ઍન્ડ કંપનીનાં પ્રકાશનો

નવોઢા : ચિનુભાઈ પટવાની વિવિધ વાર્તાઓનો સંગ્રહ : પૃ. ૨૫૫, ૩-૮-૦; **દાઝેલાં હૈયાં :** મહારાષ્ટ્રના જાણીતા લેખક શ્રી વિ. સ. ખાંડેકરની સમાજના નાજુક અંગને સ્પર્શતી 'જળાલેલા મોહર' નામની નવલકથાનો અનુવાદ: કરનાર-ગોપાળ ગ. વિદ્રાંસ, પૃ. ૨૮૦, ૩-૮-૦; **માનવીની ભવાઈ:** જાણીતા લેખક પન્નાલાલ પટેલની એક નવી નવલકથા : પૃ. ૩૯૫, ૫-૦-૦.

ઇતર

પ્રભુનું ધન : અંગ્રેજીમાં જેની બે લાખ નકલો ખપી ગઇ છે તે, વિખ્યાત લેખક મેરી કૉરેલીની 'ધ ટ્રેઝર ઑવ હેવન' નામની અસરકારક નવલકથાનો અનુવાદ: કરનાર-ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, પ્ર૦-વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ, મુંબાઇ-૨, પૃ. ૨૫૧, ૩-૦-૦; **પથ્થરનાં પારેવાં** અને બીજાં નાટકો : શ્રી ઈન્દુલાલ ગાંધીનાં નવાં અને જૂનાં દસ નાટકોનો સંગ્રહ : મુખ્ય વિક્રેતા, અનંત દેસાઈ માધવજી બિલ્ડિંગ, સૅન્ડહર્સ્ટરોડ, મુંબાઈ-૪, પૃ. ૧૮૯, ૨-૧૨-૦; **સ્વાતંત્ર્ય-પ્રભાત :** આઝાદી, રાષ્ટ્રધ્વજ, ગાંધીજી, ઇત્યાદિને લગતાં સત્તર પ્રેરક કાવ્યોનો સંગ્રહ : લેખક-નાથાલાલ દવે, પ્ર-સંસ્કાર સાહિત્ય મંદિર, જોરાવરનગર, પૃ. ૩૧, ૦-૬-૦; **દુનિયાના દર્શને :** (ભાગ પહેલો અને બીજો): માધ્યમિક શાળાના પહેલા તથા બીજા ધોરણના ભૂગોળ વિષયના પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગી થાય તેવાં પુસ્તકો : પુષ્કળ ચિત્રો સાથે સરળ ભાષામાં : લેખકો-વરધભાઈ લ. પટેલ અને અંબાલાલ અ. ઈનામદાર, પ્રકાશક-વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨ અનુક્રમે ૧-૬-૦, અને ૧-૮-૦; **ઊર્મિલાનું સ્વપ્ન અને બીજાં કાવ્યો :** ગૉડર્ન રિવ્યુમાં પ્રસિદ્ધ થએલા 'ઊર્મિલાઝ સ્લીપ' પરથી રચેલું ખંડકાવ્ય તથા બીજાં કાવ્યો : લેખક-પ્રકાશક ભાઇશંકર કુબેરજી શુક્લ, બંક્ષી શેરી, મોરબી, ૧-૦-૦.